હીટલર સાથે મુલાકાત!



લખનાર :- મીનુ હો. નરીમાન

"હીટલર સાથે મુલાકાત"

લેખક :—

મીનુ હોરમસજી નરીમાન (નેરીયોસંગ)

તે

"મહાત્મા મંચુ મહારીના મહાન પરાક્રમો," "પુછજીના ફજેતા," "ચૌદસનો ચાંદ," "હીટલર સાથે મુલાકાત," "કમબખત કાઉન્ટની કમનસીબ કહાણી," "મારી પેલી દુન્યાની મુસાફરી," "ધી લાસ્ટ ડેઝ ઓફ મહાત્મા મચેરશાહ ઓફ ફણસવાડી" (વાર્તાઓ), "નસીબ," "કનફ્યુઝન યાને ઘોંટાલો," "સંજોગ," "મહોબત-નું-છોબત," "તવંગરીની તકોબરી," "શરાબ" (નાટકો), "કાલા મેંઢાં," "ચલણી રૂપીઓ," "કાકા અને થાકા," "કાઉ કરકા બાલુસ," "અક્કલમંદ બેવકુફ," "બુઢ્ઢાપામાં જુવાની," "જમાઇ કે કસાઇ" (ફારસો) ઇત્યાદી, ઇત્યાદીના કર્તા.

પ્રકાશક :—

મીનુ હોરમસજી નરીમાન.

"રોક્ષાના,"

૧૦૯, કવીન્સ રોડ,

મુંબઇ.

સં. ૨૦૦૪.] — [માર્ચ ૧૯૪૮.

(સર્વ અધિકાર પ્રસિધ્ધ કર્તાએ સ્વાધીન રાખ્યા છે.)

આ પુસ્તકમાં આવેલું લખાણુ યા તેમાંનો કોઇપણુ ભાગ, ચિત્રો, ખેતબાજીઓ વીગેરે પર પ્રકાશકનો કોપીરાઇટ છે, માટે કોઇએ પણુ પરવાનગી શીવાય તેમાંથી કોઇપણુ વસ્તુનો ઉપયોગ કરવો નહીં.

આ પુસ્તકમાં પ્રસિધ્ધ થએલી વાર્તા વાર્તામાંનાં નામો, ખેતાઓ, પાત્રો, કવિતાઓ, ખેતબાજીઓ અને ચિત્રો કલ્પિતજ છે. કોઇ જીવતી વ્યક્તિ ઉપરથી ઉપજાવી કાઢેલાં નથી.

આ પુસ્તક ધી ફ્રેશો-ગર્દ પ્રિન્ટીંગ પ્રેસ, ૧૮, બેંક સ્ટ્રીટ ક્રોસ લેન, કોટ, મુંબઇ મધે મી૦ દીનશા સાપુરજી મસાનીએ છાપ્યું, અને મીનુ હોરમસજી નરીમાને "રોક્ષાના," ૧૦૮, ક્વીન્સ રોડ, મુંબઇમાંથી પ્રગટ કીધું છે.

જરા તમારા કાનમાં.

ખરેખર આય દુન્યા એક અજબ જાતનો ખેલ છે,
આ જીવન, જીવન નથી, પણ વીઠુલ્લ પુરીવાલાનું ભેલ છે—

એવી ભેલસેલ, મારામારી, ખટપટ તથા કાપાકાપીથી ભરેલી દુન્યામાં, આજે કદાચજ આપણે લોકોના મોઢાં હસ્તાં જોઇએ છીયે. બસ, જ્યાં જોવ ત્યાં લોકો ગંભીર ડાચાં લઇનિ ફરે છે. તેવા વખતમાં, લોકોને હસાવવા તથા રીજવવા ખાતરજ, મારા અંગત મીત્રોની સલાહ માની, હું આય મારૂં નવું નાનકડું વાર્તાનું પુસ્તક, "હીટલર સાથે મુલાકાત," તમો મારા કદરદાન વાંચકો આગલ રજુ કરૂં છું, જે પુસ્તક હું લગભગ આજથી ત્રણ ચાર વરસોની વાત ઉપર પ્રગટ કરનાર હતો, પણ મોંઘવારી, લડાઇની મોહકાણ તથા પેપર કંત્રોલની ખટપટને લઇને હું તેમ કરી શક્યો નહીં, એ મારી ખરી કમનસીબી હતી. છતાં પણ હાલના ક્બસ મોંઘવારી તથા પેપર કંત્રોલની જંજાલના વખતમાં પણ ધીરજ ધરી, હીંમ્મત પકડી, હું તમો આગલ આ મારૂં નવું પુસ્તક રજુ કરૂં છું, જે માટે તે પાક પરવરદેગારના લાખોલાખ શુકરાના કરૂં છું.

યસ, ઓફ કોર્સ, મારે પેહલેથીજ સાફ સાફ કહી દેવું જોઇએ કે, હું કોઇ એક મહાન લેખક, કે રમુજી નોવેલીસ્ટ નથી, પણ ફક્ત એક simple, સાત પાણીએ ધોયલો, નવસારી નગરીનો નોશાકરો અથોરનાન છેવું, જે માટે હું ખચ્ચીતજ ઘણો મગરૂર છેવું અને માત્ર રમુજી લેખો વાંચનારાઓને રીજવવા ખાતરજ, મેં આય મારૂં વાર્તાનું પુસ્તક લખી પ્રગટ કીધું છે અને મારી નાનકડી, બીલકુલ કલપીત, ઉપજાવી કાઢેલી ફેંકાફેંકીથી ભરેલી વાર્તામાં પુશકલ છબરડા, ભુલભાલ તથા ખામીઓ તો હશેજ, તે ઉપર આંખ વીચામણાં કરી જવાને હું તમો મેહરબાનોને ખાસ આગ્રહ કરૂં છું.

આ કેતાબ ઘણીજ મુસીબત, મેહનત તથા જંજાલ કીધા પછીથી હું બાહેર પાડવાને શક્તીવાન થયો છું, તેને માટે મારા એકાદ બે મીત્રોનો મારે ખાસ આભાર માનવાનો છે, તેમાં ખાસ આભાર આપણો પેલો જુનો અને જાણીતો રોજીંદો ગોલાબ્યો છાપો "જામે-જમશેદ" ના જુવાન માયાલુ, ઉલતમંદ એડીટર, તથા મારા જાની મીત્ર મી. અદી ફીરોઝશાહ મરઝબાન, બી. એ., જેવણુની માયાભરી પરવાનગીથી, એવણુના જાણીતા કારટુનીસ્ટ મી. યાદેવ પાસે મેં આ ચોપડીમાં રજુ થતાં ચીત્રો પડાવ્યાં છે, તેવણુનો દીલોજાન આભાર માનુ છું, તેમજ વલી હોરન્બી રોડ ઉપરની જાણીતી "ન્યુ બુક કંપની" ના ભલા માલેક તેમજ મારા માયાલુ મીત્ર મી. ફીરોઝશાહ એફ. તારાપોરવાલા, કે જેવણે મને કીમતી સુચનાઓ તથા સલાહ આપી છે, તેઓનો પણુ આ તકે આભાર માનવાની રજા લેવું છું. તે ઉપરાત "જામે-જમશેદ" છાપાના જોડયા માલેક મી. રૂસ્તમજી કે. દારૂવાલાનો પણુ જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

છેવટે હું આશા રાખું છું કે, મારૂં આ નવું પુસ્તક પણુ, મારા આગલાં પુસ્તકો માફક વાંચક વર્ગમાં પસંદગી પામશે, અને જો તેમજ થશે તો, કદાપી ખુદાની મેહરથી કંઇક વધુ સંગીન લખાણો સાથે તમારી સામે ઉભો રહેવાની કોશેશ કરશ, ચાલો સાહેબજી! જય હીન્દ!

"રોક્ષાના,"
૧૦૯, ક્વીન્સ રોડ,
મુંબઇ, તા. ૩૧ મી માર્ચ ૧૯૪૮.

લી. દુઆગો,
મીનુ હોરમસજી નરીમાન,
લેખક તથા પ્રકાશક.

"હીટલર સાથે મુલાકાત !!"

પ્રકરણ ૧ લું.

ભરમ ભારી-ખીસા ખાલી!

નવરો બેઠો નખ્ખોદ વાલે,
આજે કંઇક ને કંઇક વલી કાલે;
મોરની ચાલ જો તીતર ચાલે,
તો જલદી થઇ જાય મોતને હવાલે.

તમો મહેરબાનો સાથે સેવકની સ્હેજ ઓલખાણ.

ખરેખર! ખોદાયજી આય દુન્યામાં આદમીઓને શું કામ પેદા કરતા હોશે? ફક્ટ કાંદા પપેટાની ન્યાત જમાડવા, યાતો ધર્મના ધકેલા ખવડાવાજ તો! જે તમો મારી બાબદમાં બોલેબોલ ને બાલેબાલ ખરૂં પડેલું જોશો.

આપરો માનવંત સેવક મંચેરશાહ ઉર્ફે મંચુ માઇડીયરે, જ્યારથી આય બેકદર, બેસબર, બેઅદબ, દોરંગી ને મતલબી દુન્યામાં જન્મ લીધોછ, ત્યારથી કંઇક હાડમારી, મુશીબત તથા આફતો વચ્ચે, લગભગ ૨૨॥ વરસ પુરાં કરીને ચોવીસમાં વરસમાં દાખલ થયો છે, જેનો હેવાલ લખવા બેસું તો તમો ને હું બેઉ મેડ થયા વગર કદી રહીશું નહીં, માટે ટુંકામાંજ પટાવવાનું હું દુરસ્ત ધારૂં છું, વીગેરે, વીગેરે.

સેવક, જ્યારે માત્ર ૫ વરસનો હતો ત્યારે મારા માયજી તથા બાવાજી એકાએક આય દુનિયામાંથી ક્વીક-માર્ચ કરી જવાથી, સેવક બીલકુલ નીરાધાર બની ગયા, પણ ગરોથમાન બહેસ્ત હોજો મારા એક પુરાં સગાં ફુઇજી આવાંબાઇ ઉર્ફે આલાંફુઇને, કે જેવણે; મને ગધેરીનું ચાલુ દુધ પાઇને હાલ

લગભગ ૨૪ વરસનો ગધેરો બનાવ્યો છે, તે માટે હું એવણુનો જીંદગી ભરનો આભારી બન્યો છું, અને ફુઇજીબી લગભગ ૨૨ વરસનાં "મેરી વીડો" થવાથી અને પોતાને પેટે એક પણુ છોકરૂં નહીં થવાથી, સેવકને દીકરો કરી લીધો હતો. શું મારા ફુઇની તારીફ કરૂં! જો મને જરા કંઇ સરદી થાય કે એક છીંક આવે, તો ડોસાં બધાં દોડધામ કરી મુકે, "તારા પરથી બધી મરી જાંઉ બાવા, એમ કોઇ છીંકે! કાંહ જાંઉ! કોઇ જુરાંને બેમોન્યા બેમોન્યા થશે તો?" ખરેખર, એવાં હેતવંટા અને કદરવંટા aunty dear તો થોડાનાંજ હોશે. May God bless her soul!!!

પહેલેથીજ સેવક શીખવા ભણુવામાં ઘણુાજ બોઢાર હતા, પણુ, વટ કરવામાં તો પહેલે નંબરે આવે, પેલા કહે તેમ "ભરમ બારી ને ખીસા ખાલી" તેમ બસ એરકી ટાઇટ ને ઇચમજીની માફક ચકચકટાં બુટ, સુટ ને મોહં ઉપર પાવડર લગાડીને ફરયા કરતા અને તેબી વરી ફુઇજીની દોલત ઉપર! (જેમ આજકાલના જવાન્યાઓ કરેછ તેમ). સેવક હવે લગભગ ૨૪ વરસનો દાઢી મુછવાલો માટીડો થયશો હોવાથી, ફુઇજીને જબરી અકરવકર થવા લાગી અને નજદીકમાં રહેતા કોઇ એક ચાકલેટ પારસી મીસ્તર, ગુસ્તાદજી બાસલેટની, એકપુરી, નખરાબાંજ દુકતી કુંવરની સાથે મારૂં જબરીથી માથું ઘોઇ નાંખ્યું અને એવી રીતે સેવક, family wayમાં યાને સીંગલમાંથી ડબલ થઇ ચુકા. My misfortune!

તમારા સમ વાત બહાર નહીં જાય. સેવક નાનપણુથીજ મોજશોખના ઘણુાજ પુજારી હતા અને ફુઇજીએ પોતાની લાગવગથી એક "Hair Cutting Saloon" ખોલાવી આપ્યું, પણુ તેમાંબી સેવકે કંઇ પણુ સુખ જોયું નહીં. એકાદ બેન્કમાં રાખ્યો, પણુ ત્યાંબી સેવક ચાલુ ગેરહાજર રહેવાથી પાનીચું મળ્યું, જે પરથી મારી હાથની ઘર્તી કુંવર તથા ફુઇજી મારા ઉપર છેડાતાં અને તક મલે ત્યારે મુવા ને ભસ્તેગીયા કરીને ફુઇ મને સોજ્જામાની ગાલોથી ઘોઇ નાંખતાં. Really, મંચુ માઇડીઅર ઓફ બેલાડં પીઅર, you are a damn lucky fellow; જે નસીબદાર હોય તેજ ડોસાં ડગરાંઓને હાથે ગાર તેમજ માર ખાય વીગેરે.

પ્રકરણ ૨ જું.

ઉફ્! જુદાકી જરમન, છે પાજી તુંજ નામ,
ખોખરા કરવા તુને આવુંછ તારે ગામ.
મકદુર શું કે "હીટલર" કંઇ ચેંચી કરે,
ગોએરીંગ એનાં વરસ વેચી મરે.

સેવકે ગુસ્સામાં આવી જઇ શોધી કાધેલો નવો ધંધો. છેક જરમની તરફ વેપાર કરવા સારૂ સેવકે કીધેલી કુચ. પણ પરીણામ શું આવશે તે તો અલ્લાહ જાણે!

એક દિવસ, ભીખા બહેરામનાં કુવા પરની મારી બેઠ્ઠા બેકાર કલબમાં બેઠાં બેઠાં વાતચીત કરતાં મારા એક મીત્ર સોલુ સેડોએ મને કેઠે બાહરગામ જઇ, કંઇ ધંધો કરવાની બલામણ કીધી. "દીકરા! અહીં મુંબઇમાં ગઅરી રહેવાથી કંઇ તારો શુકરવાર વલવાનો નથી અને ખુદાય રાખે તારા ફુઈ પાસે સારા પૈસા છે, તે થોડાક ઉધાર લઇ, હીંન્દુસ્તાનની પેલે પાર જઈ, કંઇ ધંધો કાંય નહીં કરતો?

મારા દોસ્ત સોલુનો idea મને ઘણો પસંદ પડયો અને ઘરે જતાંની સાથ, કુંવર તથા ફુઇજી આગળ એ મારો superfine idea રજુ કીધો. "ફુઈઆંય, એઅલ્બી માફ છે કે મને અત્રે મુંબઈમાં કોઇપણ નવો ધંધો હાથ નહીં લાગવાથી મેં આજથી એવો મક્કમ વિચાર કીધોછ કે મારે હીંન્દુસ્તાનની બાહર જઇ વસી, ને કંઇબી નવો ધંધો કરવો અને........

"ઓ વાય મરેરે! પણ બાવા, એ પવન એકાએક કાંહથી તારા ભેજામાં ભરાયો! અહીં ધંધા કરીને પરવાર્યો, તો વરી બાહરગામ તે શું ધંધો કરી મરવાનો હતો! પણ હું એમ પુછું કે તું કાંહ સંતાવવા માગેછ અને વલી નવો તે શું ધંધો કરવા માંગેછ?" ફુઇજીએ સવાલ કીધો.

"તે છેતે કે વાત એમ છે my darling aunty, કે હું જર્મની જઇ એક Indian curiosની દુકાન ખોલવા માંગુછ, જેવી કે, મારી કુંવર, તથા તમારી થોડીક ઘાટપોટની ઇજાર, હાથે ભરેલી કોરો, પાણીના અચાર, વીગેરે વીગેરે અને ફુઇજી, જો ખુદાનું ચાહવુ હોશે તો થોડાક વખતમાં, હું લાખો

રૂપીઆ કમાઇ, મુંબઇ પાછો આવી, તમો સર્વને અમનચમનમાં રાખશ. બાપના સમ! પણ તેટલાં તમો મને થોડાં દોઢયાંની મદદ નહીં કરો ફુઇજી માય!"

હજી કંઇ વધુ આગળ બોલવા જાંઉ, તેટલા ફુઇજી વચમાં બોલી ઉઠયાં, "એ ચક્કર છાપના ધાસલેટ, તું ચાલ્યો ચાલ્યો છેક જરમની કયાં જવા નીકળ્યો? શું તુંને અત્રે કંઇ કામ ધંધો હાથ લાગતોજ નંથી? ભલે તારે જવું હોય તો જા, પણ મારી એક સલાહ માની, સાથે કોઇ આપરાં સગાંવાહલાં કે દોસ્તદારને લેતો જા, કે દુઃખે સુખે કામ લાગે, નહીં તો પારકા મુલકમાં તુંને કાપીબી નાંખશે તો ત્યાં સરોષ તુંને કેમ પહોંચશે! અમે અહીં જાણશું તો ઉઠીયાણું ચાહરમબી કરાવશું અને પપેતબી ભણાવશું. પણ ત્યાં કોણ તારી ચાર દાહડાની ક્રીયા કરવાનું!!!"

વ્હાવવાજી! વ્હાવવા! શું મારા હેતવંતા અને કદરવંતા ફુઇજી છે! ખરેખર, ફુઇ હોય તો એવાં જ હોજો! પેલા કહે તેમ "ફુઇ ને કુવે પડીને મુઇ!" પણ ફુઇજી, ખુદા ખાતર તમે કુવામાં નાં પડતાં, નહી તો હું સાવ બાપલા વીનાનો થઇ જવશ જો! ધણું જીવજો અને ધણું દુઃખ I mean સુખ જો જો, એકસેતરા! એકસેતરા!"

અને અહીં ફુઇજીની સેમીકોલન સાથે મારી કુમલા ભીંડા જેવી સુખ દુઃખની સાથી કુંવરે કપાલનો ચીલ્લો ચઢાવી બોલવાનું શરૂ કીધું, "ઓછી પીડા! પણ આય મુવા ચોકલેટ પારસીને કોઇ પુછે? ચાલ્યો ચાલ્યો જર્મની કાંય ધસરાઇ તણાઇને જવા નીકલ્યોછ! તમુંને અત્રે કઈ કામધંધો હાથ લાગતોજ નથી? સેવ પાપડ કાંય નહી વેચતા? જરીપરાણાવાલાનો ધંધો કાંય નહીં કરતા? જોવ મંચેરશાહ, હું તમોને સાફસાફ કહી દેઉંછ કે તમુંને હું એખલા જર્મની તો શું, પણ બીલીમોરા કે નવસારીબી જવા દેવાની નથી. મને શું છેકજ ચાંપવાલી રબરની ડોલી બોલી સમજ્યા? અરે અહીંબી દમણની ખારીનું ખારૂં પાણી પીધેલું છેજો! ને તમારા પેલા ૬ પોશાગીર સાલાઓને ઓલખોછ કે? મારી તો તમોને જરમની મોકલવાની મુદ્દલ ખુશી નથી, છતાં દીવાલીના છમણાં પેરે તમે ત્યાં તણાઇ જવા માંગતાજ હોવ, તો કોઇ સગાવાહલા કે દોસ્તદારની જોડીને સાથે લેજો, કે દુઃખે સુખે કામ લાગે અને વલી ત્યાં જો તમારૂં બનપાંઉ જેવું નબલું હાર્ટ બેસી જાય, તો વલી ગેહ સારવા ઉભાબી રહી જાય! વેલ તમે જરમની જાવ કે જહાંનમ જાવો, પણ મારા ભરણપોષણનું શું? અહીં મારૂં પુરૂં કોણ કરશે; તમારો

બાપ બનેવી કે? થોડું બોલવે ઘણું સમજી મરજો અને અક્કલ વેચી ને ચના ના ખાતા, સમજ્યા કે?"

"આફ્રીન છે કુંવર, મારા તરફની તારી આવી લાગણી માટે દસ હજાર આફ્રીન છે; પણુ કલેજાં, તું આટલી બધી આવરી બાવરી કાંય બનેછ? તારૂં જીંદગી સુધી ગુજરાન કરવા આપરા પારસી લગન મરણુ અને મેત્રીમોનીયલના કાયદા મુજબ અહીં જીવતો બેઠેલો છેવું અને ધાર કે હું મરીબી ગીયો, તો તુંને શું ખોટ જવાની છે! તું તો ચપ દેતી કે પાછી પરણી બેસે તેમાની એક છે," મેં કુમલીને થંડી પાડતાં કહ્યું. "તું ના ફીકર કર માયલાં, દર મહીને હું તારા ઉપર ઘર ખરચ માટે સારી જેવી રકમ આલુનાં પાતરાંમાં બાંધી મની ઓર્ડરથી મોકલી આપશ, so why worry, મારા જાન! એમ તોપલે ને સુપરે રૂપીયા તો આવશે. બસ પાન ચાવે તેમ ચાંદીના રૂપીયા ચાબ્બાજ કરજેની, why do you afraid?"

જેમ તેમ સમજાવી પટાવીને કુંવરને થંડી પાડી અને ફુઇજી તરફ ફરીને મેં કહ્યું, "મારા મુંગેમોંઢેનાં ગરીબ ગાય, માયતોલના ફુઇજી, મને ધંધો કરવા સારૂ એક રૂ. ૫૦૦૦ તમો નહીં ધીરો! હું કમઇને, બાપનાબોલે, સઘલા પૈસા તમોને પાછા વ્યાજસીકકે ફેરવસ અને ધારો કે તેમ નહીં બને તોબી શું ફીકર? હવે તમો જીવી જીવીને કેટલાં વરસ જીવસો અને મારા સીવાય તમારૂં બીજુ ખાનાર પીનારબી કોણુ છે?"

"જો મુવો લાયકીનું ખોરચું બોલ્યો તે! મુવા તારે એનો માયનો એમ થાયછ કે પૈસાને ખાતર તું તારાં ફુઇની મરવાની વાર જોયછ! ભલા કાજે દીકરો કીધો. જો કેઠેના દુવાર, હું આજકાલ તો મરવાની નથી અને સો વરસ પુરાં કરીને જવશ. વારૂં ચાલ, જ્યારે તું આટલી બધી આજીજી કરેછ તો મારા તરફથી તુંને રૂ. ૧૦૦૦૦ આપશ. તારા જીવ કરતાં કંઇ જાસ્તી છે કલેજાં!. મારા પછી એ બધું તારૂંજ થવાનું, તો કાંય નહીં"........ ફુઇએ મને સધ્યારો આપ્યો.

"ઓ થેંકયુ આન્ટી ડીઅર! થેંકયુ સો મચ! It is very sweet of you. May your soul rest in peace! Amin!

"પણુ બાવા, એ તું બધું અંગ્રેજીમાં શું ફસ ફસ બોલી ગયો, કંઇ સમજ પડે?"

"એ તો માયજી ખોદાયજી પાશે દુવા માંગી કે જીવતાં રહેજોને ઘણું ઘણું સુખ જોજો! વીગેરે વીગેરે" સેવકે ખુલાસો કીધો.

"કપાલ તમારા બાપનું! બધી વાત તો બાજુ રહી, પણ હું એમ પુછું મંચેરશાહ, કે તમો સાથે કોણને લઈ જવા માંગોછ?" કુંવરે સવાલ કીધો.

"વરી કોણને! તુંને નહીં તો શું તારા બાપ બનેવીને?"

"નહીં બા, હું તો મરતાંબી અહીંથી જવાની નથી. તમારે જોઇએ તો તમો ફહરાવ, જોઇએ તો કોઈ બીજાને સાથે લઇ જાવ, પણ મારા નામ પરતો પુરોજ મુકજો."

"ઓછી પીરા, તું તો હંમેશની રડતી ચનાવાલીજ રહી ગઇ. ભલે જો એમજ હોય તો લાવ, હું મારો માસીનો દીકરો ફલી જંબુસરચો, કે જે આજે વરસો થયાં બેંન્કમાં માસીક આના ૮૦૦ ને પગારે નોકરીએ સબડયા કરેછ, તેને પુછી જોતે. ફલીઅંદો તો મુશાફરીનો શોખીન, એટલે વગર ખરચે જરમની જવા એકકે બોલે જરૂર કબુલ થશે. (મફતનાં મરી કોણને નહીં ભાવે?) ને પેલો મારો દોસ્ત સોલુ સેંડોબી જરૂર મારી સાથે આવશે, કે સુખે દુઃખે કામ લાગે, તથા સરસામાન સાફસુફ રાખે, ફરીને મેં આપરા નોકર જીવણુંનેબી સાથે લઇ જવાનો ઠરાવ કીધોછ. હવે તારો જીવ ઠંડો પડયો કુંવર?" મેં મારા તરફથી બે બોલ કહ્યા.

"પણ મંચા, જો તુંને કંઈ વાંધો નહી હોય તો મરૂં હુંબી તારી સાથે જરમની આઉં! તારા બહેસ્તી ફુવા ફરદુનજી રોજ કહેતાતા કે આલાં, હું એક દિવસ જરૂર વેલાયતની મુસાફરીએ જવશ, તે બીચારા પોતાનો ઓરતો પુરો કરે તે પહેલાં તો બ્હેસ્ત મુકામબી પામી ગયા. તેંમ મારા દાખલામાંબી બને તેની ખાત્રી શું? પેલા કહે તેમ માંય જીવ્યા કરતાં જોયલું ભલું!" ફુઇએ પોતાની ખુશી બતલાવી.

"જરૂર આવો, મારી આંખનાં જોરે આવો! તમારાં પગલાં કોણને ત્યાં છે? ઉલતાં તમે મને કામ આવશો અને મારા ધંધા તથા ઘર ઉપર દેખરેખ રાખી શકશો."

ખુશાલીમાં આવી જઇ, મેં દોસાંને દાબીને બગલગીરી કીધી અને ખાંધે મારી આખે ઓરડે ફેરવ્યાં, જે ઉપરથી ફુઇ બોલ્યાં, "અરે બાવા, એ શું નાદાની કરેછ? રખેને મને ફેકી દેતાં મારા હાડકાં પાસરાં ભાંગી જાય, અને મને જરમની જવાને બદલે ઇસ્પીતાલમાં જવું પડે? ખુદા કોઈ દુશ્મનનેબી એવું નહીં બતલાવે જો!"

મારા સગા ફૂઈ જંબુસરીવાને બોલાવી એને બધી વાતથી વાકેફ કીધો અને એતો એક બોલે મારી સાથે જરમની જવા કબુલ થયો. સોલુ સેંડાએબી પોતાની મોટી ખુશી બતલાવી અને મારા નોકર જીવણુંને પુછતાં તે તો માથુ ધવડતાં કાંસકુસ કરવા મંડી ગીયો, "એ શું બોબો મંચી છેટ? તમોએ કંઇ છપનો નથી જોયોને? તમારા છંમ મને તમારી છાટે ઓલું છું, જરમની, જરમની, જવા બહુએ ગમતુંસે. પણ મારી મંગલી ને પોયરાઓનું કેમ? મારી મંગલી તો કહેતી છે કે હું તો બા તમારી છાટેજ આવવાની. તમો મછાંનકાંથે જછો, તો તાંબી છાતેજ આવવાની! મારે હવે કરવું શું તે કાંઇ છમજ પડતી નહીં, અહુવે!"

"Let me tell you જીવણુ, કે તું પેહલા નંબરનો big ગધેડો છે."

"હું ગધેડો! ત્યારે શુ મંગલી ગધેડી! મારી નાંયબારે મારા બાપ આ છું"........

"એમ મરદ બચ્ચો થઇને બઇરીની ગુલામગીરી કોઇ કરેકે? બઇરાંઓને તો ખાસરા તરેજ રાખવા જોઇએ! ભલે તું કેકનો ગુલામ થજે, બુરનો થજે, ફ્લાવરનો થજે, ડાયમંડનો થજે, પણ કોઇ કાલેબી બૈરીનો ગુલામ તો નાંજ થતો," સેવકે સલાહ આપી.

"લેવ રાજા બોલ્યા ને ડાહરી હીલી! મંચેરશાહ, તમે કંઇ મનમાં ખાંડ બાંડ ખાતા નાં. તમો બઇરાંઓને સ્વરાજ મલવા દેવ, પછી જોવકે તમો માટીડાઓને કેમ આંગલી ઉપર નચાવ્યેચ તે! આગલો જમાનો ભુલી જાવ, શું સમજ્યા?" કુંવરે ઉભરો ખાલી કીધો.

"બાપુજીનેબી શું કહું! કાંહને કાંહ બઇરાઓનાં મસ્તક ફેરવી મુક્યાં," એમ મનમાં બબડતાં જીવણું તરફ નજર કરી હું બોલ્યો, "તું ફીકર નાં કર જીવણું, મારી કુંવર તારાં બઇરી બચ્ચાંઓને જોશે. પછી કંઇ છે! ચાલ તું મારી સાથે મારકીટ આવ તુંને સોજ્જાં કપડાં ચપડાં અપાંઉ."

"કોણ નાં કીહે છેવક તમારો તૈયાર છે." જીવણુંએ ડોકું ધુણાવ્યું.

પછી અમે લોકો કપડાં ચપડાં લેવા મારકીટ ગયાં. સેવકે, ફલીએ, સોલુએ તથા જીવણુએ "Laffans" માં નવા સુટો તથા ખમીશો સીવાડવાના ઓર્ડરો આપ્યા તથા "Whiteaway" માં જઇ, નવી Sola hat તથા ફેલ્ટ

ટોપીઓ લીધી. (અમારે ખરચે નહીં પણ ફુઈજીના ખરચે) બસ, કોણના બાપની દીવાલી! ઉડાવ દોસ્ત લાલ વાવટો (મફતનાં મરી કોણને નહીં ભાવે, હરામકા ખાના કોણ નહીં ખાવે!) ડોસાંએ "હોરમસજી એન્ડ સન્સ"ને ત્યાંથી ઈજાર માટે થોડાક વાર કપડું તથા કાડાંધાટી બે ચાર સાડીઓ લીધી, જે જોતાં ફુલીએ કંઈ બીજી એરકી સાડીઓ લેવાની ફુઈજીને આજીજી કીધી, તો ડોસાં તેના ઉપર ઉલટીજ પડયાં "ચુપ, મુવા મરધા! અમારાં બેરાંઓના કપડામાં તમો માટીડાઓ શું સમજો! બસ જેમાં હોય તેમાં નાખ્લે મોંઢે ટકટક કરવાની ખરાબ આદતજ પડી ગઈછે! પેલો આપરો કબીર શું કહી ગ્યોછ.

પાસ હુવે જર તો ચાહે સો કર,
પાસ ન હુવે જર તો ટકટક મટ કર.

"બરાબર છે ફુઈજી માય, એ પારસીને જેમાં હોય તેમાં માથુ મારવાની બીલકુલ ખરાબ આદત પડીછ. હું તમારા બોલવાને મારા તરફથી દીલોજાન ટેકો આપુછ," સોલુ ડાહયો થયો.

લેવ માય ઉસાની જગ્યાએ મુસા બોલ્યા! ત્યારે સમજ એ સોલુ ડાબા કાગરા—

પીરતે હય મસ્તક મેરા, કરો મત સોલુ હેરાન,
જાસ્તી ટીકટીક મત કરો, નહીંતો (ખાસડેસી) કરેંગા એજાન.

ફુઈજીને આવાં ટપેલાં જોઇ, બરડો પસ્વારી, થંડો લેમન પાઇ, થંડા મીઠાં, કરી, ગોદરૂં ઓધારી સુવારી દીધાં અને હમો પણ ગોદરૂં ઓધીને સુઈ ગયા (હંમેશ ને માટે નહીં જો?).

પ્રકરણ નંબર થ્રીઇઇઇ!

"વહાણની સફર અને અક્કલની કસર."

મોલ સ્ટેશન તરફ જવાનો રસ્તો લીધો,
પણ હાય નસીબ હમારાંએ દગો દીધો.
સ્ટીમરમાં એકાએક પડયું મોટું જેવું ગાબડું,
તોબી કપટાન કહે મીસ્તર તુંમી નકા ગાભરં!

"ગીયાં તવડી ને આયા રવડી."

જનતી ઉતાવલે અમો જરમની ઉપડી જવાને સારૂ બધી દોડધામમાં પડયાં. ફુઇજી રાસ ટપકામાં ઘણું માનનારા હોવાથી જીવણું પાસે અમો સર્વના ટપકાઓ પેલા રાસ ટપકા જોનાર જાણીતા ને લોક માનીતા જોતીશ મહારાજ બેરામ ભરૂચા ઉપર મોકલી આપ્યા, જેઓએ કુંડલીનાં ફલો જોઇ કરી, આવતી અમાસનો દીવસ સૌથી સારો અને મુરતનો દીવસ હોવાનું અમોને જણાવ્યું, જે સાંભળતાં ડોસાં છછની પડયાં "કપાલ એના.........! કોઇ અમાસને દાહડે બહારગામ જાય કે? લાવ મરૂં મંચા તું જરા મારા ઓરડામાંથી પંચાંગ લઇ આવ, હું મુરત જોઇને તુંને ઓય દેતી કે કેહું. એમતો બાવા મેંબી નસીબ જોઇને ઘણુંઓનાં રૂવાનો રખડાવેલાં છે."

ફુઇનાં ઓરડામાં જઇને પંચાંગ એવણુને લાવી આપ્યું, જે પરથી ફુઇએ ઉપડવાને સારૂ ચાંદરાતનો દિવસ નકી કીધો અને તે મુજબ હમો ગોઠવણુ કરવા મંડી ગયા, જે સાંભળતાં કુંવર વરી પાછી ફફરી ઉઠી." ત્યારે મંચેરશાહ અંતે તમે જાવોછ ખરા, નહીં વાઇ? ભલે જોઇએ તો જરમની જાવ કે ભસ્તે જાવ, પણુ દુધવાલો, પાંઉવાલો, હજામ, ધોબી, દરજી, બધાંઓના ચચાર મહીનાઓના બીલો ચડયાંછ, તે કોણુ ચુકવશે, તમારો કાકો કે? તમો તો એમ ચીંગા મીંગા થઇ ચાલ્યા જશો, તો પછી મારી શું હાલત!"

"અરે પણુ હું કાંહ જાથુકનો જાઉંછ, યાતો કે ધપી જાઉંછ, જે તેની વાત! જે લોક પૈસા માંગે તે લોકોને ખુલ્લે ખુલ્લું કહેજે કે શેઠ બાહરગામ ગીયાછ, આવીને તમારા પસા ચુકતે કરશે. એટલીબી તારામાં sense છે કે નહીં? Let me tell you કુંવર કે તારામાં ભેજું છે પણુ અક્કલ નથી. Oh! You women are simply,........."

"ને જોવ મંચેરશાહ જરા સ્પાન સલુકાઇથી અને આબરૂ ઇજ્જતથી વરતજો. તમારી બુરી ચાલ પ્રમાણે વરી પોરીઓની પાછલ દોડતા ના અને તમારા પેલા કઝીન ફલીથી જેટલા દુર રેહશો, તેટલું તમારા લાભમાંજ છે, કારણુકે એ મુવો બટકો, ચાલનો પાધરો નથી ને મને ફીકર લાગેછ કે રખેને તમોને બીગાડે. મને કહશો, કે કીયો માટીડો વીલાત ફરવા ગીયોછ, તે કોઈ મુઈ ચોટલાબરી ગોવેગરીને પરણી અને હાથમાં એકાદ Calender (બચ્ચાં) વગર પાછો ફર્યોછ?"

"અરે પણુ ડાલીંગ કંઇ બધાંજ આંગલાં સરખાં હોયછ, એમ તો કંઇક........."

"હા, પણ એટલુ સારૂં છે કે પુઇજી માય તમો લોક સાથે છે, કે જરા તકેદારી અને દેખરેખ રાખી શકે, નહીંતો તમો બન્ને જણાઓ તમારી જાત ઉપર જ્યા વગર રેહતેજ નહીં. ચાલુ મારા ઉપર વીગતવાર કાગળ લખ્યા કરજો અને દર હમકારે, તમારા રીવાજ મુજબ, કોઇ અગ્યારી કે આતશબહેરામ જરૂર સુખડ ચઢાવજો."

"જરૂર ચઢાવશું! બાપના બોલે ચઢાવશું! (પણ જરમનીમાં કંઇ આતશ-બહેરામ કે અગ્યારી બરયાં હોય તારે કેની!) ને તું કહેતી હોય તો તારે નામની રોજ પપેટ ભણુશ, કે ખોદાયજીએ મારે ગલે કહાંથી એવી બલા ઓરવી?"

"ને મરૂં જેવા તમે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન ને આંય પપેગ્રા જેવા સોજ્જાં નાક સાથે સીધારોછ, તેવાજ હસ્તા રમતા પાછા ફરજો. જાવ મરૂં ફતેહ કરો! ટટા, ચીઅરીઓ. કુઉઉઉ!!"

"થેંક્યું મારા કલેજાં, થેંક્યું મચ મચ for your ગુડ wishes" મેં કુંવરનો આભાર માન્યો.

બનતી ઉતાવલે પુઇજીને એક સોલીસીટર આગલ લઇ જઇ એવણનું વીલ મારી તરફેણમાં કરાવ્યું, તેમજ અમો સર્વ જણના વીમાઓ ઉતરાવ્યા અને પછી 'P. & O.' કંપનીની આફીસમાં જઇ, સર્વ જણની (પુઇ, ફલી, સોલુ, સેવક તથા જીવણુંની) 1st classની સીંગલ પેસેજ લીધી, જેનો સઘલો ખર્ચ પુઇને માથે ચઢાવ્યો.

જરમની તરફ કુચ કરનાર અમો પેહલવેહલા પારસી, ને તેબી વરી જરથોસ્તી પારસી (વાંસદાવાલા નહીં જો!) હોવાને સબબે, પારસી કોમ, તેમજ શહેરમાં ઘણો ઉત્સાહ ફેલાયો. પારસી કોમ તરફથી પારસી પંચાયત હસ્તક અમોને માનપત્ર તથા પુલપાન એનાયત કરવામાં આવ્યાં અને અમારે બંગલે બધી દોડધામ તથા લોકોની આવણજાવણ શરૂ થઇ.

છાપાના પ્રતીનીધીઓ interview સારૂં ત્યાં બંગલે આવી લાગા અને તે લોકને interview આપવા માટે, મને ઘણું દબાણ કીધું અને આખરે નછુટકે, મેં તે લોકોની અરજ કબુલ રાખી, નીચલો ટુંક interview આપ્યો:-

બીરાદરો—

તમો સર્વ સારી રીતે જાણો છો કે જરમની તરફ પેહલવેહલા પારસી

તરીકે જનાર, હમો લોકો છેયે. હમારી મુલ મતલબ, જરમની તરફ જવાની ધોધા અર્થે છે અને એ ધર્તી ધ્રુજાવનાર 'હીટલર', તું જાણીને ધ્રુજ કે અમો બસ્તે કુસ્તીબાનો તારા દેશમાં આવી, અમારો ધંધો રોજગાર ચાલુ કરી, ત્યાં રહી મુકી, ફાવે તો એક પારસી કોલોની સ્થાપવાનો ઇરાદો છે અને......

"જેમ પેલો બહમન બનાજી, ઉરનમાં એક પારસી કોલોની સ્થાપવાનો હતો તેજ માફક કે?" 'જામે જમશેદ'ના રીપોર્ટરે સવાલ કીધો.

હમો હીટલરને બતલાવવા માગ્યેછ કે ફક્ત જરમનીમાંજ કાંઇ ભેજાં નથી, પણ ખુદ હીન્દવાસી અને તેબી વરી પારસી જેવી નાની કોમમાં પણ પડેલાં છે. (હીઅર! હીઅર! ના અવાજો) હમારી સાથે ૬૦ વરસના મારાં ભરજુવાન 'બેરી વીડો' ફુઇ, મીસીસ આવાંબાઇ અડગરાબી જનાર છે, જેવણ હમોને હમારા ધંધામાં મદદ કરી, ત્યાંના લોકોને હીન્દી તેમજ પારસી વાણીઓ, જેવી કે વરઘવરાં, ચપટાં, કરકરયાં, કેરવઇ વીગેરે, વીગેરે, શીખવવાનો ઇરાદો રાખેછ. હમો તમો તરફ હમારા Progress વીશે ચાલુ લખતાં રહીશું, તેની ખાત્રી રાખજો. વંદે માતરમ! હીંન્દુસ્તાન ઝીંન્દાબાદ! જય પાકીસ્તાન! સીકીસ્તાન! રાજાસ્તાન! વીગેરે, વીગેરે.

બીજે દીવસે સહવારના "જામે જમશેદ" તેમજ બીજા છાપાઓમાં અમારો ફોટો તથા interview પાયદસ્તની કોલમની બાજુમાં છાપવામાં આવ્યાં હતાં, જે ઉપર નજર પડતાં ડોસાં બોલ્યાં, "મરરે! એ મુવા છાપાવાળાઓને કોઇ પુછે? જાણે આપરી પાયદસ્ત છાપતા હોય તેમ ફોટા સાથે હેવાલો સાના છાપ્યા? આપરાં નામ પરથી બધું ઓવારયુરે!!"

હમારી રવાનગીની ખુશાલીમાં હમારા સગાવાહલાં, દોસ્ત દુશ્મનો તથા હેટના કટકાઓએ, 'હલાઇ બાગમાં' એક જાહેર ખાણું કરી હમોને માન તથા શોભા આપી, 'Bon-Voyage' તથા 'હરતાં રમતાં પાછા ફરજો.' કરીને દુવાઓ ગુજારી. બદલામાં હમોએ પણ તે લોકોને, મારાં ફુઇને બંગલે, એક ખાણું આપ્યું અને મારી બાજુમાં બેઠેલી મારી પેલી સગી 'કુમી કોકટે,' મને પુછ્યું, "તમે અચબુચ જર્મની કાંય નીકલ્યાછ જવા?

"તારૂં, ને તારા બાપનું માથું ફોડવા?" મેં જવાબ આપ્યો.

બધી સલામતીઓપર સલામતીઓ લેવાઇ અને હમારી તારીફો ઉપર તારીફો થઇ, જેના જવાબો આપતાં હું ધસાધસ રડી પડયો, જે જોતાં

ડોસાંનો જીવ સુંગાયો, "નોંરે મરૂં! એમ કોઇ સારે સપોરમે દાહડે આખ-પાણી કરે, ને અમસો પોતીકો જીવ બગાડે કે?"

"શું કરૂં ફુઇજી, નાનપણુથીજ મારૂં હૈયું પોચ્ચું, તે જરા જરામાંજ મારાથી રડી પડાયછ. આય બધાં લોકોથી છુટટાં પડવાનાં વિચારથી જાણે મારા કલેજાં કપાઇ જાયછ."

"કંઇ નહીં મરૂં, તું ઘેરે ચાલ, ને હું બે ચાર ગોટ બ્રાન્ડી પાવશ કે પાછો તુંને હુસ્યારી આવી જશે, દાઢી મુછવાલો થઇને એમ કોઇ ભર લોકમાં બચ્ચાંની કાની રડે કે? ચાલ હવે ઘેરે જઈ, ગોદરૂં ઓઢીને સુઈ જા, અને સહવારના હસ્તો રમતો ઉઠજે." ફુઇજી એ મને સમજાવી પટાવી સુવાડી મુકયો.

અંતે સેવકનો ઉપડવાનો દિવસ આવી પુગ્યો અને તે સબકતો દિવસ આજનો હતો, કે જે દિવસે સહવારના ચાર વાગતે ઉઠી, ફુઇએ બધી દોડધામ અને ગડબડ સરબડ કરી મુકી. પાંચ વાગામાં તો ગોયનોએ દરવાજે બેસી, ભેંસાસુર અવાજે "સખી સુરજ ભલે ઉગે આવેરે, કે આવાં ડોસાં મુસાફરીએ જાવેરે" કરીને ગાવા માંડયું, અને જાણે એટલું ઓછું હોય તેમ સાંમેની બાજુએથી નાનખટાઇ બેન્ડવાલાઓએ 'ભોં ભોં!' કરીને વજાડવા માડયું અને સાથે કુતરાંઓએ ભસીને આખ્ખો મોહલ્લો ગજાવી મુકયો. અવાજ થવાથી સેવક પણ જાગી ઉઠયો અને આંખ ખોલીને જરા ઓરડામાં નજર કરૂં, તેટલાં ડોસાંએ ત્યાં આવી, મને ઉઠી નાહી ધોઇ સેવ દહીનું મીથ્થું મોહું કરી અગ્યારીએ સુખડ ચઢાવી આવવાનો હુકમ કીધો અને 'head-quarters' તરફથી મલેલા હુકમને તાબે થયા વગર સેવકનો છુટકોજ નહીં હતો.

અગ્યારીથી પાછો ફરતાં જોઉંછ તો બધાં સગા વાહલાં દોસ્ત મીત્રો, મોટી સંખ્યામાં અમારે બંગલે મલવા આવવા લાગાં. તેમ તેમ, ફુઇજી તો ઓછાં ઓછાં થઈ જતાં અને બધાને ગલે વળગી વળગીને કોટીઓ તથા બગલગીરીઓ કરતાં કરતાં, બીચારાં થાકી ગયાં. લગભગ ૧૦ વાગાને સુમારે હમો ગાડીઓમાં બેસી, 'બેલાર્ડ પીયર' (મોલ સ્ટેશન) તરફનો રસ્તો લીધો અને બધાંઓએ પણ મોટરગાડીઓમાં અમારી પાછળ પાછળ આવવા માંડયું, જે દેખાવ કોઇ જાણીતા આસામીની પાયદસ્ત જતી હોય, તેવો ખ્યાલ આપતું હતું.

આખરે અમો 'મોલ સ્ટેશન' ઉપર આવી પુગાં કે જ્યાં પણ લોકોનું એક મોટું ટોલું અમોને આવકાર આપવા રાહ જોતું ઉભું હતું. ફલુ તથા સોલુ સેંડોબી પોતાના કુટુંબ સાથે આવી પ્હોંચ્યા, અને એકમેકને મલવા

ભેટવા, તથા કોટા ફીસી કરવાની Ceremony, તથા ફુલપાન આપ લે કરવાનું શરૂ થયું, પેલી મારી સગી 'કુમી કોકડી' ફુઇને ઓવારણાંપર ઓવારણાં, તેમજ બગલગીરી કરતાં બોલી, "ફુઇજી માંય, આગબોટ ઉપર બહુ સંભાલીને ફરૂ હર કરજો અને તુટક ઉપર ભણવા બેસો ત્યારે ખુદા ખાતર, અંદરથી રહેજો અને બીલકુલ દરીએ ડોકાવતા નાં, નહીં તો ચક્કર આવવે કદાચ દરીયામાં તમો તુટી પડશો તો અમારે માથે........"

"ચુપ મુઈ, હવે ઘણી ડાહી ફાગરી નાં થા. મારા જીવની સંભાલ કેમ લેવી, તે મને બરોબર ખબર છે. જો મુઇ આટલી સરખી મને શીખામણ આપવા આવી તે!" ફુઇએ કુંમીની જાટકણી કાઢી.

એક બાજુમાં ફૂલી તથા સોલુની બૈરીઓ, તેઓને કોટા ફીસી કરી, બોર બોર જેવા આંશુઓ પાડી, રડી, તતરી, બધું ગોધ્યારૂં કરી મુક્યું. તેટલાં મારી કુંવર, એકાએક મને વળગી પડતાં બોલી, "અંતે તમો એકલપેટા પારસી, મને તવલતી મુંકી જાઓછ ખરા! કંઇ નહીં. ખોદાય મારી સંભાલ રાખશે! હું કેવું ઇચ્છુંછ કે ખોદાય કરીને હજુ તમો જતાં અટકો, ને મારી દુવા ફલે!"

"જોયું બાપુ! બઇરી હોય તો એવીજ હોજો! ઉપડતી વખતે પોતાના માટીને કેવી સારી અને ભલી દુવાઓ દેછ તે!" મેં જરા રતી બલાપો કીધો.

બીજી બાજુએ જોઉંછ તો મંગલી જીવણાંને બગલગીરી કરતી ઉભી હતી અને તેના પોર્યાએ ધોતીયામાંથી ખેંચતાં, જીવણાંનુ ધોતીયું છુટી જતાં, બધી તાંહ હસાહસ થઇ રહી. ગરીબ બીચારો જીવણો!

આખરે અમોને 'Medical–examination' માટે જવા સારૂ કેહવામાં આવ્યું, કે તુરત પાછી બધી કોટા ફીસી ને રડારોડ શરૂ થઇ. જે દેખાવ જાણે હમો બોટપર ચઢવાને બદલે ડુંગરવાડી ચઢતાં હોય તેવો ખ્યાલ આપતો હતો. ખુદા, અમારા રૂહોને સલામત રાખજો!

જેવા અમો 'મેડીકલ એકઝામીનેશન' આપી બાહાર આવ્યા કે તુર્ત હમોને કહેવામાં આવ્યું કે બોટમાં કઇ સમારકામ નીકલી આવવાથી આજે તે ઉપડી શકશે નહીં, અને તેને સુકી ગોદીમાં લઇ જઈ, સમારકામ કીધા પછી, ક્યારે તે પાછી ઉપડશે, તે સર્વ ઉતારૂઓને વખતસર જણાવવામાં આવશે.

આ સમાચાર સાંભળતાં સર્વ જણાં દીલગીર થયાં, પણ પેલી મારી સગી 'કું'મી કોકટી' ડાહી થતી ડોસાં આગલ આવી, "શું કહું ફુઇજી માય! જ્યારે આપરે બંગલેથી નીકલ્યાં, ત્યારે મેં એક કારી બીલાડીને આરી ફરી જતાં જોઈ, તે વખતેજ મને લાગું કે કંઇબી નવું જુનું થયા વગર રેહશેજ નહીં અને........"

"ચુપ મુંઇ કારી બીલાડી, એમાં બધો તારોજ વાંક છે! તમો બધાં નજરનાં લગાડતાં મરો એમનાં એમ" ડોસાં બબાલ્યાં.

બાજુમાં એક બાજત ઉપર સોલુ સેંડો, જાણે એની કોઈ મમઈ બપઇ મરી ગઇ હોય તેમ કપાલે હાથ દઇ બેઠો હતો. તેની બાજુમાં જઇ હું બેઠો અને ગલામાંથી ફુલનો ગજરો કાઢી, તે આંખમાં દાબી, બાપુરજી શેકસપીઅર કહે તેમ બોલ્યો કે—

"કરમાયું ફુલ તો સુંઘેલું શું કામનું
આબરૂ ગઇ તો જીવેલું શું કામનું?"

અને પછી ધસાધસ રડી પડયો, જે જોતાં ફુઇ મારી આગળ આવી, મારો બરડો પસ્વારી, મને થંડો પાડયો, "નાં રડ, મારા કલેજાં કરૂં, નાં રડ! એમા નાસીપાસ તું સાને માટે થાયછ? કંઇ નહીં દીકરા, આજે નહીં તો આવતે અઠવાડીયે જઇશું. જરા ધાસ્તી છોડી ને હીંમ્મત પકડ. વખતના ઢોલ વખતેજ વાગેલાં સારાં, મરૂં!"

"ફુઇજી, એમાં ખરૂં પુછાવો તો બધો વાંક મારી 'કુંવર'નોજ છે. એ કમબખત કયારની દુહવાર વાણી કાઢતીતી કે ખુદાય કરીને તમો હજુ જતાં અટકો! ખુદાય મારી દુવા ફલે વીગેરે,–તે અંતે બાલેબાલ ને બોલેબોલ ખરૂં પડયું. પણ હું બી તો ખરો કે જો આંઠ દિવસમાં તમોને જરમની ઉપાડી નહીં જાઉ, તો મારૂં નામ મંચુ માછડીઅર નહીં—

નામ મારૂં મચું નહીં, નહીં જો તમોને ઉપાડી જરમની લઇ જાઉં,
અગર જો ફાવ્યો નહીં, તો ચાહરમ તમારાનું, બોટું હું ખાઉં.

."ઓવારયું રે મારા નામ પરથી બધું! ચાહરમ થાય તારી કોઇ માસી ફુઇનું! હું તો તમો બધાના જીવ લઇને જીવસ અને બધાંને આવલમંજલ પોંહચાડીને પછીજ મરસ, અબઘડી જમીન ઉપર ખાસકું ઘસ ઓજ્યાં," ફુઇજી ટપી ગયાં.

"Very sorry ફુઇજી માંય, Very sorry! શું કરૂં, મારી તબીયત એવી ખરાબ છે. નસીબમાંજ આપુને જરમની જવાનું કંઇ દીસ્તુ નથી. શું કરશું, જેવાં આપણાં કીસમત!—

કીસમત કી કમનસીબી કો ફરયાદ કયા કરે,
કીસમતમે હોય ગ્રાના તો મંચ્યા ક્યા કરે.

Very sorry aunty dear, very sorry," મેં બકબકારો કરવાનુ ચાલુ રાખ્યું.

અને હમો સર્વે, અમારા ફુટેલાં નસીબ માટે બલાપો કરી, ઘર તરફનો રસ્તો લીધો.

પ્રકરણ ચોઠા.

જરમની જવા અમો એરોપ્લેનમાં ઉડયા,
હરખાઈ, ફુલુ ને સોલુ, બે પગે કુદયા,
ડોસાંએ હમેંશ મુજબ બહુ ગોધ્યારૂં કીધું,
પણ ઉપડતી વખત આખુ મીઠું કીધું.

જરમની તરફ અમારી કુચ!

આખી રાત મેં સુયા વગર કાઢી, જે દરમ્યાન મારા મગજમાંથી જાત જાતના વિચારો પસાર થવા માંડયા. આખરે મને એક idea આયો કે મારે કોઇબી હીસાબે અને જોખમે, એરોપ્લેનમાંજ જરમની જવું. જે મુજબ સહવારના ઊઠતાંની સાથ મારાં ફુઈ આગળ મારી 'strategy' રજુ કીધી, કે ડોશાંએ પોતાનું અસ્તમ અફરગાન પાછુ શરૂ કીધું, "અરે એમ કંઇ બને! મેં મારી જીંદગીમાં કોઈ દિવસબી બીજા માલથી ભોંયતલીયે, યાતો ભોંયતલીએથી બીજા માલ સુધી કુદકો માર્યો નથી યાતો કે ઉડી નથી, તે હવે આય ઉંમરે કંઇ માસથી બને? મારી સાઠ વરસની ભરજુવાન ઉંમરે, મારાં કીમતી જીવને શું કામ જોખમમાં નાખું? ભલે તારે ઉડવું હોય તો બેલાસક ઉડ, પણ હું તો મરતાંબી હવામાં ઉડવાની નથી."

ચાલો થઈ ચુકું! સેવક જરમની એરોપ્લેનમાં જઈ ચુકા! પણ ઘણી સમજાવત પછી, સારે નસીબે, ડોસાં કબુલ થયાં. પેલા કહે તેમ સહુ સારૂ

જેનું સેવત સારૂં! મારતી મોટરે હું 'તાતા એરવેઝ'ની ઓફીસમાં દોડી ગયો અને સઘલી ખબર અંતર, કાઢયા પછી, અમો પાંચ જણુ માટે, પાંચ ટીકીટો લીધી અને ઘરે ફરતાં, P. & O. ની ઓફીસમાં જઈ, અમારી Passport કેનસલ કરાવી.

ઘરે પોહંચતાની સાથ મારો દોસ્ત સોલુ તથા કઝીન ફ્લીને બોલાવી મંગાવી, આ મારા નવા પ્લાનથી વાકેફ કીધા અને એ બે બંડાઓનેબી એ પ્લાન ઘણો ગમ્યો. જીવણોબી મનમાં હરખાવા લાગ્યો કે 'ઠીક, બાપા! ગામના લોકો તો હરખાઈ જશે અને છેવકના ભાવ તથા વટ વધશે તે તો જુદું!"

હમો લોકો કોઈ દિવસ 'aeroplane'માં બેઠેલા નહીં હોવાથી, મારા પાછલા બાર ધપકવા લાગા કે રખે કોઇની તબીયત બગડે તો શું કરશું? મારી સાથે સોલુ, ફ્લુ તથા જીવણો હતા, એટલે મને ઘણી હીંમ્મત હતી. પણ કાલ કોણે જોઇછ? બોલ બોલતાં લોકોના હાર્ટો બેસી જાયછ, તેનાં દાખલાઓ આપણી નજર સામે રોજના જોઇએછ કેની? તે મુજબ જો હમારા કોઇનું હાર્ટ બેસી ગયું તો પછી અમારી શું હાલત થશે? એવા બધા ખ્યાલો મને આવવા લાગા. પણ કંઇ ફીકર નહીં. કાલ હય ઔર અલ્લા હય!—

> 'કલકી બાત કલ, આજતો આનંદ કર લે,
> ચોરી ચપાટી કરી, પછી ભલે જેલ દંડ ભર લે.
> મોતનું તેડું આવ્યું, તો છેલ્લું નાહન નાહવાનું છે,
> લગનનું તેડું આવ્યું, તો દસ રૂપ્યાનું પાતરં ખાવાનું છે.'

એમ એકટીંગ કરતો હોઉં તેમ હવામાં હાથ ફેરવતો હું આમતેમ લટાર મારવા લાગ્યો, જે ઉપર નજર પડતાં ફુઈજીએ પુછ્યું, "જીભરૂં મંચા, તું એમ હવામાં ઉંચા નીચા હાથ કરી કોણુની સાથે વાત કરતોતો?"

"કંઇ નહી રે ફુઇજી, એતો હું જરા હવામાં હાથ ઉંચા કરી, 'દાદાર અહુરમઝદ'ની બંદગી કરતોતો કે, પરવરદેગાર હમારા રૂવાનોને સહીસલામત જરમની થાવાં પુગાડજો," સેવકે ટોલ્લો મારયો.

"તારા પરથી બધી મરી જાઉં રે, મારો કેવો ધર્મી, સકરમી દીકરો છેજે! જીવતો રેહજે ને ઘણું દુ:ખ જોજે! પણ બાવા, પેલાં એરોપ્લેનની ટીકીટ લાયો કે અને આપુને ક્યારે હવામાં ઉડવાનુ છે?"

"તમે ફીકર નાં કરો પુઇજી, મેં બધો બંદોબસ્ત કીધોછ. (ડુંગરવાડીનો નહીં હં કે!) પરમ દિવસે સકવારના ૧૦ વાગતે આપુને 'જુહુ એરોડ્રોમ' પરથી ઉપડવાનું છે, તે વાસ્તે તમે બધી તૈયારી કરી રાખજો અને કંઈ માચી બાચી ચઢાવવી હોય, તેની આજેજ બંધું કરી નાંખજો." સેવકે જરા ડોહલ્યું.

પુઇજી ને તેમજ જીવણુંને અંગ્રેજી બોલવાના વાખા હતા અને 'કોનટીનેન્ટ' ઉપર અંગ્રેજી ભાશાની ઘણી જરૂર હોવાને લીધે, મેં થોડું ઘણું ઇંગ્રેજી તે લોકને શીખવવા માંડયું—

'યસ' એટલે–'હા', 'નો' એટલે – 'નહીં', 'થેંક્યુ' એટલે – 'ઘણો ઉપકાર થયો', 'મચ પ્લીઝડ' એટલે – 'ઘણો ખુશી છેઉં', 'સોરી' એટલે – 'દીલગીર છેઉં' ઇત્યાદી ઇત્યાદી–

ફૂલુ અને સોલુ બેઉ જણા અંગ્રેજી ચાર ચોપડી (તેબી વરી નદીમાં) શીખેલા, એટલે મોભ્ભા પ્રમાણે more than enough હતું. એટલે આપરે કંઈ વધુ બોલવાનું અસમખારા બહેદીન કાઉસ કરી ગીવા, અને વધુમાં વલી બેઉ મોબેદના બચ્ચાં, એટલે ચંચલ, ચાલાક અને ચબરાક તો હોવાજ જોઇએ. પણ ખાનગીમાં કહુંતો બેઉ જણા તદ્દન બેગ્સલ્લાહજ હતા. અથવા બીજા બોલોમાં કહીએ તો 'યસ – બટ – નો' જેવા હતા, તોબી પોતાને બેઉ જણ ઘણાજ મહાભારત માણસો સમજતા, અને સોલુ તો હંમેશ ડંફાસ મારતોતો કે એના જેવો ચંચલ, ચાલાક ને ચબરાક માણસ પારસી કોમમાં કોઈ જનમ્યોજ નથી અને જનમસેબી નહીં! પણ મારા ધારવા મુજબ તો એવા માણસો આપણી કોમમાં નહી હોયલાજ સારા, કારણકે કોમમાં એવા બીજા કહેવાતા મહાભારત 'કોમ–સેવકો' ઘણા પડેલા છે. ખરૂં કે નહીં?

Well, then, પાછા આપણી અસલ વાત ઉપર આવ્યે, નહીંતો વરી કોઇકના પેટમાં દુખશે, તો બાપા શું કરશું! પાછી બધાને ખબર પડતાં, ધુસની ધુસ અમોને મલવા આવી, તેમ તેમ ડોસાંનુ કોહીને સરી જવા લાગું, "બરે મુવાઓ તો આપરો પીછો છોડતાંજ નહીં! કોઇ જરા એક મીનીટબી જપીને બેસવા દેશે! મુવા પરવારતાંઓની માફક, સહવાર સાંજ આબ્બાછ કરેછ. જાણે ઘેરમાં પાથરણું માડયુંછ. મરે મને જરા ખબર નહી કે, પારસી કોમમાં હાલ એટલી બધી બેકારી વધી ગઇછ. પેલા બેકારી ફંડવાલાઓ કોણુ જાણે શું કરેછ! બાવા મંચા, ખુદા ખાતર જલ્દીથી મને અહીંથી બાહરગામ લઇ જા, નહીં તો એ લોક મને જીવવા કે જપવા નહીં દેશે—

હું એકલી અટુલી અહીં શું કરશ?
મરઘીની કાની જુહરીને મરશ.
પાણી કોણ આપશે, જો મને લાગશે તરસ,
આખરે કુવો તલાવ પુરીને હું મરસ."

'હીપ, હીપ, હુરેરેરે! નાં અવાજો વચ્ચે હમો અંતે હાઉસન જાઉસન, સાથે, 'જુહુ એરોડ્રોમ' તરફ જવા ઉપડયાં, રસ્તામાં હમારી મોટરને પંકચર થયું, જે જોતાં ડોસાં બબડયાં "વરી કોણ ભુરાંની નજર લાગી! મારૂં હીરા મોટી જેવું ટાયર ફાટી ગીયું! રખેને પેલાઓ એરોપ્લેન ઉપાડી લઈ જાય અને આપરે લટકતાં રહી જઇએ! બાવા મંચા, કેઠે આજુબાજુએથી, એ લોકને ટેલીગ્રામ કરીને કેહ કે, આપરે સારૂ ખોટી થાય." પછી મોટર ડ્રાઈવર તરફ ફરી બોલ્યાં, "બાવા મરી જાંઉ તારા પરથી! મેહરબાની કર, અમકુ જલ્દી લે જાવ, તુમકુ અચ્છા સરખા ઇનામ દેગા."

એમ કહી પેલા શોફરની હથેલીમાં એક ચાટલો સેરવ્યો, કે પેલા શોફરે આંખ મીંચીને ડફરાવી. રસ્તામાં જેબી આયું તેને કચરી તોડી પાડી, full speed એ ચલાવતો, અમોને અંતે સહીસલામત જુહુ એરોડ્રોમ આગલ લાવી ઉતારયાં.

જેવાં નીચે ઉતરયાં કે એક porter એ 'Take your seats please, only two minutes left' કરીને બુમો પાડી, જે સાંભળતાં ડોસાંએ મને સવાલ કીધો, "મંચા એ મુવો બધુ ફસ ફસ, ફસ ફસ, શું બોલી ગયો, કંઈ સમજ પડે!"

મેં એવણુને ગુજરાતીમાં translate કરીને સમજાવ્યું કે, પાછા ડોસાં એવણુની જાત ઉપર ગીયાં, "મરે મુવા અદેખાઓ, જરા બે મીનીટ મલતે તો તેમાં એ લોકનું શુ લેવાઇ લુટઇ જવાનું ઉતુ! મરવા દેઓ મુવાઓને, પોતાના મોતે મરશે.

જેમ તેમ સમજાવી પટાવી સીડી ઉપરથી ચઢાવી, એવણુને aeroplane માં બેસાડવા જતાં, પગમાંથી એવણુની સપાટ સરી પડી, કે ડોસાં પાછાં ઉખરયાં, "અરે થુઇ બાવા! જરા થુઈ કરો! અમેરા સુન્નામોર જેવા સપાટ, જે અમારા બેહસ્તી ફરદુનજીને અમેરેકુ અમારા ૫૬ માં વરસકુ પરજત દીયા ઉતા, ઓ પગમેસી સર કર જમીન કુ ગીર ગયા. બાવા મંચી, જરા સીડી પરથી નીચે ઉતરી, મારી સપાટ લઇ આવતો મરૂં!"



ધંધા અર્થે પહેલ વહેલા જરમની જનાર મેજર મંચેરશાહ માઈડીઅર તથા સાથીઓનો ભેગો ગ્રુપ

કાંસકુસ કરતો અને ડોસાંને નામની સરસવતી ભણતો, નીચે ઉતરી ડોસાંની સપાટ લાવી, એવણના પગમાં પહેરાવી. ત્યારેજ એવણ જરા રતી ઢપટ પડયાં. પણ મુગાં ગગરે તો એવણના બાપના સમ! વરી પાછાં એવણની જાત ઉપર ગયાં. એરોપ્લેનમાં દાખલ થતાંજઆજુ બાજુ બધે નજર નાખી મને સવાલ કીધો, "મંચુ બાવા, હું એમ પુછું કે આય મુંઇ મગરમછછમાં આપરે સહીસલામત જરમની પુગશું કે? કેવી મજાની બધી મખમલની ખુરસીઓ તથા આરસીઓ છે. નકરાં જાણે આપરે બ્હેસ્તખાનામાં આયાં હાયે તેવું લાગેછ (લાવતાને બધાં બ્હેસ્તરે મારા!")

એરોપ્લેનમાં દાખલ થતાં મે આજુબાજુ બધે નજર નાંખી તો માલમ પડયું કે અંદર લગભગ ૧૭ આદમીની જગા હતી, જેમાં હમો પાંચ જણા, ચાર અંગ્રેજ કપલ, એક મારવાડી, એક ગુજરાતી વાણ્યો, એક કોઇ બીજો આદમી અને બીજો કોઈ અંગ્રેજ હતો. કંપનીવાલાઓએ સર્વ જણની બેઠક આગલથી reserved કીધેલી હોવાથી તે મુજબ અમો ગોઠવાયાં. ફુઇજીની જગ્યા પેલા કોઇ જાડા સાહેબોની પાસે હોવાથી તેવણ તેની પાસે બેસી તેને ઉપરથી નીચે જોવા લાગાં. તેની બરાબર પાછલ પેલો મારવાડો અને હું કરીને બેઠા હતાં, જેની બાજુમાં સોલો ને ફૂલી કરીને, અને બરોબર પછવાડે જીવણો ને પેસો વ્હોરાજી કરીને હતા. તે મુજબ પેલા ચાર યુરોપીઅન કપલ ગોઠવાયાં હતાં

આખરે બહાર એકઠાં થયલાં લોકોની ખુશાલી વચ્ચે અમારૂં એરોપ્લેન ધીમે ધીમે ઉંચે હવામાં ચઢવા માંડયું, કે કંઈ ડોસાંને યાદ આવવાથી બોલવા લાગાં, "ભલા કરજે મને યાદ આયું! લાવની, પેલી કુંમી કોકટીએ, વસઇની ખાડીમાં નાલીયેર ને સાકર આપીછ તે નાખું," કરીને બારી બાહર નાંખવા જતાં બારી બંધ હોવાથી, તેની નજદીક બેઠેલા પેલા જાડા સાહેબાના બોરા ઉપર પડતાં તેણે ફુઈ તરફ ડોલા કકરાવ્યા.

"તો! તો? બીહ ગઈ! અરે જારે મુવા ભસ્તેગીઆ! તારા જેવા તો મે ઘણા જોયાંછ! વરી વાંક કરીને ઉપરથી ડોરા સાનો કકરાવેછ? મરે કંઇ એવું થાયચ કે આંગલાં ભોકીને મુવાંના ડોરાજ ફેરી નાખું" ફુઇજી બખાલ્યાં.

પેલો સાહેબો બીચારો કોઈ અસરાફનું ફરજંદ હોશે તે ગુપચુપ નીચી ડોકીએ છાપો વાંચવા મંડી ગીયો, કે પાછાં ડોસાંએ હમેશ મુજબ શરૂ કીધુ, "ઓ માય હવે કેમ કરૂં! ફૂલી, મને તો પેટમાં બધુ ઉપર નીચે થાયછ અને જીવ ડોહવાતો હોય તેમ લાગેછ રખેને કંઇ વામીટ થાય અને 'ઓ' કરીને ઓકી પડું!

હજીતો ડોસાં પોતાની સુદ્દયાણી વાયજી પુરી કરે તેટલાં પેલા બાજુમાં બેઠેલા સાહેબાની છાટી ઉપર માથું નાખી, તેના દીલ ઉપર ગરોગર બોલવા માંડયુ અને જોતજોતામાં બેસુધ્ધ થઇ ગીયાં. સઘલાં passengersઓ, ફુઇજીની આજુબાજુ ફરી વલ્યાં ને કોલનવોટર માટે બધી દોડધામ થઇ રહી. તેટલાં સેવકે ભેજુ વાપડી થોડીક ફુઇને તપકીર સુંગાડી અને છીંક સાથે ડોસાંએ આંખ ખોલી આજુબાજુ જોવા માડયું.

પેલો સાહેબો સોલુ સેંડા તરફ ડોલા કકરાવી બોલ્યો, "What does that old cat (ફુઇ તરફ આંગલી કરીને) mean? Does she know any manners? Where am I to get other clothes from?"

સોલુ સેન્ડો જેનું નામ! તુર્ત એણે તો coat તથા shirt કાઢયું અને પાટલુન તથા સદરા ઉપર તે સાહેબાના આંગ ઉપર ધસી જતાં બોલ્યો, "એ મીસ્તર, what do you mean in your mind? Do you know me? I'm સોલુ સેન્ડો, the first pupil of world famous હુજન સેન્ડો and second cousin to the champion Indian Parsi Sandow ગુસ્તાદ ગેંડો. Just look at this! (કરીને હાથના ગોટલાં ચઢાવ્યાં) You called our aunty a wild cat, so I called you a bull-dog If you have courage, come and fight. આ જાવ બેટા જંગકા મેદાનમે!"

"અરે છોલુ છેટ, જોયા શું કરતાં છો! એ છછરીનાને બાવા મલંગની આંટી મારી, જમીન ઉપર પટકી, એની છાટી ઉપર ચઢી બેછો. જોવ, આય એમ," કરીને પેલા સાહેબાને એક પેચ આપી જમીન ઉપર પટકી તેની છાટી ઉપર જીવણો ચઢી બેઠો.

બધાંઓએ વચ્ચે પડી જેમ તેમ જીવણાં અને પેલા સાહેબાને છુટા પાડયા, કે વરી ફુઇ અંદર ડોહવાયાં, "દેખો એ ગેપાંડ, અમ પારસી લોક કી સાથ જાસ્તી ટીકટીક મટ કરો, નહીં તો કે તુમેરેકુ તુમેરા ગામકો ભાગના પડેગા. હમ લોકકુ સ્વરાજ તો મીલનેકુ દેવ, પીછી દેખો તુમ લોકકી મજાહ! (અરે પણ સ્વરાજ આપેછ કોણુ ને લેછ કોણુ, જે તેની વાત! હાંક સુલેમાન ગાલ્લું! પણ હવેતો મલી ગ્યુંછ!) જરા આમ બુધા આદમીકા જીવ ફીરા તો ચીમચી જેટલા વામીટ કીયા! ઇસમેં મેં કીયા પાપ કીયા! એમ તો તુમ મુવા કદી વોમીટ નહી કરતાં છે? મુવા તુંને મારાં જેવા દુઃખ દર્દ થશે તારે તુંને માલમ પડશે! વરી નહી બોલતાં તાંહ સુધી છેકજ ફાસ્ટ ચાલ્યો કે યુ ડુક્કર ......

આંગ ઉપર ધરતાં તુને આવતી નથી શરમ,
જમાડશે સોલ્લુ તુંને, મેથીપાક બોત ગરમાગરમ.
પારસી બચ્ચા સામે, લડનેકા હય કોણુમે તાકાટ,
મોત ચેટી ચાલજે, નહીં તો જીંદગીથી થશે બાકાટ"

મેં જોયું કે પેલા સાહેબ્યા પાસે જો ડોસાં પાછાં બેસશે તો વરી કંઇ નવું લફરૂં જગાડશે, તેથી પાસે હું બેઠો અને પેલો મારવાડો કે જેની પાસે મારી જગ્યા હતી, ત્યાં ફુઇજીને બેસાડયાં.

એકાએક ડોસાંની નજર કંઇ દરીયા તરફ પડતાં મને કેહવા લાગાં, "મરી જાંઉ મંચા, જરા ડરાઈવિરને કેહ કે થોડો વખત આય મગરમછ્છને ઠોભાવે, અને આજે અદીબેસ્ત રોજ ને આવાં મહીનો છે, તે દરીએ કસ્તી કરી, આવાં અરદીસુરની ન્યાસ કરી લેઉં, અને તમો લોકો બી સાથે સાથે થોડો તરો લઇ કસ્તી કરી લેવો."

મારે હવે શું કરવું તે કંઇ સમજ પડી નહીં. પણ આસ્તે રહીને મેં ડોસાંને કહ્યું, "આપરે કંઇ જમીનપરથી પસાર થતાં નથી, પણ દરીયા પર છૈયે અને દરીયામાં કંઇ આપરાથી ઉતરાય નહીં, પણ જેવી જરાબી જમીન દેખાઇ, તો હું તમોને જમીન ઉપર ઉતારવાનો પકકો બંદોબસ્ત કરશ."

તોબી ડોસાં એવણુની રીત પ્રમાણે બબડવા લાગાં, "ઓછી પીરા, તેનું બધું પાપ તારે માથે!"

નસીબ સારાં કે ડોસાં સમજી ગયાં, પણ બે ચાર મીનીટ પસાર થઇ નહીં, તેટલાં વરી એવણુ પોતાની જાત ઉપર ગયાં. પેલો મારવાડી, કે જે એવણુ પાસે બેઠો હતો, તે એની રીત પ્રમાણે, બેઠક ઉપર ટાંટયો ચઢાવી, જાણે એની કોઇ માય માસી મરી ગઇ હોય, તેમ કપાલે હાથ દઇ પાન ચાવતો બેઠો, જે ઉપર ડોસાંની નજર પડતાં તેનાં છાલછોલાં કાઢી નાંખ્યા, "મુવા તુમકુ કુછ રીતભાત આતા કે? એક બાઈ આદમીકી પાસ, અઇસા બીનમલાહજાસી બેઠનેકા, તુમકુ શરમ નહી આતા? અમેરા જીભરૂં ફરદુનજી જીતા ઓતા કની, તો તુંમ ભસ્તેગીયા કો જાનસી માર દાલા ઓતા. અબગરી તારા તાંટયા નીચા કર મુવા દેવેનામ દેવ!" એમ બોલી પેલા મારવાડીનો તાંટયો ખેંચી તેનુ ધોત્યું મજબુત પકડી રાખ્યું.

"અરે મટારી, તુંમ તેરા મનમે કયા ખાન ખાતી હો, ઓર કીસકી સાથ બાત કરતી હો. અરે છોર મેરે ધોત્યે છોર, કીદરકી દીવાની ઔરત." પેલા મારવાડીએ જોર જબરીથી ડોસાં પાસે પોતાનું ધોત્યું છોડાવ્યું.

"મુવા દેવ, અમેરા સરખા એક પવિત્ર બાઈ આદમીકા દીલકુ હાથ લગાનેકુ તુમકુ લાજ શરમ નહીં આવતા? મંચા, જોયા શું કરેછ? મુવાના થોભરામાં એક મુકી દેની તો?" ડોસાંની ધસ્ટીમ ચઢી ગઇ.

ડોસાંને સમજાવી પટાવી પાછા એવણુની જગ્યા ઉપર બેસાડયા. એવણુને ચાલુ તપકીર સુંગવાની આદતને લીધે ઉપરાસાપરી ચાર પાંચ વખત છીંકયાં અને પોતાનો રૂમાલ નહીં જડવાથી પેલા મારવાડીનું ધોતીયું લઇ ખુબ તરીસે નાક નુંછયું. પેલો મારવાડી બધો લાલચોલ બની મારી આગલ આવી complain કીધી. પછી તેને મેં બીજું નવું ધોતીયું યાતો કે લંગોટ આપવાની guarantee આપી, ત્યારેજ તે કમબખત દપટ પડયો.

પેલા મારવાડી પાસે બેસી નવું રોખરૂં નહીં જગાડે તેટલા માટે ત્યાંથી ઉઠાડી, ફુઇને, જીવણો કે જે પેલા આદમી પાસે બેઠો હતો, ત્યાં ડોસાંને બેસાડયાં અને જીવણુંને પેલા મારવાડી પાસે બેસાડયો. પણ જરા જંપીને બેસે, કે બેસવા દે, તો ડોસાંના બાપના સમ! પેલા આદમીને દાઢીમાંથી પકડી ખુબ તરીસે ખેંચી, "પોલીસ! પોલીસ! ચોર! ચોર! પકડો! પકડો! કરીને આખુ એરોપ્લેન ગજાવા મુકયું. બધાં શું બનાવ બન્યો તેની ખબર કાઢવા ત્યાં દોડી આવ્યાં અને અમો સર્વની અજાયબી વચ્ચે, તેની દાઢી મજબુત પકડી રાખી, તે બીચારાને ગાલગલોચથી ધોઇ નાખ્યો, "મુવા કેથેના બેશરમ! અમેરા સરખા બાઇ આદમીકી સામે દેખકર, ઇસ્કુ આંખ મારતા છે? આપુન કુછ બોલતા નહીં, જબી એકદમ ફ્રાન્ટ જાતા છે કે? અબગરી તારૂ ઠેકાણું આપ, તારી બૈરી ઉપર લખી તારી બરોબર ખબર લેઉંછ. કેથેના ઇજારડા પીંજારડા."

ગરીબ બીચારો poor fellow! પોતાની હાલત આવી કઢંગી જોઇ, બે હાથ જોડી માફ માંગી, "મને માફ કરો માજી, એમાં મારો શું કસુર થયો છે? મેં તો જરા એોલી ગોરી ગોરી મદમને જોતો તો, તેટલાં તમો એકદમ ગરમ થાવોસ અને મારી દાઢી ખેંચી કાઢોસ. હવે ફીરીસી મેં એમ નાં કરોસ, મેં કસમ ખાવોસ."

હવે કેમ કરૂં તે વિચારમાં પડયો. ડોસાંને ત્યાંથી ઉઠાડી મારી બાજુમાં બેસાડયાં અને સોલુને સમજાવી પેલા આદમી પાસે બેસાડયો. પેલા આદમીએ દાઢી મસરતાં સોલુને પુછ્યું, "બાવાજી, આ બુઢા માજી આપના કોણુ સુગાવાહલાં છે?"

"પણ શેઠજી, એવો સવાલ પુછવાનો આપણો શું સબબ?" સોલુએ સવાલ કીધો.

"પણ પારસી બાવાજી, એ મટારીમાં એટલું બધું જોર કાહસી આવેશ? આ મારી દાઢીના બાલબી પીખી નાખ્યા? અને હવે હું ઘરે મોહ કેમ બતાવીસ," પેલો આદમી દાઢીને નામે બલાપો કરવા લાગો.

"અરે મોટાભાઈ! દુવા માંગો કે એટલામાંજ કાસર પતી ગઇ, નહીં તો તમારા મોઢાં ઉપર, હાલ જેટલી દાઢી છે, તેટલી રેહતે નહીં. કોઇ દિવસે પારસીના (તેબી વરી બાઇ માણુસ) હાથનો મેથીપાક ખાધોછ કે? You are da...lucky Mr. So & So! You are da...lucky!" સોલુએ તેને થડો ice-cream કરી નાખ્યો.

એક પણ વધુ બોલ બોલ્યા વગર પેલો આસામી ગુપચુપ હાલ્યા ચાલ્યા વગર, પોતાની બેઠક ઉપર ચીટકી બેઠો. Well done સોલુ! bravo! બોટ અચ્છી બજાઇ!

હવે હું વિચારમાં પડયો કે ડોસાં મારી પાસે બેઠા બેઠાં કંઇ નવું રોખડું જગાડશે તો મારે એવણુને શું કરવું? એવણુને શું ઉંચકીને બારીએથી ફેંકી દેવાં? તેટલાં ખાણું માટે 'Bell' થયો અને બાજુમા એક dining-table ગોઠવેલી હતી, ત્યાં જઇને બેસવા માટે અમોને કેહવામાં આવયું, કે જ્યાં આંઠ આંઠ જણુ માટે બે ટેબલો તૈયાર રાખવામાં આવી હતી ત્યાં અમો ગોઠવાયાં. એક ટેબલ ઉપર બે યુરોપીઅન કપલ, ફુઇ, હું, પેલો જારો સાહેબો ને વાણ્યો કરીને ગોઠવાયાં અને બીજી ટેબલ ઉપર, ફલી, સોલી, બીજા બે યુરોપીઅન કપલ, પેલો આદમી, મારવાડી ને છીવણો કરીને બેઠાં. ફુઇજી તો ખુરશી ઉપર પલાંઠો વાલી ફરેગાત થઈ બેઠાં અને પાસે પડેલા 'સેરીવીએટ' (નેપકીન) લેવાને બદલે પોતાનો વાસ મારતો તપકીરનો કાંડાભાટી રૂમાલ કાઢી, ગલાં આસપાસ વીંટાલ્યો. પેહલ્લી વાણી તરીકે સુપ આવયો. ફુઇએ તો લાગલાં રકાબી ઉંચકી, સુરુરુરુ–સુરુરુરુ કરીને સુપ પીવા માંડયો અને કમબખત તે ગરમ હોવાથી, ફુરુરુરુ કરીને પીચકારી મારી, આજુબાજુ બધાં બેઠેલાં ઓના કપડાં ચપડાં રંગી નાંખ્યાં, અને 'વેરી સોરી' કરી કેહવાને બદલે 'વેરી ગલેડ' કરીને બોલ્યાં. મે જોયું કે ડોસાંએ બધી કચુબર કરી નાંખીછ, તેથી ઉઠીને 'very sorry! very sorry! I apologise!' કરીને બાઉ કરીને મેં બધાંની માફ માંગી.

ડોસાં જરા રતી બહેરાં હોવાથી પાછો છબરડો કીધો, "મરે બાવા એ આપરે લોક બધાં પાછાં 'એપોલો બંદર' કાંહથી આવી લાગ્યાં? એ ક્યારનો

'એપોલો ! એપોલો' શું બક્યા કરેછ, ને વાંકો વલી વલીને very sorry, very sorry કરીને બધાંની માંફ્ સાની માંગેછ! મુવાં કોઇનું શું કંઈ લીધુંછ ખાધુંછ? મુવાઓએ ગરમ ગરમ પાણી પાઇ મારી જીભ તથા ગળું દજારી મુક્યુ. તેનું કંઇ નહીં કે? ઉપરથી એ કંપનીવાલાઓને દંડવા જોઇએ!"

"શું જો ફુઇજી, તમેબી જાંહબી હોય તાંહ ગોટાલાજ કરયા કરજો, એ સુપ તો ચમચો લઇ, જરા જરા પીવાનો છે, ને નહીં કે રકાબી ઉંચકી ને પીવાનો?" મેં ફુઇને સમજાવ્યું.

"લેવ માંય, હુસ્યારનું પુછરું બોલ્યો તે! ઓજ્યા, ત્યારે મને ક્યારનું એમ કેહયું કાંઇ નહીં? બધું રંધઇ ગયા પછી શીખામણ આપવા નીકળ્યો તે? ચીર તો એવી બરેછ કે, ખાસરે ખાસરે કોઇ ભુરાંને જીબી નાખું," ફુઇએ ઇસટીમ ચઢાવી મુકી.

હાયરે મંચા! તારાબી કાંહ ભોગ લાગા, કે ફુઇને સાથે લીધાં, અહીં આટલુ કરેછ, તો કોણુ જાણે જરમનીમાં તો તારૂં લોહીનું પાણી કરી નાખશે. ભોગ તારા કરમના.........

અફ્સોસ! કે નસીબ મારાંએ મને દગો દીધો,
મંચુ દીકરા, તે કાંય એવો રસ્તો કઢંગો લીધો?
ફુઇ રખે વધુ કંઇ છબરડા કરે, તો મોહકાણુ વરી થાય,
યાહ ખુદા! કયારે એ મુવાં દખમે ચઢી જાય!!

બીજી વાણી 'Salmon tin fish' ની આવી, જે જોતાં અને નાંખના ફીફ્રાં ફ્ફ્રાવતાં, ફુઇએ મને સવાલ કીધો, "બાવા, એ શું વાણી છે? મુવું બધું કંઇ વીસરૂં વીસરૂં વાસ આવેછ?"

"એતો સામન મછ્છીની વાણી છે. તમારે ગમે તોજ લેજો, જરાબી શરમાતા નાં."

ડોસાંએ તો બોંહસપર લીધી અને બીજાઓની માફ્ક છરી કાંટે ખાતા નહીં આવડવાથી, હાથે સમારી ખાવાં માંડયું અને થોડી મોંઢામા મુકી, 'છી,' 'ફુ' કરીને પાછી રકાબીમાં થુકતાં બોલ્યાં "ખચ્ચરગીઆઓને કોઇ પુછે કરે? ખોબા ભરીને પૈસા લેછ, તે આવી વીસરી મછ્છી ખવરાવા કે? એના કરતાં તો આપરા બીલીમોરાના લેવટાને સો ભલાઇ. વેક તો ફ્લી, અંદર જાઇને જરા આપરી ભાટયાંની બાસકીટ લઈ આવ, કે કરારે બેસીને ખાઇએ. એમ સરમાયા કરશું તો ભુખા રહીશું. જેને જોઇએ તો ખાય. હું તો માય ગામરેની ને ફ્ર ગામરેની, ગામડીયન બોચ!"

કમબખતી લાગી હોય જેની, જે ફુઇજીના હુકમનો અનાદર કરે. તેથી ફુલી બોચી ધવરતો અંદર જઇ, બાટીયાંની ટોપલી લાવી ટેબલ ઉપર ફુઇની સામે મુકી. અંદરથી ઇંડાના પોરા, ટરેલી બોઇ અને થોડા બોલીમોરાના લેવટા કાઢી, પોતાની રકાબીમાં મુકી સેવકને બાકીનુ વધેલું બાટીયું બધાને વેંહચવાનુ જણાવ્યુ. તેટલાં ડોસાંએ, પેલો જાડો સાહેબો કે જેની સાથે થોડોક વાર અગાઉ વીજેરૂં લીધું હતું અને જે તેનજી બાજુમાં ખાવા બેઠો હતો, તેની રકાબીમાં પોતાની રકાબીમાંથી બોઇના ડોકાંનો ભાગ તથા થોડાક લેવટા મુકતાં બોલ્યાં, "લેવ મરૂં, એ જરા અમારી હીન્દુસ્તાનકી બોઇ ઓર લેવટા ચાખો. બોટ અછ્છા ઓર તાજાવાલા હય!"

પેલો સાહેબો મોઢામાં મુકી ચાવતાં બોલ્યો, "લવલી, વેરી લવલી indeed થેંક્યુ સો મચ."

"મરે મંચા, એ મુવો ગવલી ગવલી શું બકી મરેછ! રખે મુવો અમસા પોતીકા જીવસે ગાર દેતો હોય."

"નહીંરે ફુઇજી માય, એનો એમ કહેછ કે મછ્છી ઘણીજ સરસ છે અને તે માટે તમારો મોટો ઉપકાર માનેછ."

"ક્યું બાવા, કોણસા અછ્છા! તુમેરા વેલાતી મછ્છી ઓર અમેરા બોલીમોરાકા લેવટા! ખા દીકરા, પેટ ભરીને ખા, કે તારા આંગમાં જરા જોર આવે. તમો ડુક્કરખાઉઓ અમારી હીન્દી વાણીઓમાં શું સમજો!" ફુઇએ વખાણ કરતાં કહ્યું.

પેલો સાહેબો સમજ્યો કે ડોસાં તેની તારીફ કરેછ, તેથી થેંક્યું! થેંક્યું! કરીને ઓછો ઓછો થયો. પેલા કહે તેમ, સમજે તેનું માત, ને નહીં સમજે તેની કમબખતી!

ભાટીયાંને લઇને પેલા સાહેબા અને ડોસાં સાથે ઘણી દોસતી લાગી, તેવામાં એકાએક એરોપ્લેને વાંક લેવાથી, ડોસાં જેવણુ ખુરશી ઉપર પલાંથો વાળી બેઠાં હતાં, તેવણુ over-balance થવાથી જમીન ઉપર ચટાપાટ પડયાં, અને બુમબરાડા પાડી બધું ગોધ્યારૂં કરી મુકયું, "તમો મને લાવતા જતાં મરોરે! મારા હાડકાં પાસરાંનો ખુરદોજ કરી નાંખ્યો જો, દેખુંતો મુવો ડ્રાઇવરબી આંધરો બરયોછ. એમ તે એરોપ્લેન ચલાવવાનું હોય કે? મુવાને દેખાતુ નહીં હોય તો આંખે ભેસ્યા કાંય નહીં પેરી મરતો! ઓ મારી માયરે! કોઇ આવોરે! હું તો બધી મરી મરી ચાલીરે!"

દેખુંતો ઓલો સાહેબો કોઇ ડોકટર હતો, તે તુર્ત ઉઠીને ફુઇની મદદે આવ્યો અને ડોસાંને પાટાપુટી બાંધી તથા થોડી મસાજ કરી, પાછા એવણુની અસલની જગ્યાએ લાવી બેસાડયાં અને તેવણુને ખાસ કંઇ લાગું નથી એમ ખાત્રી આપી, ત્યારેજ ડોસાં દપત પડયાં. તોબી એવણુની રીત પ્રમાણે કાંસ-કુંસ કર્યા કીધું. એવણુની નજદીકમાં બેઠેલા પેલા વાણ્યાની રકાબી ખાલી દેખાતાં સેવકને કહયું, "મંચા, પેલા તારી પાસે બેઠેલા વાણ્યાને તો કંઇ મછ્છી બછ્છી બોહસ કરીને આપ! એમ એકલો એકલો બેસીને દપાટયાજ કરશે કે?"

"પણુ તમે શુ કરવા બેઠાછ ફુઇજી! એ લોક કોઇ દિવસ ગોસ મછ્છીને હાથ લગાડે કે?" હું જરા રતી ડાહયો થયો.

"અરે તું ખુદા ખુદા કર! આજકાલ તો બધાઓ પેલું શું "સી સી બાટલી કલ્બ" કહેછ તાંહ, તથા ઇરાનીના હોટલોમાં ભરઇ ભરઇને ગોસ મછ્છી, ઇંડા બધું ખાએછ. તુંને જોવું હોય તો મારી સાથે એક દિવસ આવજે. એ બધા આગલા જમાના ભુલી જવાના જો બાવા?" ફુઇએ ડોહવ્યું.

નહીં ધારેલું એકાએક તોફાન થઇ આવ્યું અને વીજલીના ધડાકા થયા અને જોરમાં પવનના સુસવાટા સાથે વરસાદ પડવા લાગ્યો, જેને લઇને અમારૂં એરોપ્લેન આમથી તેમ ડોલા ખાવા લાગ્યું. ડોસાં તુર્ત ગજવામાંથી ખોરદેહ અવસ્તા કાઢી ભણુવા મંડી ગયાં અને અમો લોકોનેબી દોઆ નામસતાયસની ભણુવા કહયું. નસીબ સારાં કે થોડીક મીનીટમાં તોફાન દપટ પડી ગયું. અમારી ટેબલ ઉપર બેઠેલા બે યુરોપીઅન કપલમાંથી એક કપલ, ફ્રેંચ જેવું લાગતું હતું અને તેઓની રકાબી ખાલી દેખાતાં, ફુઇએ મને તે લોકને બાતીયાં માંથી થોડુંક આપવાને અરજ કીધી અને તે મુજબ મેં કીધું. પેલો સાહેબો નાં પાડતાં, 'Merci beau coup' કરીને કઇ બોલ્યો, તે વરી પાછાં ડોસાં વચ્ચે પડયાં. "શું કહયું બાવા! મછ્છીનું ડોકુ! ત્યારે એમ ક્યારનું બોલ્યે

કેની? પણ સોરી બાવા, ડોકાં તો સબ ખલાસ થઇ ગયાં. તુંને જોઇએ તો થોડા પુછડીના ટુકડા રહી ગ્યાછ". એમ બોલી બે ચાર પુછડીના ટુકડા દેખાડયા.

"નો, મેરસી બોકુ! નો મેરસી બોકુ!" હસ્તાં પેલા સાહેબ્યાએ ડોકું ધુણુવ્યું.

પેહલે તો મને કંઇ સમજ પડી નહીં, પણ તેને ડોકું ધુણવતાં જોઇ, મેં પુઇને કહયું કે, એને મછ્છી નથી જોઇતી અને એ તમારો ઘણો ઉપકાર માને છે.

પુઈ ઉઠીને બાજુની ટેબલ આગલ ગયાં અને બધાંની રકાબી ખાલી જોતાં બોલ્યાં, "મરે બધાંઓની રકાબી જોઇએ તો ખાલી, કોઇ બધાં ઘણાંજ ખાધરાં લાગેછ. પેલો મુવો મારવાડોબી મછ્છી લેવટા બધું સફાચટ કરી ગીયો, અને પેલા આદમીનું પેટ તો કોઇ જોવ! નકરો જાણે ફુટબોલ!"

સારૂ થયું કે પેલા આસામીએ કંઈ સાંભળ્યું નહીં, નહીં તો ડોસાં જરૂરજ ફુટબોલ થઇ જતે. વીમાનનાં મશીનની અંદર કંઈ ફટાફટ અવાજ થવા લાગ્યા અને તેને લઇને અમોને ફરજ્યાત નીચે ઉતરવું પડયું, અને જેવું વીમાન નીચે ઉતરવા લાગ્યું કે ડોસાં "ઓ મરે મને કંઈ પેટમાં થાયછ! ઓ મને કોઇ ધરો! કોઇ પકરો!" બોલી પેલા પાસે બેઠેલા સાહેબાને મજબુત વલગી પડયાં. સાંજના ૭ વાગતાનો વખત હતો અને oil લેવા તથા મશીનમાં નીકલી આવેલાં સમારકામ અર્થે અમોને લગભગ ૪૮ કલાકની non-stop flight પછી Paris માં ઉતરવું પડયું અને પ્લેન બીજે દિવસે ઉપડનાર હોવાથી, જેમ બીજા passengers ઓ ફર હર કરવા નીકળ્યાં, તેમ હમો Paris જોવા બાહર પડયાં. જગે જગ ભપકાબંધ રંગબેરંગી લાઇટોથી બધી ઇમારતો શણગારેલી હતી અને સાંજનો ટાઇમ હોવાથી, હજારો લોકો મોજ કરવા બાહર પડયાં હતાં. કોઇક થીએટરોમાં તો કોઇક restaurants માં dance કરી, ખાઇ પી મોજ્યાં મારતાં હતાં, જે જોતાં ડોસાંએ બળાપો કીધો, "મરે કેવાં નસીબવાલાં, આય પેરીસના લોકો! કેવી ભપકાબંધ રોશનીઓ, ખાની, પીની, કપડા, ચપડાં, ગોરી ગોરી મુઈ ફલુકસરો. તેવાજ ગોરા ગોરા માટીડાઓ! બરયું રે મુવું આપરૂં હીંન્દુસ્તાન! મુઇ દીવાલી દીવાલીએ લાઇટ થાય, ચાંદરાત ચાંદરાતે લોકો હશે બોલે, ને આંય અહીંના લોકો જોવ કેવાં સાથે મલી ભેટી, અમન ચમન કરેછ! મરે મને તો કંઈ એવું થાયછ કે પાછી હીંન્દુસ્તાન ફરૂંજ નહીં. માંય પેલા કહે તેમ જીવ્યા કરતાં જોયલું ભલુ! તે બીલકુલ ખરૂં છે!"

દુર ભપકાબંધ લાઇટની સજ થયલી એક મોટી ઉંચી ઇમારત ઉપર નજર પડતાં ડોસાંએ મને પુછ્યું, "મંચા, એ દુર પેલું લંબારી ઇંટ જેવું દેખાયછ તે શું છે?"

મને દુરથી કંઇ ટાવર હોય તેવું દેખાયું, તેથી મેં લઇ ફેંક્યું "પુઇજી-માય, એતો રાજાબાઇ ટાવર છે?"

"તે મરૂં રાજાબાઈ ટાવર અહીં કાંહથી આયો, નહીં ખબર હોય તો આબરૂમાં મુંગો ગગરી રહે, જરા આજુબાજુ કોઇને પુછતો ખરો!"

ખબર કાઢતાં માલયું પડયું કે તે ઇમારત 'ઇફલ ટાવર' ના નામે ઓલખાતી'તી અને તે ખબર જેવી પુઇને પોંહચાડી કે પાછું ડોસાંએ શુરૂ કીધું, "ચાલ તો મરૂં, છતાં અહીં વેર આયાંછ, તે જાતે જઇને જોઇએ."

ડોસાંએ તો ફુસર ફુસર ચાલતું મુક્યું અને નજદીક ઉભાં રહી ઉપર જોઈ બોલ્યાં, "મરે મુવું કેટલું બધું ઉંચું! ઓય દેતું કે જાણે આકાશને અડકશે! મરે કાંહ આપરો મુંબઇનો રાજાબાઇ ટાવર ને કાંહ આય ટાવર! લાવ તો બાવા, આપરે જરા ઉપર જઇને જોતે."

મારયા થાર મારા બાપ! હું તો ટાવરની ઉંચાઈ જોઇને ગભરાટમાં પડયો કે ડોસાંને કેવી રીતે ઉપર લઈ જવશ, પણ ભોંયતલીએ પગ મુકતાં માલમ પડયું કે, ઉપર નીચે જવા સારૂં લીફ્ટો હતી. ઉપરાંત તે મકાનમાં દુકાનો, restaurants, dancing floor વીગેરે મોજશોખનાં બીજાં ઘણાં સાંધણો હતાં, લીફ્ટમાં છેક ટોપ ઉપર પોંહચ્યા પછી આકાશ તરફ જોઇ પુઇ બોલ્યાં, "મરે જાણે આપરે ખોદાયજીને ઘેરે મલવા આયાં હોયે તેવું લાગેછ! ફુલુ, સોલુ, મંચા, ખુદા ખાતર સંભાલીને ઉભા રહેજો મરૂં, કદાપી જો ટાવર તુટી ખુટી પડયો, તો આપરા ટુકરે ટુકરા થઇ જશે જો! ચાલો બાવા નીચે ગગરતે. મને તો બધા ચક્કર ઉપર ચક્કર આવેછ. મરે જાણે દુન્યાની નવી અજાયબી!"

નીચે ઉતરી અમો બાહર રસ્તા ઉપર પડયાં અને બધાં પસાર થતાં French લોકો, જાણે હમો કોઈ રાજવંશીઓ હોઇએ તેમ અમોને ટગર ટગર જોવા લાગ્યાં. સેવક અંગ્રેજી સુટમાં, ફૂલી-સુટ અને માથે મખમલની ટોપી, સોલી પારસી સફેદ કોટ, પાટલુન તથા માથે ફેંટો, જીવણો ધોત્યું, શર્ટ રંગીન કોટ, માથે અલેચાની ટોપી અને પુઇ કાંદાપાટી સાડી, ઇજાર માથાબાનું, હાથમાં ટપકીરનો રૂમાલ ને પગમાં કારી મખમલની સપાટ

પહેડી, ફ્સર ફ્સર ચાલતા હતાં; જે દેખાવ ખરેખર કોઇનુંબી ધ્યાંન ખેંચે તેમાં નવાંઇ જેવું શું હતું! લોકો તો ફુઇને કોઇ રાજવંશી ખાનદાનનાં સમજી, પાસેથી પસાર થતાં, માથેથી ટોપી ઉતારી 'Bon soir, Madame!' કરીને bow કરીને જતાં, તેમ તેમ ડોસાં મચકઈ મચકઇ, અને ફ્સરઇ ફ્સરઇને ચાલવા લાગ્યાં, જાણે એવણુના બાવાના બાગમાં આવેલાં હોય તેવું દીસ્તુંતું! જીવણો, સોલુ ને ફુઇજી, કરીને આગલ ચાલતાંતાં અને હું, અને ફ્લી કરીને બગલમાં હાથ નાંખી પાછલ પાછલ ચાલતા હતા. તેટલાં કોઈ બે હહીતરાં જેવી બુચીમાયો પાછળથી આવી, અમારી બગલમાં હાથ નાખી, અમો સાથે સાથે ચાલવા લાગી, એકાએક ફુઇની, પાછળ ફ્રીને જોતાં, નજર પડી, "તમે મરો મુવાઓ એમના એમ! એ મુઇ ચોંટલાબરીઓ સાથ, બગલમાં હાથ લઇને ચાલતાં, તમો લોકને શરમલાજ નહીં આવતી કે? કાંહથી એ બે મુઇ કોલસામહમો ને ઉંચકી લાયા! મુવા માટીડા જાતનો ભરોસો રખાય કે? અબગડી એ મુઇ અવરહસાઓને અહીંથી પાનીચું આપો, નહીંતો તમારો કુટુંબો કરી નાંખશ. તમો પેહાના પરતા મરો એમના એમ!"

ડોસાંને ગોધ્યારું કરતાં જોઇ, પેલી બે ફ્લકસુરો તો ત્યાંથી કુથે ગેપ થઇ ગઈ અને ફુઇએ અમારા કાનો ચીમટી, પાંખરી પકરાવીને પોતાની સાથે ચલાવ્યા, કે રખે વરી અમો કોઇ પોટ્ટીઓની સાથે લાગી જઇએ. જ્યાંબી જતાં, ત્યાં બધાં લોકો હમારા ઉપર ઓછાં ઓછાં થઈ જતાં અને ફુઈના dress ઉપર બધાં ઘેલા દીવાનાં બની જતાં. કોઇ એવણની સાડી પકડીને વખાણે, તો કોઇ એવણના માથાબાનાં તરફ ટગર ટગર જોય. તેવોજ હાલ જીવણાનો હતો અને તે કમબખ્તતો ઉકમઇથી મને કેહવા લાગ્યો, "શું કહું મચાં છેટ, મારા ગામમાં તો લોકો મારી તરફ જાંખીને જુએ પણ નહીં, અને આ ગોરા લોક તો મારી ઉપર ફીદા ફીદા થઇ જતાં છે, અહુવે!"

હમારાં good fortune કે હમોને એક ઘણો સોજ્જો અને સોહવામણો guide મળ્યો, જેની ઉપર ફુઈ ફીદા ફીદા હતાં, "મરે કેવો ધોરો ધોરો અને માઝરાં દોરાવાલો છે. કંઇ એવું થાયછ કે એને મારો જમઇ કરૂં! હરવાયારે આપરા પારસીઓ! છેક વાંસડા વેર જઇ ત્યાંના દુબરાઓને કસ્તી સદરો પહેરાવી આપરા ધર્મમાં લેછ, તેનાં કરતાં આય ગોરાઓને વટલાવી, આપરા ધર્મમાં કાંય નહીં લેતા? આપરી પારસી કોમની વરતીબી વધે અને મજાનાં ગોરાં ગોરાં પોરયાંઓ આવે તે જુદૃ. કેમ સોલુબા ખરૂં કે નહીં!"

"તદ્દનસર ને સદનતર ખરૂં! પણ હમણાં એ વાત કરવાના અખારા કરો તો સારૂં! એતો જ્યારે આપરે મુંબઈ જઇશું, ત્યારે ત્યાંના કાવસજી જાંહગીર હોલમાં પારસીઓની મીટીંગ બોલાવી, એ બાબદ ઉપર વાદવીવાદ ચલાવશું," સોલુએ ફુઇને ટેકો આપ્યો.

પેલો અમારો guide તો ડોસાં ઉપર જીવ કાઢી આપતો'તો અને ફુઈ બી તેના ઉપર જીવપ્રાણ કાઢી આપતાં'તાં, તે એટલાં સુધી કે ડોસાં તો કરારને જીવસે તેની બગલમાં હાથ લઇને ફરતા'તાં, જેથી ફલીતું કોહી આવતું. "જોયું કે મંચા! આપસી તે લાપસી ને પરઈ તે કુસ્કી! પેલી મડમરીઓ સાથે આપરે બગલમાં હાથ લઇને ફરયા, તો ડોસાંએ આપરાં છાલ છોલાં કારી નાખ્યાં અને હવે પોતે ચીંગા મીંગા થઇને પેલા કોઈ ગોરા સાથે નફ્ટ નાકે ફરેછ, તેનું કેમ? રખેને વાત વધે!"

કોઇની તાકાત નહીં કે ડોસાંની સામે ચું કે ચાં કરે,—
તાકાટ નહીં કોઇની કે ફુઈ સામે આંગલી કરે,
ભલે સાહેબા સાથે ડોસાં બગલમાં હાથ લઇ ફરે,
ભમતું હોય મોત, તો ભલે એવણ સાંમે થજો
નહીંતો બાપુ બે હાથ જોડી, બેસી ગુપચુપ રહેજો.

આંએ એમ છે, સમજ્યા કે બાવાજાન—

ચાલતાં ચાલતાં કોઈ એક ગોરી મડમરીએ હસીને ફલીને એક ફલાઈંગ કીસ આપી, તે ડોસાંની નજર પડતાં ફલીની બરોબર ખબર લીધી, "કેમરે એ મુવા જાડયા ફલી, હજુ તું સુધરતો નહીં કે? તું એમ સમજેછ કે ફુઇ આંધરા છે નહી વારૂં? તારી તાકાટ શું કે તેં પેલી મડમરીને હસીને ડોકું કીધું? તારી બૈરી બી તે દીવસે તારી આવી ચાલ માટે મારી પાસે બરાપો કરતીતી. હારે માય, સારૂં થયું કે હું તમો લોક સાથે અહીં આવી, નહીંતો મુવાઓ આએ નાચતી નડરતીઓ સાથે ફરી હરી કોહીને સરી જતે."

આખી રાત એક મીનીટબી સુયા વગર, પેલા ગાઈડ સાથે હમો પેરીસમાં ફરી ઘણી જાણવાજોગ જગ્યાઓની તપાસ લીધી, જેવાં કે થીએટરો, કાફેઓ, સીનેમાઓ વગેરે, વીગેરે.

ફરતાં ફરતાં હમો એક નાઇટ કલબમાં દાખલ થયાં, જ્યાંનો દેખાવ જોતાં ડોસાંની છાતીનાં પાટયાંજ બેસી ગયાં. બધી ગોરી ગોરી ડહીતરાં જેવી પોટ્ટીઓ સાથે જુવાન્યાઓ બેસી મજાહ કરતા હતા. કોઈ તે લોકને કીસીઓ કરી

ફ્રુટથી પ્યાર કરતાં, તો કોઇ તે લોકની સાથે ઘેલાંચેરાં કાઢતાં, જે ઉપર નજર પડતાં ડુઇની કમાન છટકી, "મરે એ ઘેલાંગઘેરાંઓને કોઇ પુછે? પોતાની માય, માસી, બહેન દીકરીઓનીબી મર્યાદા રાખતાં એ લોકના બાપદાદાઓએ એ લોકને શીખવ્યું છ કે! મુવા કેથેના બેશર્મ નફ્ટ નકટાઓ! ભટ પરી એ લોકની કેલવણી ઉપર! ચાલો મરૂં, આપરા જેવા આબરૂદાર માણુસોનું અહીંઆ કામ નથી, નહીતો તમારા છાલકાં ભેજાંઓ ઉપર ખરાબ અસર થશે. કાંહનાં કાંહ અહીં ઘસરાઇ આયાં જો!"

ત્યાંથી નીકલી બાજુનાં એક બીજા Restaurant માં ભરાયાં, કે જ્યાં Band નાં સરોદો વચ્ચે, એક Stage ઉપર. કોઇ પાંચ છ રૂપસુંદરીઓ ગાગરા ઉંચકી ઉંચકી ડાન્સ કરતી હતી, ત્યાં હમો ગોઠવાયાં. ડાન્સ ખલાસ થતાં, લોકોને તે બહુ પસંદ પડવે 'Encore, once more' કરીને તાલીઓ ફ્રોડી હોલ ગજાવી મુકયો અને સાથે સાથે સોલુએબી ખુબ ગેલમાં આવી જઈ, 'વાહ બેટે બોત અચ્છી બજાઇ, ફીર જાને દે' કરીને જેમ પીટ માસ્તરો મોંહામાં આંગલા ખોસી વીસલો મારે છે, તેમ તેણેબી કીધું. પણ કમનસીબે ડુઇએ પાછળથી આવી સપાટ સપાટે તેનો બરડો જાટકી કાઢયો. "કેમરે સોલુ, તુંને એ મુઈ ગોવેગરીઓએ બીનમલાહજાભર્યે કપડે, ગાગરા ઉંચકી ઉંચકીને નાચ કીધા, તે તુંને ઘણું પસંદ પડયું, નહીં વારૂં! નહીં કાંય જુવાન દુકતાઓ આવા બીભીસ દેખાવોં જોઇને બીગડે! અબગડી તારે આંખે પાટા બાંધ. જાણે કસામાં હોયજ નહીં તેમ ચીંગો મીંગો થઇને બેસી સાનો રહયોછ! બધો વાંક આપરા પેલા સાથી (guide) 'પોલ' નો છે. બાહર નીકલો એકદમ અહીંથી, નહીંતો તમો બધાંનો કુદુંબો કરી નાખશે." પછી પોલને બે બોલ કહી સંભલાવ્યા, "પોલ બાવા, મેહરબાની કરી ફીરસી હમો લોકકુ અઇસા બીભીસ જગાકુ મત લેજાના. સબ અમારા બચ્ચા લોક બીગડ જાતા. કુછ મનમે ઓછા મત લાના હં કે?"

તે બીચારો કંઇ સમજ્યો નહીં, તેથી મને ડોસાંએ શું કહયું તે પુછવા લાગ્યો, જેથી મેં કૂંકયું, "aunty ને ડાન્સ ઘણો ગમ્યો અને તે માટે તારો એવણુ ઘણો ઘણો ઉપકાર માનેછ, અને એવા બીજા ઘણા ડાન્સો જોવા એવણુ ઘણા આતુર છે, ઇત્યાદી ઇત્યાદી."

"Very kind, Merci beaucoup, Merci beaucoup!" કરીને કમ્મરમાંથી વાંકો વલી વલીને તે બોલ્યો.

"બાવા, એ ગોરો કમ્મરમાંથી એટલો વાંકો વાંકો કાંય થાયછ? તેં એને શું કહયું?". ફુઇએ ઇંતેજારી બતલાવી.

"જે તમે એને કહયું, તેજ મેં એને સમજાવીને કહયું કે, 'ફુઇજીને ફરીથી એવા નાચો બતલાવતો નાં, એવણુને એવું મુદ્દલ પસંદ નથી." સેવકે તોલ્લો મારયો.

"તારા પરથી બધી મરી જાઉરે, મારો કેવો કહયાસરનો દીકરો છે! ધન્ય છે તારી જન્તીને! ખરેખર માંય, દીકરા હોય તો એવાજ હોજો! આય તમેબી બેઉ ચંડાલો છેવની?" ફુઈ, ફલુ અને સોલુ તરફ જોતાં બોલ્યાં.

આવી રીતે ફરહર કરતાં સહવાર પડી અને જે જગ્યા ઉપર અમારૂં એરોપ્લેન હતું, ત્યાં જઇ લાગ્યાં. બીજાં સઘલાં passengers બી આવી પ્હોંચ્યાં અને એકાદ કલાકમાં અમારૂં વીમાન બરલીન તરફ જવા ઉપડયું, કે ફુઇએ પાછો પોતાનો બકબકારો શરૂ કીધો, "ખરેખર માંય વેલાત તે વેલાત અને હીંન્દુસ્તાન તે હીંન્દુસ્તાન! જાણે દોજખખાનામાંથી બ્હેસ્તખાનામાં આંયાં હોયે તેવું બધું લાગેછ, હારે માય, હું કેવું ઇચ્છુછ કે હું વેલાતમાંજ જન્મી હોતે! બ્હેસ્તરે મારા ફરદુનજીને! બ્હેસ્તી જો આજે જીવતા હોતે તો બધું જોઈ કરીને કેવા મલકઇ મલકઈ જતે જો."

પ્રકરણ ૫ મું.

—••••○◉○••••—

અંતે બરલીન અમો આવી પહોંચ્યા,
કુદ્દાવી, પહાડ, પર્વત, પાણીનાં ખાબોચ્યાં,
ફુઈના ફેસ્તા ફજેતાથી મસાનનાં મુરદાંબી જાગી ઉઠયાં,
ફલુ, સોલુ સાથે સેવકેબી માથે માથાં કુટયાં.

હીટલરની કમબખ્તીનો નખાયલો પાયો.

બરલીનમાં અમારી પધરામણી—સારી વધામણી—વખત જતાં
ભણુશે હમારી પટેટ રૂવાનની.

સાંજ પડતાં હમો લગભગ ૫ વાગતાને સુમારે જરમની આવી પહોંચ્યા, અને વીમાન ધીરે ધીરે નીચ્ચે ઉતરવા લાગ્યું અને જમીન ઉપર

ઉતરતાં કોણ જાણે pilot એ શું છબરડો કીધો, તે વીમાન મક્કમ રીતે જમીન સાથ અફ્ડાયું, અને અંદર સર્વ passengers ફુટબોલ થઈ ગયાં. ફૂલીની નસકોરી ફુટી ગઈ, સોલુનું નાક છુંદઇ ગીયું, જીજણુંનો હાથ મોરચાઇ ગીયો, અને ફુઇ તો આખાં બેઠક ઉપરથી ઉછલી ઉપર સીલીંગ સાથે સખ્ખત રીતે અફ્ડાયાં, અને સેવક તથા પેલા મારવાડા સીવાય બધાં ઉતારૂઓને ઓછી વધતી ઇજા થઈ હતી.

તુર્ત હું ડોસાં પાસે દોડી ગીયો અને જોયું તો એવણુનાં માથાંમાંથી ધોધમાર લોહી વહેવા લાગ્યું. સોલુબી નાક પકડતો પકડતો ત્યાં મદદે દોડી આવ્યો અને બરફ અને કોલનવોટર માટે બધી દોડધામ થઇ રહી, અને અમારૂં વીમાન તો ગોયા જાણે ઇસ્પીટાલમાં ફેરવાઈ ગયું. પેલો જાડો સાહેબોબી ડોસાંને પાટાપુટી બાંધવામાં તથા સારવાર કરવામાં મદદ લાગ્યો અને ફુઇએ પાછાં અસલ સુધ્ધીમાં આવતાં બકબકારો કીધો, "એ મુવો હાંકવાવાળો આંધરો ઉતો? મુવાને જમીનબી દેખાઇ કે નહીં? આય બધાંઓનાં હાડકાં પાસરાં ધીલાં કીધાં અને દવા દારૂનો ખરચ થયો, તે કોણ એ હાંકનારનો બાપ બંધેવી આપશે કે? આખર કરે તે કાલા આદમી તે કાલા આદમીજ તો."

"વરી એવણુ કયાં ગોરા આદમીના પેટના છે, કે બીજાંને કાલા આદમી કરીને કહે છે! આખર કરીને હીન્દુસ્તાની ને ફર હીન્દુસ્તાની? વરી બોલતા નથી ત્યાં સુધી છેકજ ફ્રાસ્ટ જાય છે?" ફૂલી મારી આગલ બબડયો.

"શું કરશું દીકરા! એવણુને કોણુ કહે ને સમજાવે! આપરાં નસીબમાં ભોગવવાનું તે ભોગવવાનુંજ તો! ડોસાં કંઇ આપરૂં સાંભળવાનાં

હતાં ? પેલા કહે તેમ, 'નહીં બોલ્યાનાં નવ ગુણ ને બોલ્યે તો થાય ખુન,' તેવો બધો અહીં હીસાબ છે. ચાલવા દેવ, જેમ ચાલે છે તેમ," સેવકે ફુલીને જરા આમ ઠંડો પાડયો.

જેમ હસ્પીટાલમાંથી લુલા લંગડા બાહર પડેછ, તેમ અમો એકએક પછી એકએક તે વીમાનમાંથી બાહર નીકળ્યાં અને ત્યાં એકઠા થયલાં લોકો જાણે હમો કોણ જાનવરો હોઇએ, તેમ ફુલયાં જેવા ડોળા કાઢી, હમો તરફ ટગર ટગર જોવા લાગ્યાં. મોટા પેટ તથા કદ્દાવર આંગનાં જરમનોને જોઇને અમારા હાંજા ગગડી જવા લાગ્યા, અને સોલુએ નીસાસો નાંખ્યો, "મંચા, આપ પીલતન જેવા અને કદ્દાવર આંગના લોકો વચ્ચે આપરે કેમ જીવી શકશું ? એક તો આપરે પરદેશી પડયાછ અને એમ કહેછ કે, જરમન લોકને હીન્દી લોક માટે જરારતી સુગ હોયછ, તે રખે આપરે અહીં કામ ધંધો શરૂ કર્યે, તે અગાઉ ગાંસડાં પોટલાં બાંધી આપુને પાનીચું લેવા કહે, તો આપરૂં શું થશે ?"

"જા, જા, છોકરી. તારામાં હીમ્મત નહીં હોય તો પાછો મુંબઇ ચાલી જા. તું રૂસ્તમ સોહરાબની તોખમનો થઇ આવી હીચકારી વાત કરે, એ મેં કદી નહીં માનેલું !" સેવકે જરા સોલુને ઝાટક્યો.

તે દેશના રીવાજ મુજબ, જેવા કોઇ પરદેશીઓ જરમનીમાં પગ મુકે, યા તો કે છોડી જાય, તે વખતે ત્યાંની પોલીસ હરેક આસામીની ઝડતી લેતી હતી, તે મુજબ જેવાં હમો વીમાનમાંથી ઉતર્યા કે, ચાર પાંચ આદમીઓએ આવી હમારી ઝડતી લેવા માંડી. ફુઇ તો પોતાની સાથે લીધેલું થોડુંક ઝવેરાત કોઇ ચોરી યા લુંટી નહીં જાય, કરીને ચાલુ ચોટીમાં લઇને ફરતાં હોવાથી, જેવો એક આદમી ફુઇની ઝડતી લેવા સારૂ તેવણુની નજદીક આવી લાગ્યો, કે તુર્ત મારી હંમેશની રીત પ્રમાણે મેં કહ્યું,

"Eh Mister, in our religion it is a sin to touch a woman and if any person commits that crime, he is punished with death. You know well that—

A flower is to smell, but not to pluck,
A woman is to see, but not to touch.

આ મારી સુફીયાણી દલીલ અને બબડાટથી પેલા આદમીએ ગભરાઇને ફુઇની ઝડતી લેવાનું માંડી વાલ્યું અને જીવણુંની ઝડતી લેતાં તેને

ધોત્યાંમાંથી મજબુત પકડયો. ગરીબ બીચારો જીવણો! એ તો ગભરાતમાં ઝીક્કો ફ્ય થઇ જતાં મને કહેવા લાગ્યો, "તમારે પગે પડતો છું, મંચી છેટ, મને આ છેતાનના હાથમહીંથી છોડવો. ધોત્યું ઓત્યું છોરી નાંખછે, તો મારી આબરૂ જાછે, અને બીજું ધોત્યું હું કીહાંથી લાવછ, અહુવે! અમો ગરીબ મનીખ પડયા, તો અમારાં મોટાંબાઇ માફક ઓટીમાં તે છું સંતાડી રાખ્યે?"

"તારૂં સત્યાનાશ જાય તારૂં જીવણા! એ તું શું બફાટ કરી મરેછ? પેલો ગોરો સમજી જશે, તો મોટાંબાઇને પકડી સીધ્ધો જેલમાંજ પુરશે. ખુદા ખાતર તારામાં અકકલ નહીં હોય, તો મુંગોજ ગગરી મર," મેં જીવણાંને ચેતવ્યો.

"માફ કરો છેટ, હવે ફરીથી એવી ભુલ નહીં કરૂં. ઓલા ગોરાને છમજાવી મને છોરવો, નહીં તો મારાં બઇરી છોકરાં બાપલા વીનાના થઇ જછે, અહુવે!" જીવણાએ ફરી પાછી આજીજી કીધી.

પેલો ગોરો જે હમારી ઝડતી લેતો હતો, તે તપાસપરથી માલમ પડયું કે, અમેરીકામાં જન્મ્યો હતો અને કઇંક વરસો થયાં જરમન citizen બની police માં નોકરી કરતો હતો. મેં તેને જીવણાંને નહીં હેરાન કરવા માટે સમજાવ્યો, તે બીચારો કાંઇ અસરાફનો ફરજંદ હોશે, તે જીવણાંને જતો મુકયો. તેટલા વળી એક બીજાએ આવી હમારો સામાન તપાસવા માંડયો, જે ઉપરથી ડોસાં છેડાયાં, "મરે ભસ્તેગીઆઓ કહેવા શું માંગેછ? જાણે એ લોકના બાપદાદાઓનું આપરે કંઇ લીધું ખાધું હોય, તેમ આપરો સામાન સાંનો તપાસવા નીકળ્યા? જાણે આપરે બધાં ચોર અને એ મુવા સાહુકાર! તમે ત્રણો જણાં એમ અદુખરાઓની માફક જોયા શું કરોછ?"

"અરે પુઇજી માય, એમાં એ બીચારાનો શું વાંક? એને તો એની ફરજ બજાવવાની. એમ તો આપરા દેશમાં કાંહ નહીં પોલીસવાલાઓ જડતી લેતા? લેવા દેવ એને, પોતાની મેરે થાકશે." મેં પુઇને ઠંડા પાડયા.

સામાનની તપાસ લેતાં પેલા આદમીની નજર કેરીની ચટણીની બાટલી ઉપર પડી અને અંદર શું હતું તે કુલીને પુછયું.

"ઓ ઇટસ કેરી કા ચટણી," કુલીએ ખુલાસો કીધો.

"What do you mean by ચાટણી ?" પેલાએ પાછો સવાલ કીધો.

"Don't you know those sweet things which grow on the trees in India, what they call Indian mangoes and the whole thing is called Indian mangoes pickles," સેવકે ખુલાસો કીધો.

"Oh, I love Indian mangoes," કહીને પેલાએ ચટણીની બાટલી ગજવામાં સેરવી દીધી.

"અરે એ મુવાને કોઈ પુછે ? જાણે એના બાપનો માલ હોય તેમ કેવી સફાઈથી પેલી બાટલી ગજવામાં સેરવી દીધી. કંઈ નહીં મુવા, બાટલે પરીને ખાજે, એવી અમારી તુમકુ કહુવા હય !" ફુઈએ તેને શાપ મારયા.

"Eh! Mister! What's that old woman grumbling about?" પેલા ગોરાએ આતુરતાથી મને પુછ્યું.

"About nothing Sir! On the contrary, she thanks you a lot for your generosity, and hopes that you will enjoy her pickles very much," મેં તેને ઉંધું સમજાવ્યું.

"મરે મંચા, પેલો મુવો ગોરો તારા કાન ઉપર પડીને તુંને શું કહેતો'તો ?" ફુઈએ આતુરતાથી પુછ્યું.

"કંઈ નહીંરે ફુઈજી, એતો એમ કહેતો'તો કે તારાં ફુઈ, કંઈ ઘણું થોડું બોલવાવાલાં, ખાનદાની અને ઘણાજ આબરૂ ઈજ્જતવાળાં છે." મેં ફુઈને ચઢાવ્યાં.

"બાપેદાદે! એતો બાવા જેવાં માણસ તેવીજ વાત થાયતો! ઓંજયા, દુવા માંગ કે તારે નસીબે તુંને મારા જેવી ગરીબ, નમાની ને સદ્‌ગુણી ફુઈ મલીછ," ડોસાંએ પોતાની તારીફ કીધી.

"ખરૂં છે ફુઈજી, બીલકુલ ખરૂં છે! એવાં ફુઈ તો સગા બાંપને નહીં મલે! ખુદા કેદાહરે અમારો છુટકારો કરશે," સેવક મનસે બોલ્યા.

"શું કહ્યું બાવા, શું બોલ્યો?"

"અરે કંઇ નહીંરે ફુઈજી, એતો મારી હમેશાની રીત મુજબ હું મન સાથે કંઈ બોલતો'તો," ફુઈને મેં બનાવ્યાં.

પછી પેલા ઝડતી લેનારા માણસે જાત જાતના વીચીત્ર સવાલો પુછ્યા કે, "તમો પરણેલાં કે કુવારાં? તમોને કંઈ છોકરાં બરાં કે? ક્યાં સુધી અભ્યાસ કીધોછ- કાંઇ રહોછ- તમારી આવક કેટલી- મોટર ગાડી છે કે- ટેલીફોન રાખોછ કે. સીનેમા નાટક કંઇ જોવછ કે, અને કેટલા, વીગેરે વીગેરે"

આ સાંભળતાં ડોસાં છછની પડ્યાં, "મરે એ મુવો એવા સવાલો પુછનારો કોણ થાયછ? આપરા ઘરબાર તથા ખાનગી વાતો જાણવાની એને કોણે સત્તા આપીછ? મુવો પોતાનુ ઘેરબાર કાંય નહીં તપાસી મરતો?"

ખબર કાઢતાં માલમ પડ્યું કે દેશના રીવાજ પ્રમાણે પરદેશીઓ જ્યારે જર્મનીમાં દાખલ થતા, ત્યારે એવા સવાલો પુછવામાં આવતા હતા અને નહીં કે કોઇ બીજા કારણોસર.

સર્વ passengers ઓએ પોતે પોતાનો રસ્તો લીધો. અમો અમારે સારૂ રેહવા માટે, કોઈ હોટેલ, યાતો કે ખાનગી મકાનની શોધમાં નીકળ્યાં. રસ્તામાં અમારાં ફેન્સી કપડાં તથા અમારા દેખાવો જોઇ, બધાં અંદર અંદર ગુસ ગુસ કરવા લાગયાં અને કેટલાંક તો અચરત થઈ હમો કોણ જાનવરો હોઇશું, તેમ ઉપરથી નીચ્ચે વેર ટીકી ટીકીને ભોપવા લાગયાં. એકતો હમારામાંથી કોઇનેબી જરમન ભાષા આવડતી નહીં હોવાથી, ઘણી મુસીબત પડવા લાગી, પણ બાજુમાંથી કોઇ પસાર થતો આદમી, કે જે થોડું ઘણું અંગ્રેજી જાણતો હતો, તેને પુછતાં નજદીકમાં એક મકાન બતાવ્યું, કે જેનો ધણી, તેના મકાનમાં paying-guests તરીકે કોઇપણ ઉતારૂને રાખતો હતો. સરસામાન સાથે ત્યાં હમો જઇ પોહચ્યાં, અને ધીરે રહીને મેં તેનું બારણું ઠોક્યું, કે કોઈ એક બતકા, ફેચરા, અગલી હેલ જેવા જણાતા આદમીએ બારણું ખોલી, પોતાની ભાષામાં કંઈ બબડયો ખરો! હમો તે ભાષા નહીં સમજી શકતા હોવાથી, તેણે ઘરમાંથી બીજા કોઇ આદમીને, 'રૂડોલ્ફ'! 'રૂડોલ્ફ'! કરીને બાંગ મારીને બોલાવ્યો. સારે નસીબે તે થોડુ ઘણું અંગ્રેજી સમજતો હોવાથી, મે તેને હમો પાંચ જણુને, તે મકાનમાં આશરો આપવાને વીનંતી કીધી, અને તેણે પેલા બતકા સાથે કંઇ કાનમાં, તે લોકની જરમન ભાષામાં ગુસ.ગુસ કરી સઘળા સરસામાંન સાથે અંદર લીધા.

"યા ધણી તારી મદદ! દાદાર અહુરમઝદ તારો આશરો!" એમ મનમાં બોલી, ૫ ગણા અહુરેરીયો અને ૩ અશેમવહુ ભણી.કરી હમો જમણે પગે તે મકાનમાં દાખલ થયા, કે જે મકાન જરમનીના એક ઉપયોગી, ઉપયોગી તથા

ધંધાદારી શહેર "બ્રેમન" ના એક અગત્યના રસ્તા ઉપર હતું, અને જેવા હમો દાખલ થયા, કે તે ઘેરધણીએ અમોને ફેરવીને પોતાનું મકાન બતલાવ્યું. તે ત્રણ ઓરડાનુ હતું, જેમા ઘેરધણી, તેની એક કોકટ (કુંમી કોકટી નહીં હકે!) બૈરી એક નાનું બાલક તથા તેનો પેલો નોકર 'રૂડોલ્ફ' કરીને રહેતા હતા. એક રૂમમાં તે માટી બઈયર અને બાલક કરીને રહેતાં, બીજો રૂમ સીટીંગ અને ડાઇનીંગ રૂમ તરીકે વપડાતો, જ્યારે ત્રીજો રૂમ ખાલી હતો, કે જેમાં paying-guests ઓને રાખવામાં આવતા હતા. તે રૂમ નાનો હતો જે માત્ર બે બીછાણુંની સગવડ સાથે બે આદમીને રેહવા લાયકનો હતો, જે રૂમના હમો પાસે રોજના રેહવા ખાવાના સુવા ઉઠવાના આશરે રૂ. ૫૦ માંગ્યા, કે પુઇનો કાંડો ખીલી ગીયો, "લુંટો મુવાઓ લુંટો! હમો પરદેશીઓને નહીં લુંટસો, તો કોણુ બીજાંને લુંટવાના છેવ? જો જો તો ખરા, કે અહીં વેપાર ધંધો કરી, હમેબી તમો લોકને કેમ લુંટયેછ તે! કેમ ખરૂં કે નહી, મંચા કલેજાં?"

ન છુટકે હમો કબુલ થયાં અને પેલા રૂડોલ્ફને હમો તરફ જીતી લીધો અને તે રૂડોલ્ફ અસલ રશીયાનો રહીશ હતો અને છેલ્લી લડાઇમાં એક કેદી તરીકે પકડાયો હતો, અને ત્યાર પછી તે કાયમનો જરમનીમાં settle થયો હતો. તે થોડું ઘણું અંગ્રેજી જાણુતો હોવાથી interpreter તથા guide તરીકે અમોને ઘણો કામમાં આવ્યો. રૂડોલ્ફ આગલ અમો શું કામ અત્રે જરમની પધાર્યાં હતાં, તે વીગતવારે બધું તેને કહી સંભલાવ્યું, અને તેણે હમોને સર્વ મદદ તથા સલાહ આપવાનું વચન આપ્યું.

એક બીછાણુંમાં પુઇ સુતાં અને બીજા બીછાણુંમાં એકએક ઉપર તાંટયા ચઢાવી લાત મુકકીઓ મારી અમો સુતા, અને જીવણો તો જમીન ઉપર સેત્રંજી પાંઠરી સુતો. સહવારે રાબેતા મુજબ ઉઠી દાતન મોંઢુ કરી ચાહ નાસ્તો લેવા બેઠાં. કમબખત ઘેરધણી કોઇ ઘણો ચીસ્સો મારવાડી હોરી કે શું, તે એક નાલ્લી જેવી કીટલીમાં ચાહ, થોડુંક દુધ ખાંડ, ગણત્રીની પાંઉની ચાર પાંચ કાત્રી, થોડુંક માખણ જેલી વીગેરે ટેબલ ઉપર મુકવામાં આવ્યું હતું, અને બાજુમાં એક ડીશની અંદર થોડુંક પોરીજ હતું, જેમાંથી થોડુંક કાઢી મેં પુઇની પ્લેટમાં મુકયું અને તે ખાવા જતાં અંદરથી એકાદ કસારૂં નીકલતાં પુઇ પાછાં ઉખડયાં! "તું ખવરાવતો મરે એમનો એમ! એ મુવા તુમ ક્યા ખવરાવતા છે? ઉસ્કો કીયા 'પોરીજ' બોલતા? મુવા ખોબા ભરકે

પૈસા બેલા, તે ક્યા કસારાં ખવડાવવા કે? અને દાંતના પાંઉ માખણમેથી બચા ક્યા ખાયગા ઔર બચેગા? તમારા કરતાં તો અમારા મખ્ખીચુસ મારવાડીઓ સારા? દીકરા મંચા, આપુને કેઠે બીજે જવુંજ પડશે. અહીં રેહવામાં કંઈ શુકરવાર વલવાનો નથી."

નાસ્તો ખાઈ હમો રૂડોલ્ફ સાથે નવું ઘર તથા ધંધા માટે નવી જગ્યા શોધવા નીકલ્યાં. રસ્તામાં એકાએક મારી જીભ કરડાવા માંડી, અને મને યાદ આવ્યું કે વચન મુજબ અમારી જરમનીમાં થયલી પધરામણીના શુભ સમાચાર કુંવરને આપતાં ભુલી ગયો, તેથી ત્યાં નજદીકમા કોઈ એક ટેલીગ્રાફ ઓફીસમાં જઈ નીચે મુજબ તાર કીધો:—

"Arrived safe and sound in a German town 'Bremen' along the river Rhine right down! Love"

Munchi.

ફરતાં ફરતાં હમો તેજ રસ્તામાં દેખાતાં એક ખાલી મકાન આગલ આવી લાગયાં, જે મકાનનો ધણી બાજુનીજ બીલડીંગમાં રહેતો હતો, અને તે કોઈ રૂડોલ્ફનો મીત્ર હોવાથી, રૂડોલ્ફે પોતાનો લાગવગ લગાડી, તે મકાન કે જેમાં માત્ર ત્રણ ઓરડા હતા, તે સસ્તામાં વગર પાગડીએ ભાડે અપાવ્યું, અને નજદીકમાં તેજ ધણીની એક ખાલી દુકાન હતી. તે પણ અમોને વગર પાગડીએ અપાવી, અને હમો પરદેશી હોવાથી ભાડાં માટે રૂડોલ્ફ guarantee થયો, અને રૂડોલ્ફને મોટી લાલચ આપી અમારી સાથે લઈ લીધો, અને તેણે મોટી ખુશી સાથે હમારી ઓફર કબુલ રાખી, જે માટે હમો ખુદાનો આભાર માનવા લાગ્યાં.

આવી રીતે હમો હમારી નવી જગ્યાએ જઈને ઠરીઠામ થયાં અને ગુસ્તાદ મહીનાના આસ્તાદ રોજે પેલી હમારી 'Indian curios' ની દુકાનનું

મુરતબી કીધું. ફ્લી, સોલુ તથા હું નાવર થયલા હોવાથી જસનની પવીત્ર ક્રીયા કીધી, જે નીહાલવા રૂડોલ્ફનું કુટુંબ તથા તેના મીત્રો ત્યાં પધારયા હતાં, અને ઘણો interest લઇ બધુ જોતા હતાં, અને પુઇએ ત્યાં હાજર રહેલાં સર્વે જણને દારમ તથા દરાનની ચાસણી કરાવી સારી શરૂઆત કીધી. ક્યુરીઓસમાં તો હમો પાંચે જણનાં ફોટાઓ, ધાટપોટની ઇજારો, પુઇને હાથે ભરેલી કોરો, પાણીના અચાર, કેરીની ચટણી, ટપકીર, ગાંધીજીનો રેંટીઓ, વીગેરે વેચવા સારૂ ખુલ્લી દુકાનમાં મુકયાં. 'counter' ઉપર સેવક બેઠા, Master of ceremonies તરીકે ડોસાંને નેમ્યાં, સોલુ તથા ફ્લીને વેચાણ ઉપર રાખ્યા, અને જીવણુંને parcel ઓ બાંધવા તથા દુકાન સાફસુફ રાખવાનું કામ સોંપવામાં આવ્યુ, અને ઓલા રૂડોલ્ફને all round manager તથા કેનવાસર તરીકે નેમ્યો. પંદર દિવસની અંદર તો હમોએ લગભગ પાંચ હજારનો વકરો કીધો, જેથી પુઈ ગેલમાં આવી જઇ બોલ્યાં, "મરે મુવાઓને કેવા બનાવ્યા! આપરે મુંબઇમાં હોતે તો પાંચ દોઢયા નહી જોતે. મરે કહેજે જરમન લોકો ઘણા બાહોશ ને ચંચલ, પણ મારા મત મુજબ તો પેહલા નંબરના ગધેડાઓ છે! લુંટો, જેટલું લુંટાય તેટલું લુંટો. ને મંચુ દીકરા, તું અબધડી કુંવર ઉપર તાર કરીને કહે કે, મારી બધી વધીસધી જુન્ની ફાટીતુટી સારીઓ, તથા આપરાં ઘેરમાં વધ્યોસધ્યો જરીપુરાનનો સામાન વીગેરે બનતી ઉતાવલે મોકલી આપે, અને ફ્લી ને સોલુ તમેબી તેજ મુજબ કરો. વેકો તો જોઉં—

લુંટાય તેટલું લુંટો, દિવસ આજ તમારો છે.
ખરેખર બાપુ, બખતાવર આજ દહારો છે.
લુંટી લેવો, તમારાથી થાય એટલી લુંટ
ફરીમલસે નહીં, આવી તમને કદી છુટ.

આવા હમારા ધીકતા ધંધાની ખુશાલીમાં પુઇએ ફ્જેતા, આઈ મીન ફ્રેસ્તા કરાવ્યા, અને આજુબાજુ બધે ચાશણી વેંહચી. એમ તો ડોસાં મારાં સુધરેલા વિચારના હતાં અને ભણાયલુ કીધેલું કોઈ જાત પરજાત, યાતો કે દરવનબી ખાય, તે માટે એવણને જરાબી વાંધો નહીં હતો. (ઝનુની પારસીઓ, પ્લીઝ, વરી ખુદા ખાતર excite ના થતા!) એવણને મેં એમ નહી કરવા ઘણીબી વખત સમજાવ્યાં, તો વરી ઉપરથી મને બે બોલ કહી સમજાવતાં, "ચુપ મુવા! તુંને કોણે પુછ્યું? એમાં તમો નાહ્લાં બચ્ચાંઓ શું સમજો?"

ત્યાંનાં લોકો તો કોઇ ઘણું વીચીત્ર આદમીઓ લાગતાં. પાણીને બદલે એ લોક ચાલુ બીર પીતાં, જે મેં પુઇને પીવાને ઓફર કીધી, તો થોડો ચાખતાં ફફડયાં, "એ લોક પીતા મરે એમના એમ! રંગમા ને દેખાવમાં તો જાણે નરો આપરો તરો! એનાં કરતાં તો આપરાં ગામઠી મોવરાંને સો ભલાઈ!"

એ લોકનો ખોરાક અમને માફક નહીં આવવાથી પુઇજી પોતાને હાથે હમારે સારૂ પારસી ખોરાક રાંધતાં અને રૂડોલ્ફને તે ઘણો માફક આવવાથી, તે ખુશી ખુશી થઇને ખાતો, અને ધીરે ધીરે રહીને પુઇએ, એ બધી વાણીઓ, જેવી કે ધાનશાક, કવાબ, મચ્છીના કરી ચાવલ, દોધીમાં ગોસ, વીગેરે પકાવી, અમારી દુકાનમાં વેચવાનું શરૂ કીધું, અને લોકોને ઘણું પસંદ પડવે, પુઇ પાસે કોઈ પણ ભોગે 'રેસીપી' આપવાને બહુ દબાણ કરતાં, ત્યારે ડોસાં બે હાથ જોડી ખુલ્લું ના કેહતાં, "કયા વાત લાયા! તુમ મુવા ચોર લોકો શીખી જાવો, પછી અમારા પારસીઓનું શું થાય?"

પુઇના આવાં સખાવતી જીગર માટે અમો શાબાશી તથા મુબારકબાદી આપતા, તેમ તેમ એવણ ઘણાં ખુશી થતાં. જોતજોતામાં હમોએ મંગાવેલો વધારાનો ભાંગોતુટો સામાન આવી લાગયો, અને જરમન સરકારના કાયદા મુજબ કોઈ પણ આદમીથી, કંઇ પણ સામાન import થઇ શકે નહીં, પણ રૂડોલ્ફે પોતાનો લાગવગ લગાડી, મોટા ઓધેદારોના હાથો દબાવી, વગર ડયુટીએ બધો સરસામાન પાસ કરાવ્યો, જે હમો બધો વેચી સાટી, નીહાલ નીહાલ થઈ ગયા.

નામ મારૂં મંચેરશાહ, છું હું પારસી એક વફાદાર,
ખરૂં કહું સેવક છે, મોટા ખાનદાની દેવાદાર.
નસીબ ફરયુંછ મારૂં, બન્યોછ હવે હું માલદાર,
આજે ખીચડી પાટયો, તો કાલે ખાઇસ મોરૂં ધાનદાર.

ધંધાની મ્હોંકાણને લઇને હમો સહવારથી સાંજ બહુ રોકાયલા રહેતા, અને ફરસુદનો ટાઇમ મલે તે ફક્ત રાતના ખાધા પછી, તે મુજબ એક દિવસ, રાતના ખાઇ પી હમો ફરવા ચાલતાં નીકલ્યાં. રસ્તામાં પસાર થતાં કોઇ એક આસામીથી ભુલમાં પુઇને ધક્કો લાગયો કે શું, તો તે બીચારાને આરો ઉભ્ભો લઈ નાંખ્યો, "તું મરે મુવો આંધરો એમ નો એમ! અમેરે જઇસા ગેહે ગેહે ભણનાર પવીત્ર બાઇકા આંગકુ અથડતા તુમકુ શરમ

નહીં આયા? અમેરા નાન ભાગા ઉસ્કા પાપ તુમેરા માથે. મરે મુવા ઉપ-રાઓની માફક ઉભા રહી જોયા શું કરોછ? પકરો એ મુવા બદમાશની પુઠ!"

High authority તરફથી મલેલા હુકમને તાબે થઈ સોલુ, ફુલુ, જીવણો અને હું કરીને તે આસામીની પુઠે જઇ, તેને જમીન ઉપર પટકી, મેંડીપાક જમાડી, તેને લોહીલુહાણ કરી મુકયો, અને સાથે સાથે ત્યાંથી પસાર થતા રાહદારીઓએભી, કંઇ પણ જોયા જાણ્યા કે ખબર કાઢયા વગર તે બીચારાને ગુંડીપાક જમાડવામાં હમોને મદદ કીધી, જેથી ફુઇએ જરા રતી તેની દયા ખાધી, "કોઈ ભુરાંઓના હાથ ભાંગે! તે બીચારા કોઇ નીર્દોષ આદમીને મારી કરી તેનો ભુકો કરી નાખ્યો, ગરીબ બીચારો લુચ્ચો ચોર! એમ તે કોઇને મારવાનો હોય!"

જાણે કંઇ બન્યુંજ નહીં હોય, તેમ ત્યાંથી હમો ચાલી ગયાં, અને બાજુમાં ઉભેલી એક બસમાં ચઢી બેઠાં. બસ આખી ચીકાર ભરેલી હતી, અને એક નાનો બાજત, કે જેની ઉપર કોઇ એક ભેંસ જેવો જાડો આદમી બેઠો હતો, તેની બરોબર પાસે એક સીટ ખાલી હતી, ત્યાં ડોસાંને બેસાડયાં, અને બસ ચાલવા માંડી. પેલો જાડો આદમી તો બેઠો બેઠો કરારે ચીરૂટ પીતો પીતો ધુમાડો કાઢવા લાગયો. ફુઇએ તે ચીરૂટ તેનાં મોઢામાંથી ખેંચી કાઢી બારીએથી બહાર ફેંકી દઈ, તેને ગાલગલોચથી ધોઇ નાંખ્યો. "મુવા બેશર્મ મરધા! કોણુકી રજાથી તુંમ બાઇ આદમીકી જગા ઉપર બેઠા? બેઠા તો બેઠા, ને વરી ઉપરથી બીરી ફુંક કર, અમેરા આંગ ઉપર ધુમાડા ઉડારતા. અમેરા ધર્મકા કુછ ખ્યાલભી નહીં કીયા!" અને પછી સોલુ તરફ કરીને બોલ્યાં, "સોલુ, આય મુવા ભેંસને જોયો કે? મુવો ખાઇ ખાઈ ને કેવો પારા જેવો થયોછ તે! મુવાને કાપ્યે તો અધું મુંબઈ જમે! આય તમો લોકોભી સુક્કા લેવટા જેવા સોહરાયલા સુકાયલા છેવની!"

પેલો સાહેબો તો મોટા ફુલ્યાં જેવા ડોળા કકરાવી હમોને ગુરકવા લાગયો, અને વધુ કંઇ માઠો બનાવ બને નહીં, કરીને જેવી બસ ઉભી, તેવાજ બસ fare ચુકવ્યા વગર, અમો નીચે ઉતરી પડયાં, અને ઘર તરફનો રસ્તો લીધો.

સહવારના ઉઠી અમો અમદાવાદી બાવલની દાંખલીથી દાંત ઘસતા ઓટલા ઉપર બેઠા હતા, તેટલાં મારા હાથમાં 'એર મેલ'માં આવેલું મારે નામનું કાગલ મુકયું. કાગલ જોતાંજ, પગ પાસે મોટો જેવો બોમ્બ ફુટયો હોય, એવા ગભરાતથી હું ચોંકયો, કેમ જે સરનામા ઉપર નજર ફેંકતા,


NANUBHAI
JEWELLERS
115, ESPLANADE ROAD FORT, BOMBAY. PHONE: 27900

કાગડાનું છેર પડયું હોય તેવા પોહલા ને જાડા અક્ષરો, મારી કલેજાંની કટકી, અને આંટરડાંની ટુકડી (પીસ ઓફ માઇ લીવર) કુંવરનાજ હોશે, એમ મને કંઇક લાગ્યું. બનતી ઉતાવલે મેં તે કાગલ ખોલી નીચે મુજબ વાંચ્યું:—

"મારા નેકનામ, કદરદાન, હેતવંતા બકરાની કલેજીના કટકા મંચા,

જોકે તમો જીભરૂં, તમારી ઉપરથી બધી મરી મરી જાંઉ, કે જરમની તરફ ધસડાઈ તણાઇ જવાનેબી ચચાર મહીનાઓ પસાર થયાછ, પણ હજુ તમો ભસ્તેગીઆ બેશર્મ એકલપેતા પારસી તરફથી જુઠ્ઠાઇએ મને એક કાલો હરફબી મલ્યો નથી, તે માટે તમારે શરમઇને નીચી મુડીએ ચાલવું જોઇએ! ભત પરી તમારી કેલવણી ઉપર! ખરેખર તમારૂંબી જીગર છે, જાણે કાચબાનું કોટલું! મને જો પેહલેથીજ ખબર હોતે તો કદીબી હું તમારી સાથે પરણુતે નહીં. મારા માયબાપેબી મને કાંહની કાંહ ફસાવી! પરણેતર તરફની તમારી આવી લાગણી? ફુ પરી તમારા આવાં જીવતર ઉપર! મારા ઉપર દર મહીને ખોબા ભરીને ઘરખરચ માટે પૈસા મોકલવાના હતા, તે ક્યાં દટાઈ રહયાછ? હજુ સુધી મને એક પાઇબી મલી નથી, તે હવે હું ખાંઉ કરડું કોણુને? તમારી માય માસીને કે? ખચ્ચીતન, પેલા કહે તેમ, તમે માટી નથી, પણ કચરાની પાંટી છેવ.' એવું કરવા ખાતરજ તમો મને અહીં વાપર વખાતી નાંખી ગીયાછ, નહીં વારૂં? ખુદા તમારૂંબી શું ભલું કરશે, કેઠેના જુઠ્ઠા લુચ્ચા પારસી? બીજું પેલો તમારો બાયલો હીચકારો બફેણાંની બરણી જેવો નીંદાખોર સીપલો સગો ફુલી જંબુસરીયો (આખ થું!) કેંમ છે? હજુ મુવો જીવેછ કે? એ મુવા દોજખી દેવ, નાપાક સહેતાન, ચંડાલની બૈરીબી એને નામની રોજ પોક મુકેછ! તમોનેબી બીજો કોઇ સગો મલ્યો કે નહીં? માટે જોવ, મંચેરશાહ, હું તમોને આ લખી છેલ્લો ultimatum આપુંછ કે, જો આજથી લગભગ ૨૩॥ કલાકમાં ઘરખરચ માટે મારા ઉપર પૈસા પેલા કાંડાબાતી રૂમાલમાં પેક કરીને નથી મોકલ્યા, તો હું ન છુટકે અને મારી રાજીખુશીથી, અત્રેની કોર્ટમાં જઇ, તમારી ઉપર ભરણુપોશણુની ફેરીયાદી માંડી, ઠોકીને તમારી પાસે, ને નહીંતો તમારા સગા બાપ પાસે પૈસા લેવશ, ને બે દુ બાવીસ વખત લેવશ, તોજ હું તમારી એફપુરી, હેતવંતી ને કદરવંતી (?) કુંવર. ચાલો હવે તમારૂં આવી બન્યુંછ. એમ સમજી મોત ચેતીને ચાલજો, અને થોડે લખવે ઘણું સમજી મરજો—

લી૰

તમારી હમેશાની તજાયલી, હીણાયલી,
દુખયારી કુંવર"

કપાલે ચીલ્લો ચઢાવી મને કાગલ વાંચતો જોઇ ફુઇએ પુછ્યું "મંચા, એ કુંવર શું લખેછ? બધી ખબર સારી તો છેની?"

"હારે ફુઇજી, ખબર તો બધી સારી (ફકટ મોતના સમાચારજ છે.) એતો બીચારી આપરા વગર જુરી જુરી જાયછ, ને લખેછ કે, કોઈ વખત એને એવું થાયછ કે, ઓય દેતીકે બારીએથી નખાવી દે. કહેછ કે પાસેના આપરા મોબેદ દારબદારૂને તાંહ ૭૫ મેં વરસે પહેલવેહલો બુચો આયોછ, તે દારબદારૂએ ખુશાલીમાં બારણે ઢોલીઓ બેસાડી, આખે મોહલ્લે જલેબી વેંહચી ઇત્યાદી ઇત્યાદી," સેવકે ફેંક્યું.

"મરેરે! મરેરે! એ દારબદારૂનેબી કોઇ પુછે! આએ ઉમરે તે કંઇ એવું કરવાનું હોય! હારે માય, જેનો હોય તેનો જીવતો રહે! ને મંચેરશાહ, તમેબી છેવની? આ ઉપરથી કંઇ ધડો લેશો કે? ગરીબ બીચારી કુંવર! મરે મને એની બઉ દયા આવેછ. રખેને કંઈ નવું જુતું કરી, આપુને આપડામાં નાંખે, ને જો તેમજ થશે, તો મરે મચા, તારૂં શું થશે?"

"વરી શું થશે! સેવક રંડાશે! બધાનાંજ નસીબમાં કંઇ રંડાવાનું હોયજ! થોડાનાજ નસીબમાં બે બઇરીઓનું સુખ જોવાનું હોયછ!" સેવકે જરા ઉમેરયું.

'મારા ઘેર ઉપરથી બધું ઓવારી નાંખ્યુંરે! રંડાય, ને બે બઇરીનું સુખ જોય તારો દુશમન! ચાંદરાત જેવા સારા સપોરમે દાહડે, એવી અવર વાણી કાઢતાં તુંને કંઇ લાજ શરમ નહીં આવતી કે! મરે કંઇ એવું થાયછ, કે ઓય ભુરાના દાંત તોડી નાખું," ફુઇ મારા ઉપર છેડાયાં.

હજી તો કાગલ બંધ કરી કુંવર તથા ફુઇને નામની સરસવતી ભણું, તેટલાં મારો સગો ફલીબી મને કેહવા લાગયો કે, એની પેલી માઝનદાન બૈરી પીલઇ તરફથી, એનેબી એક લાંબુલચ, ધાકધમકી તથા બદામ દરાખ અને મીઠાં મરીથી ભરેલું, 'લવ લેટર' મલ્યું હતું, જે માટે અમો ઉંડા વીચારમાં પડયા, અને દશ મીનીટની બાંબુના થાંભલા જેટલી મજબુત કોનફરનસ (કે જેમાં હમે ફલી તથા જીવણુંનેબી સામેલ કીધા) ભરી. બેઉ જણુની બૈરીઓને નામની પટેટ ભણી ઠરાવ કીધો કે, એ લોકના નામ ઉપર ધુર નાખીને આસરે લગભગ ત્રીસ, ત્રીસ, રૂપીઆની ધરખમ રકમ, વેસ્ત-પેપર બાસ્કીટમાં પેક કરી, અંદર રદ્દી કાગલો ભરી પારસલથી મોકલી આપવી, અને તે માટે અમારા નોકર જીવણુંને બધો પાક્કો બંદોબસ્ત કરવાનો હુકમ કીધો. લેતાં ખાતાંની આઇસી તઇસી.

કેમ શું ધાર્યું ? અમારા જેવા હેતવંતા, કદરવંતા માટીઓતો આય દુન્યામાં ધણાજ થોડા હોશે.

પેલા હમારા ગાઈડ રૂડોલ્ફે, અમોને જરમનીનો છેલ્લી લડાઈ તથા તે પછીનો ધણો જાણવાજોગ ઇતીહાસ કહી સંભલાવ્યો, જે હમોએ નાકના નસકોરાં ફફરાવી, તથા કાનો ઉભા કરી સાંભલવા માંડતાં અમારા પેટમાં ધુજરાં છુટવા માંડયા, અને વધુ ઉંડાણમાં જતાં રૂડોલ્ફે અમોને જણાવ્યું કે, હાલને કાજ જરમનીનો રાજ કારભાર 'નાટઝી' નામની એક પાર્ટીના હાથમાં હતો, કે જેનો મુખી હેર એડોલ્ફ હીટલર હતો, જેને અત્રેના જરમનો તાજ વગરનો રાજાની ઉપમાં આપતા હતા. ફુઇને ચટપટ થતાં મને પુછયું, "મરે મંચા, એ રૂડોલ્ફ કંઈ નાટઝી નાટઝી, કરીને બોલ્યો તેનો અર્થ શું?"

મારી જાણે બલા કે 'નાટઝી' નો મીનીંગ શું! પણ ડોસાંને કંઈબી જવાબ આપવો તો જોઇએ, એમ ધારી મેં ફેકયું, "જોવની માયજી, જેમ આપરા પારસીઓમાં ભગરીયા ને કકરયા, બેહદીન ને અથોરનાન છેની, તેમ એ લોકમાંબી 'નાટઝી' કરીને એક મુખ્ય ટોલો છે. ખુદા ખાતર તમે રૂડોલ્ફને આગલ ચલાવવા દેવ, ને વચમાં ટકટક કરી એ બીચારાને હરકત ના કરો."

રૂડોલ્ફે આગલ ચલાવતાં હમોને જણાવ્યું કે હીટલર એક ધણોજ ખરાબ જાતનો ધાટકી, પ્રપંચી, તુમાખી, બીનજોખમદાર આદમી હતો, અને જરમન લોકો ખાસ કરીને યાહુદીઓ તેમજ પરદેશીઓને એ ધણુંજ ખરાબ treatment આપી, તે લોક ઉપર ધણોજ જુલમ તથા સીતમ પાડતો હતો. આ સમાચાર સાંભલતાં અમારા પાછલા બાર ધપકવા માંડયાં. આગલ ચાલતાં. રૂડોલ્ફ બોલ્યો કે, જેવો એક જરમન subject યાતો કે તાંહનો રહીશ ૧૪

વરસની ઉમરમાં આવતો, કે તેને ફરજીઆત લશ્કરી ટ્રેનીંગ લેવી પડતી હતી. આ સાંભલતાં ફ્લી બોલ્યો. "મારયા ઠાર મંચા દીકરા! એમજ સમજ કે આપરૂં હવે આવી બન્યુંછ! કાંહનાં કાંહ અહીં ઘસરાઈ આયાં! જેવાં આપરાં ભાગેલાં તુટેલાં નસીબ! હું ધારૂંછ કે, જલદીથી આપરી બઇરીઓ વિધવા થશે. Lucky girls, indeed!!"

ફ્રુઇ કે જેવણ આટલો વખત ગુપચુપ બેસી રહયા હતાં, તેવણ ધીરજ ખુટી જવાથી મારા ઉપર ઉલટી પડયાં, "કેમરે મંચા, આય રૂડોલ્ફે બધું કહ્યું તે સાંભલ્યું કે? તું લાવતો જતો મરે એમનો એમ, ને તારૂ ખાનુ ખરાબ થાયરે તારૂં!"

"શું જો ફ્રુઇ, જરા રતી ધીરજ તો રાખો! એમ શું જરા જરામાં આંગ ઉપર આવોછ? મેં થોડાં તમોને અમારી સાથે આવવા કહયુંતુ. તમારી રાજીખુશીથી તમે આયાં, તેમા મારો શું વાંક?" સેવકે તાપસી પુરી.

આ વાદવીવાદ અમારી દુકાનનાં દરવાજા ઉપર ચાલતો હતો, તેટલાં કોઇ એક કદાવર આંગ અને મજબુત બાંધાનો મોટા પેટવાલો આદમી અમારી દુકાનમાં દાખલ થયો, અને તેને જોતાં રૂડોલ્ફે 'હાઇ હીટલર' કરીને, જેમ આપણા મુંબઇના સીપાઇઓ, હાથ ઉંચો કરીને traffic control કરે છે, તેમ સલામી આપી, જેનો જવાબ આ આસામીએબી હાથ ઉંચ્ચો કરી 'હાઇ હીટલર' કરીને આપ્યો. હમો સર્વ આ દેખાવ જોઇ અચંબો પામ્યા, અને પેલો આસામી જરા આમ તેમ નજર કરે, તેટલાં રૂડોલ્ફે, મારા કાન ઉપર પડી મને ખબર આપી કે, તે આસામી કોઇજ નહીં પણ, જરમનીની પેલી 'નાટ્ઝી' પાર્ટીનો એ સભ્ય તથા જરમનીની આખી લશ્કરી ફોજનો તે મોટામાં મોટો ઓફીસર યાને ફીલ્ડ-મારશલ 'ગોએરીંગ' હતો, અને આબરૂ ઇજ્જતથી જેમ એણે સલામી આપી હતી, તેમ હમો સર્વ જણે આપવી.


ફરતાં ફરતાં તે કમબખ્ત ગોએરીંગ મારી આગલ આવી લાગ્યો, કે તુર્ત મેં હાથ ઉંચા ઉંચકી 'હાઇ હીટલર!' કરીને તેને સલામી આપી, જેનો જવાબ ગોએરીંગે તેજ મુજબ આપતાં ડોસાં બખાલ્યાં, "મરે પણ તુ કાંય બીજાઓની સાથે તારા ડોલા બારીને પોરા કરેછ! હાય હીટલર! હાય હીટલર! શું કરી મરેછ? શું હીટલર બીટલર ગુજર પામ્યોછ કે!"

મેં ફ્રુઇના કાન ઉપર પડી સમજાવ્યાં કે તે જરમન લશ્કરનો સેનાધીપતી ગોએરીંગ હતો અને જો કંઈ આપરે વધારે ફું ફાં કરશું, તો અચાણ્ય

આપરે બધાંનો ડબ્બો ઉડારી મુકશે. જે સાંભલતાં ડોસાં ગભરાયાં "બાવા ફુલી, સોલુ, મંચા, ખુદા ખાતર એ મુવા ભેંસ સાથે સ્યાન સલુકાઇથી વર્તજો, નહીંતો એ મુવો આપરી દુકાન જપત કરી આપુને બધાંને તોપને ગોલે ઉડારી મુકશે, અને તેમ કરતાં એને કોણ અટકાવવાનું છે? મનમાં યથા અહુવેરીઓ ભણીયા કરો મરૂં!"

"ખુદા ખાતર તસમમેબી ખુસમબ સંભાલજો હંકે! નહીતો આપરૂ બસમધાનું ઓસમટલો ઉઠયાણું, અહીં થસમઇ જશે," મે ડોસાંને અસતમ પસતમ ભાશામાં સલાહ આપી.

ગોઅેરીંગને ચટપટ થવાથી, ખટપટ કરતાં મને પુછવા લાગ્યો કે, અમો કોણુ હતા અને અત્રે શું કામ આવ્યાં હતા? મેં મારી હમેશની રીત પ્રમાણે ચાલાકી વાપડી, જેમ મોઢાંમાં આવ્યું તેમ ફેંકવા માંડયું, કે સેવકનું નામ



મેજર મંચેરશાહ માઇડીયર ઓફ બેલાડ પીઅર,
D. S. O., V. C., etc., etc.

મેજર મંચેરશાહ માઇડીઅર હતું, અને એક વખતની વાત ઉપર હીંદુસ્તાનની વરલ્ડ ફેમસ જાણીતી લશ્કરી ટુકડી બીલકુલ 'હીંદુસ્તાની' રેજીમેંટનો હું એક મોટો અમલદાર હતો, અને છેલ્લી લડાઇ બંધ પડીયા પછી મુંબઇમાં જાતજાતના અચારો તથા શેરડીનો સરકો વેચતો હતો, પણ ધંધો ભાંગી પડવાથી અત્રે જરમની આવી નવી જાતનો વેપાર કરવાનું ચાલુ કીધું, અને મને મદદ કરવા સારૂ મારા મીત્રોને સાથે લાવ્યો હતો.

પછી મારા કઝીન ફ્લીની ઓલખાણ કરાવતાં મેં કહ્યું, "ફીલ્ડ-મારશલ સાહેબ, અલાવ મી ટુ ઇનટ્રોડ્યુસ યુ ટુ માઇ બીલવેડ સગા, યાને માઈ મમ્મીસ બહેનકા છોકરા, કર્નલ ફ્લી, ઉર્ફે ફેરીઝી જંબુસરીયા. હી વોઝ એક વખતકી બાત ઉપર લેફ્ટનન્ટ કમાનડર ઇન ધી પીંધારીસ રીજમીટ એન્ડ એ direct descendent ઓફ our પેહલવાનસ રૂસતમ એન્ડ સોરાબ. હી હીઝ વેરી ગુડ એટ રેસલીંગ, બોક્ષીંગ, સુટીંગ, એન્ડ એ વેરી કલેવર accountant, એન્ડ હી ઓલસો હેઝ કમ હીઅર ટુ ડુ નોવેલટી એકસેલસીયર બીઝનેસ વીથ મી!"

"Fchr Zeyr gut goot? Very good! Very good! બોલી 'હાય હીટલર' કરીને સલામી આપતાં, જેમ પહાણો ઇદ ઉપર એકમેકને બગલગીરી કરે છે તેમ ફ્લીને કીધી, અને તેને ગોલ ફેરવીને ઉંચકીને બીજી બાજુ ફેંકી દીધો, અને હાડકાં પાસરાં દાબતાં ફ્લીએ 'હાય હીટલર' કરીને વલતી સલામી આપી બે પગ ઉપર ઉભો થયો. આ દેખાવ જોતાં ફુઇનું કયાની લોહી ઉશકેરાઇ આવતાં બોલ્યાં, "મરે એ મુવા મેડને એકાએક શું થયું? બીચારા મારા ગરીબ બચ્ચાંને એમ ઉંચકીને ફુટબોલની કાની ફેંકી કાંય દીધો હોશે? મુવાને કોઇ પુછનાર છે કે નહી? આજે ફ્લી સાથે ઘેલાં કાઢયાં, તો કાલે ઉઠીને આપરી સાથેબી એમજ કરશે! મુવાઓના આંગમાં એટલું બધું જોર કાંહથી આવતું હોશે?"

પછી જરા સોલુ સાથે introduce કીધો, "હેર ગોએરીંગ! this gentleman is our Parsi champion wrestler, હેર સોલુ સેંડો, કઝીન ઓફ ગુસ્તાદ ગેંડો, એન્ડ હી વુડ લવ ટુ wrestle with any German Sandow."

"Gut, freut mit Lehr, ihre bekanntschft zu machen," ગોએરીંગે જવાબ આપ્યો.

"એ નાતરેગીઓ એની ભાષામાં એ બધુ શું બકી ગીયો, કંઈ સમજ પડે? આપુને કંઇ ખરાબ જાતની ગાર તો નથી દીધી ને?" ફુઇએ તાપસી પુરી.

રૂડોલ્ફે એનો તરજુમો કરીને અમોને સમજાવ્યાં કે, સોલુને મલવાથી એને ઘણો આનંદ થયો છે, અને રૂડોલ્ફ કંઇ વધુ બોલવા જાય, તેટલાં ગોઅરીંગે સોલુનો હાથ shake-hands માં લેતો હોય તેમ પકડી એક પેચ આપી, જમીન ઉપર ચટ્ટોપાટ ફેંકી દીધો. બીચારા સોલુએ તો પડયો પડયો 'હાઇ હીટલર' કરીને હાથ ઉંચો કરીજ રાખ્યો. "કેમ દીકરા સોલુ, શું ધારયું? ફરીથી ફેંકું કરતો નાં, નહીં તો પાછો ફુટબોલ થઇ જશે! એ તારી હુસ્યારી નબળા પોચ્ચાઓ આગળ ચાલે, ને નહીં કે આવા પીલતન આદમીઓ આગળ!" સેવકે કહ્યું.

ગોઅરીંગ તો જાણે એના બાવાના બાગમાં આવ્યો હોય, તેમ દુકાનમાંથી બધું ઉંચકી ઉંચકીને જોવા લાગ્યો અને કવાબ, ચપટાં, પોપટજી, જેબી હાથમાં આવ્યુ, તે 'વેરી ગુટ!' 'વેરી ગુટ!' 'Danke!' (Thank you) કરીને ઉંચકી દપાટવા માંડયું, જેપર નજર પડતાં, ડોસાં બબાજ્યાં, "ખા, મુવા, તારા જીવ ઉપર ધાડ આવી હોય, તેટલુ દપાટી લે. જેટલું હરામનું ખાશે, તેટલા તુંને પુછડયા કીરા પડશે, એવી અમારી સારી દુવા છે."

પછી ગોઅરીંગે જરા પેલી કેરીની ચટણીની બાટલી ઉપર નજર પડતાં તે ઉંચકી મને સવાલ કીધો, "What is this?"

"This is that, that mango pickle, made by my aunty (આવાં ફુઇને બતલાવી) i. e. my father's sister, Madam આવાંબાઇ અદગરા She cooks everything nice and goody goody," મેં ફુઇની તારીફ કીધી.

ગોઅરીંગે પેટ પકડતાં વાંકા વલી, ફુઇનો હાથ પકડી, તે ઉપર બચ દેતી કે કીસ લીધી, તે ફુઇએ હાથ છીણવી લઇ, પોતાની સાડી સાથે નુછનાં બબડયાં, "છી, ફુ! તું ચુમી નો લેતો મરે! ભસ્તેગીઆએ તો ડુકે ડુકે મારો હાથ બધો ભરી નાંખ્યો! વાંકો વલતાં તો પેટ પકડે છ, તે લડાઇના મેદાનમાં તોપ શું ફોડી મરવાનો ઉતો? ફલી બાવા, ખુદા ખાતર એ ખાધરાને કંઇબી ઉલટું સુલટું સમજાવીને અહીંથી ખસાડ, નહીં તો એ મુવો ભેંસ, આપરૂ બધું રાંધેલું સીધેલું સફાચટ કરી જશે."

અમારી આવી ઝબાનદરાજી, રીતભાત તથા ગરભછાંટને કે કોલોજીની અસર ગોઅરીંગ પર એટલી બધી થઇ અને તે એટલો બધો તો અંજાઇ ગયો કે, જતાં જતાં એના નામનો આશરે ત્રણ ઈંચ લાંબો અને ફુટના અંગુઠા જેટલો પોહળો કાર્ડ આપી બોલતો ગયો કે, આજે તે ઘણો રોકાઇ ગયલો હોવાથી, અત્રે જાસ્તી વાર થોભી શકતો નથી, તેથી અમોએ આવતી કાલે સાંજના એને બંગલે મલવું, કે જ્યાં એ ખુલાસાથી વાતચીત કરી અમારી બરોબર ખબર લેશે.

આ સાંભળતાંની સાથ અમો અજાયબીમાં સાવ ડુબી ગયા અને ધીરે રહીને મેં મારા પેલા સગાને કહયું, ફૂલુ માયલાં, મને તો એમાં કાંઈ ભરમ લાગેછ. બરોબર ઓળખ્યા પારખ્યા વગર કાલને કાલ આપણુને એણે પોતાના મકાને મલવા કાંય બોલાવ્યા હોશે? I smell something fishy, fishy! મને તો બાપુ એમાં કંઈ જબરો ભરમ લાગેછ! અધુરામાં પુરૂં આપરે British subject (with some sound object) મુવાછ, તેને લઇને એણે કાંય નહીં આપુને ત્યાં બોલાવી, આપરી ગરદનો ડોક ઉપરથી જાહુકની વોઝ નોટ કરી ઉડારી મુકે? આજે તો કોઇ સગા બાપનોબી ભરોસો રખાય નહીં.

આજકાલ તો કોઇનો બાપુ ભરોસો નથી,
સગો તારો ગોરીંગ, હીટલર, કે મુસો નથી.
સપાટામાં આવ્યા, તો આપણા પુરે પુરા બાર વાગી જશે,
રખડતા ભીખારી વેરાગી થશે, યા મોતની સોરટી લાગી જશે.

"ખરૂં કહયું, મંચી છેટ, તમારૂં કહેવું બીલકુલ વાજબી છે. મારેબી મારી મંગલી અને પોયરાંઓને જવાબ આપવાનો છે ને?" જીવણાએ મારા બોલવાને ટેકો આપ્યો.

"જા, જા, મંચા, તું તો હમેશનોજ બાયલો હીચકારો રહી ગીયોછ! તુને ગમે તો અમારી સાથે આવજે અને નહીં તો પછી જેવી તારી મરજી."

કોણુકી તાકાત હય કે પારસી બચ્ચેકી સામે આવે,
કોણુકી માંને સુંઠ ખાવે, કે લડનેકુ આવે?
મગર એ લડનેવાલા ગોએરીંગ, હત તુમેરી અઇસી તઇસી,
કયું યારો, અમેરી બાત હય કઇસી?

ગમે તે થાય, તોબી હું તો બાપુ એ ગોરા ગોએરીંગને મલવા જવાનો ને ફ્રર જવાનો. કાંય નહીં એને મલવાથી આપરૂં કંઇ કલ્યાણ થવાનું હોય, અથવા તો કંઇ લાભ થવાનો હોય—


A cool breeze
over snow-capped hills
and mountain flowers
Tata's
EAU DE COLOGNE
80°
FROM ALL GOOD CHEMISTS & STORES IN 2 oz., TO 24 oz., PHIALS.

નસીબ જો ચમક્યાં, તો બેડો પાર છે,
અને નહીં તો આપણા ગોલ્લા બાહર છે.
મલીશું આપરે એને સાંજે કાલે ચાર વાગે,
પછી ભલે એના કે આપણા બાર વાગે!'"

ફુલીએ થોડી ઘણી હીમ્મત બતલાવી.

"હા, તારા બાપનું કપાલ! ફતેહતો આપરી એવી થશે કે, બધા એકમેકનું મોઢું જોવાબી ઉભા રહેવા નહીં પામશું તેની ખાતરી રાખજો." સેવકે ટાઇમસર બધાંને ચેતવ્યાં.

અંતે પા દજન રીકઝીક, અરધો દજન હોઝાતોઝી અને દજનેક ગાલગલોચ વચ્ચે અમોએ ગોઅરીંગને બંગલે બીજે દિવસે સાંજના મલવા જવાનું નક્કી કીધું, જે બાદ રૂડોલ્ફને હીટલર, ગોએરીંગ અને નાટઝી પાર્ટીના ગોઠીયાઓ માટે વધુ પુછપરછ કરતાં રૂડોલ્ફે હમોને જણાવ્યું કે, દશેક વરસ થયાં, જેવો હીટલર power માં આયો, તેવોજ એણે મજબુત હાથે કામ લેવડાવા માંડયું. રાત ને દિવસ ધમધોકાર બધાં કારખાનાંઓ ચલાવી કરી ધમધોકાર દારૂગોલો, તોપો, ટેંકો, બીજાં લડાઇને લગતાં હથીયારો, વીમાનો, લડાયક બારકસો, વીગેરે વીગેરે બનાવવા માંડયા, જે હાલને કાજે પણ ચાલુ છે. મજુરો પાસે ફરજ્યાત રાત દિવસની જેહમત કરાવ્યા બાદ, જે કોઇ આસામી 'નાટઝી' સરકારની સામે થતો, યાતો કે કાંઇ પણ તેની against બોલતો, તો તેને ત્યાંને ત્યાંજ ગોલીથી ઠાર કરવામાં આવતો. એક આસામી પાસે પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન થાય, એટલી રકમ રાખી, બાકીની રકમ સરકારને ફરજ્યાત આપવી પડતી, અને જો કોઇ ચોરી છુપઇથી દાબી રાખતું, તો તેને તુર્ત ફાંસી દેવામાં આવતી. આ સાંભલતા ડોસાં

ગભરાયાં, "ઓ માંય! હવે શું કરશું? મંચા દીકરા, જો એમજ હોય તો પેલું બધું મારૂં જવેરાત જે હું ચાલુ ઓટીમાં લઇને ફરૂં છ, તેનું શું થશે? મરતાંબી એ બધું એ મુવા ચંડાલોના હાથમાં જવા દેવસ નહીં. ભલેને એ લોકો મારા કાપીને કટકા કરે! લાવ દીકરા આજનું આજ બજારમાં જઇને વેચી નાંખતે."

પેલા રૂડોલ્ફે આગલ ચલાવ્યું કે દરેક કુટુંબમાંથી જેવો એક છોકરો ૧૪ વરસની ઉમરમાં આવતો, તો તેને ફરજ્યાત લશ્કરી તાલીમ લેવી પડતી. તેજ મુજબ ઉમરમાં આવતી છોકરીઓનેબી તે લોકને બરની ફરજ્યાત તાલીમ આપવામાં આવતી, અને કોઇ પણ આસામી, જે જરમનીમાં ધંધા અર્થે આવી, settle થતા, તો તે લોકને પણ head-office ઉપર પોતાનાં નામો નોંધાવી ફરજ્યાત તાલીમ લેવી પડતી હતી, જે સાંભલતાં સોલુ બબડયો, "મારી નાખ્યાંરે મારા બાપ! ફલુ દીકરા, હવે તો આપુનેબી ફરજ્યાત તાલીમ લેવા જવું પડશે! એક તો મને હરન્યા છે, તે મારાથી બંદુક ઉંચકીને કેમ ચલાશે? દાદાર અહુરમઝદ તારો આશરો! યા યથા તારી મદદ!"

"હીટલર આજ કેટલુક થયું દેશમાં બધાંને ફરજ્યાત લશ્કરી તાલીમ આપતો હતો, તેનુ મુખ્ય કારણ એટલુંજ હતું કે લાગ ફાવે ત્યારે એ ઇંગલંડ, અમેરીકા, ફ્રાન્સ, તથા બીજા દેશો, કે જેના લોકો મોજશોખમાં પડયા હતા, તે લોક સામે અચબુચ લડાઇ જાહેર કરી, તે લોકના દેશો હાઉ કરી જઈ, જરમનીના તાબા હેઠલ લાવી, સારી દુન્યાને માહત કરવા માંગતો હતો," રૂડોલ્ફે કાન ઉપર પડી ધારે રહીને અમોને કહી સંભલાવ્યું.

"આવી બન્યું ફલી, આપરૂં સઘલાનું બીલકુલ આવી બન્યું છ! હું નહીં ધારતો કે, આપરે બધા જીવતા પાછા મુંબઇ ફરશું! માટે હમણાંને હમણાંજ તારી ડૈરી ઉપર લખી નાંખ કે—

મોત હમારૂં આવી લાગુંછ, તૈયારી બધી કરી રાખજો,
ઉઠયાણું ઓટલાનોબી, બંદોબસ્ત સઘલો કરી રાખજો.

આય એમ છે! પૈસા કમાવા સારૂ લોભ કરવા ગીયા, તો નકામા ફસી ગીયા. હવે તો ખુદા જે કરે તેજ તો!" સેવકે નીસાસો નાખ્યો.

"મરે હવે શું કરશું મંચા? જો લડાઈ શરૂ થઇ ગઇ, તો આપરા ધંધા વેપાર બંધ થઇ જવાના અને મારી ચટણી ને અચારનું શું થશે? તમે બધા તો હલેપ હોપ કરતા લડવા જશો, તો પછી મને કોણુ જોશે? મને એ હીટલર સાથે કોઇ મેલવો, તો એ ગરંધ્યાને ચમટો અમરાવી સલાહ આપુ કે, ગઈ લડાઇમાં જરમનીએ શું સુખ જોયું કે વરી પાછી લડાઇ કરવા નીકળ્યો? કંઇ બીચારી બાઇઓ વીધવા બનશે, બચ્ચાંઓ નીરાધાર થશે, દેશો પાયમાલ થશે, તમો જીભરૂંઓના રૂવાનો લડાઇના મેદાનમાં પડશે, કાલાં બજારો ઉભાઇ જશે, શેર બજારો ફાટી જશે, ચોર બજારો વધી જશે, નવી નવી કંપનીઓ તથા બોગસ બેંકો નીકલશે, કોઇકના કુંટુંબોમાં રૂવાનો થશે, તો કોઇકોના ઘરોમાં પૈસાની ટંકશાલો ચાલશે, વીગેરે વીગેરે ખરેખર માય હુ કેવુ ઇચ્છુંજ, કે ખોદાય સઉને સારી બુદ્ધી બક્ષે! શેકસ્તે શેકસ્તે સ્હેતાન! શેકસ્તે શેકસ્તે સ્હેતાન!" કરીને ડોસાં મોટે મોટે કસ્તી કરી ભણુવા બેઠાં.

એવામાં એક કોઇ ઘરાક દુકાનમાં આવી લાગો અને અમારી બધાંની નજર ચુકવી, એકાદ ઈજાર ગજવામાં સેરવી દેતાં, ફલીની નજર પડતાં, ચોર! પકડો! ચોર! ચોર! કરી બુમો પાડી તેની પુઠે પુઠે દોડી તેને પકડી પાડી ખુબ તરીસે ગુંડીપાક જમાડી જમીન ઉપર ચત્તોપાટ પાડયો, તે જોઇ ફુઇ બોલ્યાં. "કયું બાવા, તુંમ લોકને એ કયા કીયા?"

"કયા કીયા? ઓ મુજીકા નાસ્તા ઓર રસ્તા કર દીયા." ફલીએ જવાબ આપ્યો.

"એબી ઠીક થયું. ફરીથી એ મુવો ચોરી કરવાની સરકસી કરશે નહીં, મુવા જરમનોબી આવા ચોર હોશે તે મને સ્વપનેબી ખ્યાલ નહીં. ઈજાર લઇને એ શું કરવાનો ઉતો?" ફુઇએ અજાયબી બતલાવી.

"શું કરવાનો ઉતો? વેચીને પૈસા બનાવવાનો ઉતો! વરી લોકો ચોરેલી ચીજોનો કેમ નીકાલ કરેછ! એતો જે ચોરી કરે તેનો જીવજ જાણે. ચોરી કરવામાંબી જીગર જોઇએ." સેવક વચમાં પુરાયા.

જરમનીમા આવો ગંભીર લડાઇનો મામલો જોઇ, હમે રૂડોલ્ફને જરમનીમાંથી નાહસી છુટવા માટે કાંઇ પણુ મદદ તથા રસ્તો દેખાડવા સારૂ ઘણા કાલાવાલા કીધા, અને ફુઇએ તો તેને પોતાનો જમઇ સુધ્ધાં બનાવવાની લાલચ આપી. (પણુ છોકરી પેદા પરી હોય તારે કેની!) તો તેણે પોતાની અશકતી બતલાવતાં કહ્યું કે, જરમન સરકારનો એવો કાયદો છે કે, જરમનીમાં કમાયલા પૈસા, જરમનીમાંજ ખરચવા, અને કોઇ પણ શખસ એ કાયદાનો ભંગ કરે તો તેને 'shoot' કરવામાં આવતો.

"ફસલો માજા બાપ, સાબુત ફસલો!" પછી સોલુ તરફ ફરતાં સેવક બોલ્યો. "કમબખત, કાંહને કાંહ તેં મને ભીખા બહેરામના કુવા ઉપર મલી, જરમની જઈ કંઇ ધંધો કરવાની સલ્લાહ આપી. હવે તેનું આય પરીણામ જોયું!"

"અરે પણ તે વખતે આપુને કોઇનેબી કાંહ ખબર હતી, કે જરમની ગુપચુપ લડાઇ માટે તૈયારીઓ કરતું હતું, જે તેની વાત. મેં જાણે શું મોટો ગુનાહ કીધો હોય, તેમ બધાં મારાં આંગ ઉપર શાના ઉલટી પડોછ!" સોલુએ પોતાનો બચાવ કીધો.

"ગુનાહ નહીં તો શું ગુનાહનો બાપ! અક્કલ નહીં હોય, તો મરઘાના ટોપલા નીચે કાંય નહીં ઢંકઇ બેસ્તો? પેલા કહે તેમ દુઃખ પર દામ! પડતી પર પચાસ! ખરેખર માય મને નહીં ખબર કે પારસી કોમમા તારા જેવા થોડાક બેવકુફોબી છે—

ખબર નહીં મને કે પારસીઓમાં થોડાક બેવકુફો વસેછ,
જેને જોઇને, સારી દુન્યા ખરખર હસેછ.
એસ્કી ટાઇટ થઇ, દિવસ રાત બસ ફરયા કરેછ,
ને સટ્ટા બજારમાં જઇ, લાખના બાર હજાર કરેછ."

બધાનાં દેખતાં, ફુઇએ સોલુને પાણી ઉતાર કરી નાંખ્યો.

હવે જરમનીથી હમારે કેમ નાસી જવું, તે માટે હમો પાંચે જણની 'Round Table Conference' ફુઇજીના પ્રમુખસ્થાન હેઠલ મલી, પણ ગોએરીંગને બંગલે મલવા જવાનું હોવાથી, વખતની કોટાઇને લીધે, તે બીજા દિવસ ઉપર મોકુફ રાખવામાં આવી.

પ્રકરણ ૬ઠ્ઠું.

ગોએરીંગને બંગલે જવા હમોએ કુચ કીધી,
ફલુએ મીન લગાડી, અણીદાર મુછ કીધી.
રસ્તે ચાલતાં લોકો કરવા લાગાં ઠઠા મસકેરી,
ફુઇજીએ ધોઈ નાખી તેઓની સાત પહેરી.

ગોએરીંગના બંગલા તરફ હમારી ક્વીક-માર્ચ.



ફીલ્ડ-મારશલ ગોએરીંગના બાદશાહી મકાન તરફ અમારી કુચ.

આખરે હમો ગોએરીંગને બંગલે જવા સારૂ તૈયાર થઇ ઉભા. સેવકે કાલો લાંબો ટેલકોટ, કાલી સલીવાલું પાટલુન, પગમાં ખંધારી બુટ, છાતીએ મારી અસલી રેજીમેંટના મલેલા પતરાંના ચાંદો, કમ્મર આજુબાજુ જીક કસ્બની તીલ્લીઓથી ભરેલા પટા સાથે લટકતી તલવાર લટકાવી તથા માંથે ચીમની ટોપ હેટ મુકી. ફલીએ, એની પેલી 'પીંઢારીસ રીજમીટ'નો ખવાઇ ગયલો, બાવા આદમના જમાનાનો યુનીફોર્મ, તથા માથે સોલા હેટ અને છાટીએ ચોર બજારમાંથી ખરીદેલા જુના પુરાણા ચાંદો લટકાવ્યા. સોલુએ સફેદ ડગલી, પાજની ઇજાર તથા માથે પાંચ શેર ચોખા માય તેટલી જબરદસ્ત મોટી પાગડી મુકી. પુઇએ પેલી એવણુની ઘસાઇ પીસાઇ ગયલી કાંદાભાટી સાડી, કોરની ઇજાર, માંથાબાનું, પગમાં સોહરઇ સુકઇ ગયલી સપાટ અને માથાં ઉપર એવણુનો પેલો માનીતો, નીટથી ભરેલો ટપકીરવાલો રૂમાલ વીટાલ્યો, અને જીવણુંએ પગમાં ચંપલ, માથે સફેદ ગાંધી કેપ પહેડી, હાથમાં ગાંધીજીનો રેંટીઓ લઇ, હમો કવીકમાર્ચ કરતાં ઘરની બ્હાર નીકલ્યા કે થઇ ચુકું. રસ્તે રસ્તે લોકોએ હમોને 'હુર્રરે' ના પોકારોથી વધાવી લીધા. Press photographer ઓએ, ટપોટપ ને ચપોચપ હમારા આવા કલાસ કપડામાં ફોટો લીધા અને procession નાં આકારમાં ચાલતાં જોઇ, કેટલાકો હમારી પુઠે પુઠે ચાલવા લાગા, જેથી પુઇનુ કોહી ગીયું, "મરે એ મુવાઓ આપરી તરફ જોઇને એમ ગેડની કાની હસેછ કાંય? કોઇ રસ્તે સીડીએ ચાલે કરે કે નહી? અને વરી એમાં હસ્વાનું તો સું હોય? એ લોક જેવા બે હાથ પગવાલાં માણુસો છે, તેવા આપરેબી છંયે! મારૂં જો રાજ ચાલતું હોય કેની, તો બધાંને આંય મારી સપાટે સપાટે જુરી નાખું હસ્વા દેવ મુવાઓને! પોતાની મેરે દપટ પડશે!

પણુ ગલે ગાંઠ અને મોંઢે ડુચો મારી અમે આગલ ચાલવા માડયું. આખરે અમારી સવારી ફીલ્ડ-મારશલ ગોએરીંગના મકાન આગલ આવી પુગતાંને વાર ત્યાં પોહરો ભરતા સીપાઇઓએ, 'નાટઝી' ફેશનમાં જેમ આપણા મુંબઇના ભોસ્યાંઓ ત્રાફીક કનત્રોલ કરતાં હાથ ઉંચકી ગાડી ગોટર થોભાવે છે, તેમ સલામી આપી, જે જોતાં ફલી બોલ્યો. "થુઇ! મંચા થુઇ! એમ આંધરાની કાની આગલ શાનો ચાલ્યા કરેછ! પેલા કમબખ્તે થોભવાને સારૂ હાથ બતલાવ્યો તે પણુ જોતો નથી કે? જાણે રસ્તો તારા બાપનો હોશે નહીં વારૂં? હવે જરા પણુ આગલ વધવાની આસ્નાઇ નાં કરતો, નહીંતો મુકતાદ અહીંયાજ મંડઇ જશે—

ઉતાવલે વધવાની આશ્નાઇ નાં કર, ડબ્બા આપરા ઉથલાઈ જશે,
કદમ કદમસે આગલ વધ, નહીંતો મુકતાદ આપરા મંડાઇ જશે.

પેલા સીપાઇએ ભપકામાં અમો આગલ આવી પોતાની ભાશામાં કંઇ પુછયું અને સારૂ થયું કે રૂડોલ્ફ અમારી સાથે હોવાથી મને કાર્ડ આપવાને જણાવ્યું. સેવકે મુંગા બહેરાની ઇશારતમાં તુરતજ ગજવામાંથી ગોએરીંગનો તેમજ અમારે નામના visiting કાર્ડો કાઢી તેના હાથમાં આપ્યા, જે લઇને તે અંદર વટાણા વાની ગીયો, અને પાછો થોડાજ વખતમાં બાહર આવી અમોને તેની પાછળ પાછળ જવાની ઇસારત કીધી, અને અમોએ તે પ્રમાણે પાવરા પોઇસ કીધું.

તે બાદશાહી મકાનમાં દાખલ થતાની સાથેજ જીવણાએ ફાટેલા ડોળે બલાપો કરવાનું શરૂ કીધું, "અરે રામ! રામ! કેવું બાદછાઈ મકાન છે! આ મકાનમા રહેનારો માનછ ઓછે, કે સરકારી ફાનસ! ને એ છછરીનો પૈછા કાંહથી લાયો હોછે! મંચા છેટ, તમો આવો મેહલ કીયારે બંધાવછો અહુવે!"

"આવતી અમાસે! દીકરા જે વખત જાયછ તેમાં મેહલ બંધાવીને રેહવાને બદલે જેલમાં ચાંચરા મારવા જવું પડશે," હું મનમાં બબડયો.

"તારે મોંઢે સાકર! જીવણા, જ્યારે મંચી શેઠ મહેલ બંધાવશે ત્યારે તુંને તેનો મેનેજર બનાવશે, ને મેહલનું નામ "આવાં મહાલ" કરીને રાખશે! ખરૂં કે નહીં મંચા?

"બોલેબોલ ખરૂં. પણ હમણાં તો તમે બેઠા બેઠા સ્વપના જોવ! આય કેસલ વરી કોણનો આપરોજ તો! જોઇએ તો થોડા દિવસ અહીંજ રહી પડો," સેવકે જરા ડોહવ્યું.

અંતે ચાલતાં ચાલતાં હમો એક મોટા શણગારેલા દીવાનખાનામાં આવી પુગ્યાં, કે જ્યાં ફીલ્ડ-મારશલ ગોએરીંગ કોઇ એક એનાજ જેવા પીલતન માણસ સાથે વાતે બેઠેલો હતો. અમોને જોતાંજ તે આવકાર આપવા આગલ આવી, 'હાઇ હીટલર'! કરીને સલામી આપી. જેનો હમેબી 'હાયરે હીટલર' કરીને સલામીમાંજ જવાબ આપ્યો, જે બાદ અમોને પેલા બીજા આસામી સાથ ઓળખાણ કરાવી.

"મેજર મંચેરશાહ બાઇડીઅર, લેટ મી ટુ bekaunt machen (introduce) ટુ our ફોરહરાન મીનીસ્ટર હેર વોન રીબનટ્રોપ. હી ઇઝ ધી

હાર્ટ એન્ડ સોલ ઓફ જરમની એન્ડ સેકન્ડ ટુ અવર ગ્રેટ લીડર ધી ફ્યુરરર એડોલ્ફ હીટલર, ધી અનક્રાઉનડ કીંગ ઓફ જરમની!" (હોશે બા. લાંબુ ક્યાં સુધી સમજું. તે જે કહે તેમ હા માં હા પાનછેયું હલાવ્યું.)

અહીં ફૂલુના પોટયાં લેવાયાં અને ટાંટીયા ગેરયા રમતા જણાયા, "મચાં, મને તો બાપુ આય બેઉ જણુને જોતાંજ પેટમાં ધરકો પરેછ. રખેને આપુને અહીં બોલાવી આપરો નાસ્તો કરી નાંખે," ફૂલીએ ગભરાતમાં કહ્યું.

"કાંય! કાંય! ફૂલુ, એટલામાં તારા લપ્પાબી લેવાઈ ગીયા? રોજ સાંજના આપરી કલ્પના બાજત ઉપર બેસી આપરા દોસ્તો ખરશેદ લાંબો, કૈકુ જામબો અને જાંહગીર (ચમપીન) આગલ લાહેરી મારતો'તો કે, "ઓહ ધીસ ડર્ટી નાટઝીસ આર કાવરડઝ," તે હવે એ લોકને જોઇને ગભરાત અકરાતમાં કાંય પડયોછ? આય તારૂં ત્રુ પરશીયન બ્લડ કે? મુવો તું કર્નલ ફ્રાઈનો થતો," સેવકે જરા ફૂલીને હાથ ધાલીને લીધો.

"મરે મંચા, જરમનીના લોકો બધા જારા ભેંસ જેવા કેમ છે? મુવો ગોએરીંગ જોવ તો દારૂના પીપ જેવો ને આય (બતલાવીને) મુવો રીબેનટ્રોપ જોવતો જાણે હાથીનું બચ્ચું! દેખુંતો મુંઇ જરમનીની હવાજ બધી એવી હોશે! મુવાઓને કાપે તો અર્ધું મુંબઈ જમે જો!" ફુઇ વચ્ચે બોલ્યાં.

ફૂલીને જરા જરા વારે ગલુ ખંખારવાની તથા હાખ થુ! હાખ થુ! કરીને થુકવાની ખરાબ આદત હોવાથી, ગોએરીંગે ચોંકીને ભવાં ચઢાવી વાઘની કાની બરાડ મારી મને પુછ્યું, "મેજર માઈડીઅર!"........

"જી જી જી જીઈઇ સાહેબ!" મેં ધ્રુજતાં જવાબ આપ્યો.

"વોટ ઇઝ ધી મીનીંગ ઓફ ધીસ હાઆ થુ! હાઆ થુ! હુ હેઝ ટોટ ધીસ ડરટી હેબી ટુ યોર ફની-ફેસેડ ડરટી ઓલ્ડ કઝીન કર્નલ ફ્રાઝી? આઇ વોન્ટ ટાલરેટ ધીસ નોનસેન્સ એનીમોર do you અનડરસ્ટેન્ડ ઓર નોટ?"

"ઓટ અચ્છા સાબ! ફરગીવ મી સર! બટ, માઇ કઝીન હેઝ ગોટ ફ્રેરીકા ગોટલા જીતના બીગ બીગ ટોનસીલાઇટસ એન્ડ ધેરફેર હી ઇઝ ડુઇંગ લાઇક ધેટ સર! આઇ સ્પીટ, ધાઉ સ્પીટેસ્ટ, વી ઓલ સ્પીટ. ઇટ ઇઝ કવાઇટ નેચરલ, ખરૂં કે નહી કલેજાં!"

"ફૂલી દીકરા, ખુદા ખાતર આખ થુ! આખ થુ! નાં કર્યા કર, અને થુક આવતી હોય તો ગુપચુપ ગર્યા કર, નહી તો આ લોકનું ગરી જશે, તો નકામી ખટપટ ઉભી થશે," ડોસાંએ ફૂલીને અરજ કીધી.

જીવણાના હાથમાં રેંટીયો જોઇ ગોએરીંગે સવાલ કીધો, "મેજર મંચેરશાહ, આર યુ કોંગ્રેસવાલા? you know, we hate Congress."

' અરે નોરે સર! I am neither a કોંગ્રેસવાલા, nor a Pakistanvala, but a Parsistanvala, in other words, Iranvala *i.e.* we come right from Persia." સેવકે ફેંક્યું.

"Oh! ધેટ્સ ગુડ! રેઝાશાહ is our very ગુડ ફ્રેન્ડ! we are just like brothers," રીબેનટ્રોપે તાપસી પુરી.

"Then Sir, allow me to ઓળખાન કરાવતુસ ટુ માઇ બીલવેડ ફુઇ, Madam આવાંબાઇ અડગરા," મેં કહ્યું.

"Oh what is this ફુઇ?" રીબેનટ્રોપે પુછ્યું.

"Very strange! You is don't know ફુઇ! It means father's sister. She also come from a royal family and is related to રેઝાશાહ of Persia being his second cousin, a very big big lady" મેં ફુઇને ઓળખાવ્યાં.

રીબેનટ્રોપે ફુઇનો હાથ મજબુત પકડી તેના ઉપર એક ધકધકતો બોસો લીધો, કે ડોસાં પાછાં છેડાયાં, "મરે, એ મુવાઓ જરા જરામાં મારા જેવી એક આબરૂદાર બાઇને બોસા સાના લેયા કરેછ? એ લોકની માય માસીઓ કોઇ જીવતી બરેલી છે કે નહીં? મંચા એ ખચ્ચરગીઆને એક ઠોસો જરા મને લેવા દે, કે ફરીથી એવી અટકચાલી નહીં કરે."

"અરે શુજો ફુઇજી, એ તમે શું નાદાની કરવા નીકલ્યાંછ? કાલનો દુકાલ આજે પાડવા માંગોછ શું? એક તો આપરા બુરા દાહડાઓ બેઠાછ, તેનો કંઇ વિચાર કરશો કે નહીં?" મેં ફુઇને વખતસર ચેતાવ્યાં.

"She comes from a royal family and also sells mango pickles?" ગોએરીંગે પુછયું.

"Yes! no! yes! it is so so!" મેં ભાંગો તુટો જવાબ આપ્યો.

"મંચા, એ મુવાઓ કયારના 'રેઝાશાહ' 'રેઝાશાહ' શું બકયા કરેછ?" ફુઇએ પુછયું.

"એતો ફુઇજી મેં તમારી પદવી એકદમ વધારી મુકીછ. મેં એ લોકની આગલ ફેંકયું કે, તમો કંઇ જેવાં તેવાં રેંચી પેંચી માણુસ નથી, પણ એક રાજવંશી કુટુંબનાં છેવ અને તમારા બાવા અને રેઝાશાહના બાવા માસી માસીના થાય."

"અરે પણ ગરધીયા, એમ કોઇ ફેંકા ફેંક કરે કે! ચપ દેતા કે એ લોકો રેઝાશાહ ઉપર કાગલ લખી પુછાવે તો?"

"અરે પણુ તમ સમજ્યા કરો! પુછાવેછ કોણુ અને લંખછ કોણુ? એ લોકની જાણે બલા. બીચારા રેઝાશાહ તો કે દિવસના ખલાસ બી થઇ ગીયાછ." મેં ફુઇને ધીરજ આપી.

"મરે મને પોતાને ખબર નહીં, તે એ બીચારા મુંગા જાનવરો કાંહથી જાણે!" ડોસાંએ અજાયબી બતલાવી.

ગોએરીંગને કઈ શક પડવાથી રૂડોલ્ફનાં કાન ઉપર પડી, કંઇ પોતાની ભાષામાં પુછપરછ કીધી કે, ફુઇ ખરેખર કોઇ રાજવંશી કુટુંબના હતાં? અને રેઝાશાહના સગાંબી હતાં? કે હમો ખાલી ફેંકાફેંક કરતા હતા. રૂડોલ્ફને પોતાનેબી પાધરી ખબર નહીં હોવાથી અધ્ધર સધ્ધર 'હા' 'ના' ડોકાં કરી, વાંકો ટુકો થઇ ગીયો. ખરેખર દોસ્તો હોવ તો એવાજ હોજો.

પછી ધીમે રહીને રીબેનટ્રોપે મારા કઝીન ફલીને સવાલ કીધો, "યંગ મેન વોટ આર યુ?"

"What a question"! ખરખર હસી પડી, જેટલું થોડું ઘણું અંગ્રેજી આવડતું હતું તેટલું કહી નાખ્યું, "આઇ એમ એ મેન, જસ્ટ લાઇક યુ સર!" અને પછી ધીરે રહીને મને ડાબા હાથની કોણી મારી કે, "મંચા, હવે એને તુંજ જવાબ આપ," તેથી મેં વચમાં તાપસી પુરીને વધુ હાડમાર હુંજ થયો, "લુક હીયર સાબ, મારા સગા ફેરી જરા રતી બેહરા હય! હી ઇઝ લીટલી લીટલી બેહેગ એન્ડ ઘેરફર (તારા બાપનું ઘેફર સાથે) આઇ કેન સે યુ, ઓન હીઝ બીહાફ, (B ½) કે વી આર આ ધનસ જસ્ત લાઇક બેહસ્તી રૂસતમ એન્ડ સોહરાબ, વીથ ત્રુ કલચરડ પરશીયન બ્લડ

flowing in our veins (sometimes it over-flows like your River Rhine), ઈન અધર વડસ, ધટ ઇઝ ટુ સે ત્રુ જરથોસ્તીસ. We (the Parsi લોકો) have produced men like સર ફીરોઝશાહ મહેતા, દાદાભાઈ નવરોજી etc, etc. Look at our Houses of 'Tatas' 'Wadias', 'Jeejibhoys', look at our chariries like, Wadias, Petits, પારસી પંચાયત ફંડસ, બેકારી ફંડસ, સ્કુલ ભોજન ફંડસ. Look at our ખુશરૂ બાગ, જર બાગ, સાપુર બાગ, ઓલબ્લેસ બાગ, કામા બાગ, etc., etc., and then say, 'પારસી ધાઝ નેમ ઇઝ ચેરીટી !! The best charitable hearts (big as a foot-ball) the Parsis have in this world."

"That's enough you ફૈંફુદાસ પારસી મેજર માઇડીઅર ઓફ બેહાર્ડ પીઅર ! We all know well, that you Parsis are generally ધર્મી ધુતારાસ. You people have got so many funds, this ફંડ, that ફંડ, ફલાના ફંડ એન્ડ ચીલાના ફંડ, but there is no fun in the fund, and you people also often organise exhibitions, side-shows and dramas for different charities and never publicly declare what amount you collect for the so-called charities, or get the accounts audited? અમ લોકકુ આઇસા માલમ હોતા કે સબ 'અપામચ જમામચ ઉર્વનામચ' હો જાતા! ખરૂં કે નહી? અને આટલી નાહ્લી કોમમાં આટલાં બધાં ફંડો, ઓરગેનાઇઝરો, ડાયરેકટરો, પ્રોડ્યુસરો?" રીબેનટ્રોપે વચમાં તાપસી પુરી.

"અરે સાહેબ! I feel very shy, shy to answer you! વો તો જો સબ તમાશા organise કરતા ઉસ્કુ સબ માલુમ હોએગા! ગધ્ધા કયા જાણે જાફરાનકી બાત! Now I will say a few words about our family tree. આઇ એમ એ સગા ઓફ ધી લેટ સર સોરાબજી સીકંદર ઓફ જલંડર, ધી રોરીંગ લાયન ઓફ ઇંડીયા (not that 'M.G. Mayers' lion, which, you see on the cinema screen, એન્ડ માઇ કઝીન ફોરી ઇઝ ઓલસો રીમીલીએટેડ ટુ ધી ફોર્થ કઝીન ટુ સર ગુસ્તાદજી ગુંડરીયા, ઉંદર પકડીયા ઓફ બોમ્બે, ધી second સીટી ઇન ધી ખુલંદ બ્રીટીશ Empire, એન્ડ આઇ વેરી proud ટુ સે કે અલબેો વી આર નો ડાઉટ, ધી cleverest એન્ડ ધી મોસ્ટ honest and generest nation, વી આર ધી સ્મોલેસ્ટ community, ઇન ધીસ હોલ બેકદર દુન્યા, ધો વી આર પ્રાઉડ નેશન ઓન ધીસ બીગ બ્રીટીશ મેડીટેરીઅન ઓશન."


બળતણ બચાવો
સમય બચાવો
ખર્ચ બચાવો
રોસ્ટસ...
ગ્રીલ્સ...
બોઈલ્સ...
ફ્રાઈસ...
મુખ્ય બંદરે
ભાવ
રૂ।૪૩-૧૨-૦

કોણ જાણે હું શું બકી ગીયો. મારૂં બોલેલું હુંજ નહીં સમજ્યો, તો પેલો વીકરાલ રીએનટ્રોપ તો શું સમજી મરવાનો હતો.

"રાઇટ, મેજર માઇડીઅર ઓફ બેલાર્ડપીઅર! વી ધી જરમનસ હેવ ગ્રેટ રીગાર્ડ એન્ડ રીસપેકટ ફોર ધ પારસીઝ, એન્ડ હાઉ વી વીશ યુ પારસીઝ વીલ કમ એન્ડ સેટલ ફોર ગુડ ઇન જરમની. યુ આર ઓલવેઝ વેલકમ!" પેલો રીએનટ્રોપ અમને ઇદનો બકરો સમજી બોલ્યો.

"હારે હા! તારા બાપનું કપાલ! માર તોપ અલ્લાહ સચ્ચા હય! એતો આપુને દમણુનો ખારવો કે અલીબાગથીજ આવેલા સમજેછ!" પેલા આપરા ઇસ્ટ મીત્ર ફુલીબાએ ડોહવ્યું.

"વેલ માકુજી, વોટ વોઝ યોર કઝીન ફોરી ટોકીંગ અબાઉટ નાઉ?" ગોએરીંગે ગર્જના કીધી.

"અરે નોરે સર! એતો આઇસા કેહતા'તા કે, ઓ તો ઉરકી ઔરત ઓર બચ્ચે કચ્ચે લોકકુ કીયાત લીખ કર, એકદમ જરમની બોલાનેકુ બોટ બોટ આતુર થા." મેં ગાલ્લું હાંક્યું. પછી જીવણાં તરફ નજર પડતાં રીબેન-ટ્રોપે ચુંચી આંખ કરીને પાછું મનેજ પુછ્યું, "મેજર માકુજી બીન બચ્ચા સાકુજી, હુ ઇઝ ધેત ફની લીટલ ફેલો, standing by your side?"

"અરે કયા જો મારા સાહેબ, ડોનચ્ચુ નોટ પીછાન્યા માઇ લાલીયા! હી ઇઝ માઈ પરસનલ એસીસટંટ હેર જીવણાં, કોણુચા નાહી મેવણાં. તેઓ બોત બોત અચ્છાવાલા ગરમ ગરમ મસાલેદાર પકાવવાવાલા 'શેફ' હય, એન્ડ હી ઇઝ ઓલસો વેરી એકસપર્ટ ઇન કુકીંગ ખામા ધાનશાખ એન્ડ ખીચરી પાટીયા!"

"વેલ, વોટ ડુ યુ મીન બાઇ ડેનસેક એન્ડ ખેંચી પોત્યા!" વાંધો ઉઠાવતાં ગોએરીંગે પાછી પોતાને નહીં સમજ પડવાથી ગર્જના કીધી.

"મંચી છેટ, તમોએ મારે માટે જે ઉંચી છરટીફીકેટ આપીછ, તે માટે તમારો બહુએ ઉપકાર માનતો છું. એ છછરીનાને કહો કે, એનો ખીમો કરવો હોય તો હું છોજ્જી રીતે પકાવી આપછ," જીવણો બોલ્યો.

લગભગ બે ચાર મીનીટ અંદર અંદર કાંઇ ગુસગુસ કર્યા બાદ, ધીરે રહીને ગોએરીંગે અમોને કહ્યું, "લુક હીઅર માઇ યંગ ફ્રેન્ડસ, હેર વોન રીબનટ્રોપ એન્ડ માઇ સેલફ આર વેરી મચ ઇંમપ્રેસડ બાઇ યોર ઇંનટેલીજન્સ,

કરેજ etc. etc. એન્ડ વી વીશ ટુ introduce અવર વન એન્ડ ઓન્લી ડીરેકટર (કનડકટર?) ઓફ જરમની ધી ફ્યુરર હેર એડોલ્ફ હીટલર એન્ડ..."

"ઓહ યુ મીન ધેટ વર્લ્ડ shaker, Germany maker, peace breaker and the beer taker, that great ફ્યુરરરર હીટલરરર, the cousin of that well known ફ્લુટીસ્ટ 'લીટલર'........"

"Oh! you don't speak in the centre," રીબનટ્રોપે ડોળા કકરાવ્યા.

"Yes! yes! you mean in the middle" હું વચમાં પુરાયો.

"Oh! shut up you Indian dog and don't interrupt" ગોએરીંગ વચ્ચે પુરાયો.

"ચુપ રાહવ યુ જરમનીકા બફેલો! જાસ્તી ખટપટ કરેંગા તો તુમેરા મસ્તક ફોર ડાલેગા," સોલુ બાંય ચઢાવતાં બોલ્યો.

"એટ હીઝ ઓન ચાનસેલરી, ધેર આફ્ટર ટુ મોરો Abend e (evening) એન્ડ હી વીલ બી ટુ ગ્લેડ ટુ રીસીવ યુ ધેર. બેટર યુ કમ to my પ્લેસ, એન્ડ વી શેલ ઓલ ગો ટુ ગેધર, in the fine weather. Bring your Royal aunty, the Princess of Persia along with you!"

"સરટનલી if not, so why not!" મેં એના બોલવાને ટેકો આપ્યો—

કોણુ કમબખત ના કહેછ હીટલરને મલવા,
તૈયાર છૈયે અમો સર્વ એને ભેટવા.
ધર્તી ધ્રુજાવનાર ફ્યુરર છે એ વીર ખરો,
નસીબદાર હોવ, તો પાછા તમો જીવતા ફરો."

પછી અમે લોકો મલી બેટી ત્યાંથી છુટા પડવા જતા'તા, તેટલાં એ લોકોએ અમોને ચાહપાણી લઇને જવાના કાલાવાલા કરવાથી, અમો ત્યાંજ થોડો વખત થોભી ગયા અને પછી થોડા વારમાં ઘરનો રસ્તો લીધો.

જતાં જતાં રસ્તામાં મેં લઇને ફ્લીને કહ્યું, "ફ્લી દીકરા, કાલે હીટલરને બંગલે આપુને મલવા બોલાવ્યાછ, તે કાંય નહીં એ આપરી પાસે હીન્દુસ્તાન માટે સઘલું જાણુવા માંગતો હોય! ખરૂં કહુંછ ફ્લુ, મને તો એમાં કંઇ ભરમ લાગેછ."

"જા જા મંચા, તું તો હંમેશનો વેહમીજ રહી ગયો. તું કાલે ગુપચુપ એને બંગલે ચાલ, પછી બધું થઈ રેહશે," ફલીએ સલાહ આપી.

ઘરે જતાંની સાથ ધાસ્તીને લઇને સેવકને દીલમાં થંડી લાગવા માંડી, અને ધધરીને તાપ ચઢી. ફુઇએ મરીના પાણીએ પગ સેકી, થોડો બ્રેન્ડી પાઇ કરી ગોદરૂં ઓઢાડીને મને સુવાડી દીધો, "સુઇ જા મરૂં! એમ જરા જરામાં ધાસ્તી ખાસે, તો કોઈ ભુરાની તબીયત બીગાડશે. તું કંઇ મરૂં એકલો મરી જવાનો છે! મરશું તો આપરે બધાં સાથેજ મરશું! નહીરે બા, મરતાંબી હું તો જરમનીમાં મરવાની નથી, હું તો ડુંગરવાડીજ ચઢવાની! જોરે મંચા, હું ભુલેચુકે મરી બરી જાઉ, તો મારી લાસને મુંબઇ લઇ જઇને ડુંગરવાડી ચઢાવજે હંકે?"

"શું જો ફુઇજી માંય, એમ વખત કવખત એવી અવરવાણી શું કાઢોછ? તમે હમારા જીવ લઇને જીવજો," સેવક જરા રતી ડાહ્યા થયા.

બીજે દિવસે સહવારના જોઇએ તો ત્યાંનાં છાપાવાલાઓએ અમારા ફોટાઓ તથા ગોએરીંગ અને રીબેનટ્રોપ સાથ થયલી અમારી મુલાકાતોનો ટુંક રસીલો હેવાલ છાપી અમારી જાબજા તારીફગાઇ હતી! અને વલતે દિવસે હેર હીટલર સાથે અમારી મુલાકાત થનાર હતી, તે માટે પણ એક ફકરો છાપ્યો હતો, જે વાંચતા અમારી છાતી ગજગજ ખીલી નીકલી અને તેનો નીચલો તરજુમો મીઠું મરચું ઉમેરી ગુજરાતીમાં કરી, મુંબઇનાં છાપાઓમાં પ્રગટ કરાવવા મેં મારી બૈરી કુંવર ઉપર ટપાલમાં રવાના કીધો:—

એક મગરૂરીભર્યો ઇતીહાસીક બનાવ.

મુંબઇના કોઇ ચાર ખાનદાની જવાન જરથોસ્તીઓને બરલીનમાં નાટઝી પાર્ટીના બે મોટા આગેવાન જગમશહુર લીડરો સાથની મુલાકાતનું માન—આવતી કાલે તે લોકની હેર હીટલર સાથ થનારી ઇતીહાસીક મુલાકાત!

જણાવવાને ઘણી ખુશાલી તથા મગરૂરી ઉપજે છે કે, મુંબઇનાં કોઇ ચાંચડ જેટલા ચંચલ અને ખજુરની ધારી જેટલા ખુબસુરત તથા ચાલાક દેખાતા ચાર પારસી બસ્તેકુસ્તીયાનો (મેજર) મંચેરશાહ માઈડીઅર, કર્નલ ફલી યાને ફેરી જંબુસરીયા ઉર્ફે (હાપ થુ!) સોલુ સેન્ડો અને શ્રીમતી આવાં-બાઇ અડગરા, કે જેઓ થોડુંક ઉપર ધંધા અર્થે બરલીન ગયા હતાં, તેઓની અત્રે બરલીનમાં ગઇ કાલે સાંજના ઉછરન ગેહમાં હેર વોન રીબેનટ્રોપ તથા ફીલ્ડ-મારશલ ગોએરીંગ સાથે ખુદબખુદ ઇતીહાસીક મુલાકાત થઈ હતી, જે માટે તે લોકો ઇંચે ઇંચ ને ફુટે ફુટ લાયક હતાં. એ લોકની ચાલાકી, ચંચલાઇ, ફેંકોલોજી તથા જબાનદરાઝી ઉપર ફુરબાન થઇ, એ લોકની આવતી કાલે હેર હીટલર સાથે introduction ceremony ગોએરીંગ તરફથી થનાર છે. હેર હીટલર એ લોકને ચમ્પીન પાઇને ચમ્પી કરનારો બનાવ એ લોક માટે બહુજ મગરૂરી ઉપજાવનારો છે. આ મુલાકાત મેલવનાર તે લોક પેહલ્લાં તથા કદાપી છેલ્લાંજ હીંદી તથા પારસીઓ છે, જે બચ્ચીતજ હીન્દુસ્તાનના ઇતીહાસમાં પીચબેક ગોલ્ડન પાણીએ, હમેશ માટે નોંધાઇ રેહશે! મુલાકાતનો હેવાલ હવે પછીથી, છાપાઓમાં વીગતવારે પ્રગટ કરવામાં આવશે, જે આવતા મુંબઇમાં કાગલોનો દુકાલ થઈ પડશે અને તેથીજ પતરાવલ ઉપર આખું એડીશન બાહર પાડવાનો છાપાવાલાઓએ વિચાર કીધો છે!

"કેમ મંચા શું ધાર્યું?" ફલીએ પુછ્યું.

"વરી શું ધારે! તારૂં ને મારૂં ધેફ્ફર!" સેવક બબડયો.

"આ હેવાલ વાંચ્યા પછી આપરા દોસ્તો તથા હેતના કટકાઓ આપણે માટે શું ધારશે?"

"વરી શું ધારશે! કે આપરે બધા પેહલા નંબરનાં ઉલ્લુ ગધેરાઓ છૈયે" સેવકે ફલીનું ગેરવ્યુ

અને આપરી હેટાતી અને કદરતી, કલેજાની કટકીઓ કુંવર તથા પીલઇ તો બધી મનમાં મલકઇ મચકઇ જશે અને કેહશે કે, કેવા અમારા

ચંચલ, ચાલાક, બાહોશ અને ઉલ્લુ ધણીઓ છે! અને આપણા નામપરથી બધી ઓવરાઇ પોવરાઇ જશે (હારે અવરે હાથના કટકા ફોડશે કે પેટના પરતા મરે!) અને વલી મારી બૈરી તો હમેંશ મુજબ ઘેરે ઘેરે ધાનદાર પાટયો રાંધી, ભરભાડુતોમાં ચાલે ચાલે વેંહચતી ફરશે! (ચપટાં વરઘવરાં નહીં હકે!) રખેને ભસ્તેગઇ એની ચાલુ આદત મુજબ પૈસા ચુકવવા બીલ અત્રે તાર કરીને મારી ઉપર મોકલી આપે." ફુલી બબડયો.

"બધી વાત તો બાજુ રહી, પણ ફુલી પેલા કમબખ્ત હીટલર સાથ કાલે આપરી મુલાકાત થનાર છે, તેને માટે તો કાંઇ વાત કર. ધાર કે એ આપુને અત્રે જરમનીમાંજ રહી, એ લોકની નાટઝી પાર્ટીમાં જોડાઇ જવા દબાણ કરે, નહીંતો કોઇ ખરાબ જાતની ભપકી આપે, તો આપરે શું કરવું?" સેવકે સવાલ કીધો.

"શું નરમ ઘી જેવી વાત લાયોછ તો! આપરે એને નાં કહીશું. શું આપરે આપરી મરજીના ધણી નથી? કાલે ઉઠીને કેહશે કે, તમારી બધી દોલતનો હમોને કબજો આપી એકદમ જરમની છોડી ચાલી જાવ! હા જાણે એ લોકના બાપનો માલ! બધાને એ લોક ગમાર સમજેછ શું? મેં બી આંય બાજુ નવસારીનુ ઘી ખાધુંછ જો," ફુઇ વચ્ચે પુરાયાં.

"અધુરામાં પુરૂં એ વલી ડીકટેટર સુવોછ, તેનું કંઇ તુંને ભાણ કે સુધ્ધા છે કે? એ કહે કે ઉઠ તો બેસવું પડશે, અને બેસ કહે તો ઉઠવું પડશે, નહીંતો કે આ દુન્યામાંથી આપરી બધાની હસ્તીજ સદા માટે નાબુદ થઈ જશે. પેલા કહે તેમ બસ ખેલ ખતમ, સમજ્યો કે બાવો મારો?" મેં જરા ફુલીને કહી સમજાવ્યું.

"જારે જા છોકરી! ચીટલ પેહરીને બેસ! મારી પાસે એક એવી જાતનું ફીમ્યું છે કે, તેથી હીટલર તો શું, પણ હીટલરના સાવકા બાપનેબી ઠંડો કરી નાખું," ફુલી ખીલ્યો.

"એમ! એમ! એટલું બધું છે! તેથીજ તે દિવસે ગોઅેરીંગના હાથે ફુટબોલ થઇ ગીયો! બચ્ચાજી એ કાંઇ ભીખા બેહરામના કુવા ઉપર બેસી ફોઇ! ફોઇ! કરીને ફંકાફંકી તથા હાબ થુ! કરવાનું નથી. અહીંતો આપુને એક એવા ભેજાં ફાટેલ ધણચક્કર (આપરા જેવા) માણસ આગલ હાજર થવાનું છે, કે જે હાલને કાજ આખી દુન્યાને ધુજાવી રહયો છે, તેનું તુંને બાંધુબાંણુ છે કે?" મેં એને સવાલ કીધો.

"બાણુબી છે, ખ્યાલબી છે, ને વીચારબી છે! એમાં તો હીંમતનું કામ છે. એવા સો હીટલરને સેવક ગજવામાં લઇ ફરેછ—

ભલે હીટલર હોય કે હીટલરનો બાપ, એની કોણ દરકાર કરેછ,
એવા સો હીટલર ગજવામાં લઇ, સેવક ફુટપાથ ઉપર ફરેછ.
બાયલો બની એક પારસી બચ્ચો મોતથી કદી ડરતો નથી,
છમણુ, બોઇ, રામસ માછલી, કદી તેલમાં તરતો નથી.

"શાબાશ! દીકરા ફરી શાબાશ! જેટલો ગાજ્યોજ તેટલોજ વરસજે! તારી આવી બહાદુરી જોઇ મારામાંબી સેર લોહી આવી ગયુંછ, અને હીમ્મતથી હું જાહેર કરૂંછ કે—

માઇડીઅર કુટુંબનો નબીરો છું,
મંચો છે મારૂં નામ.
તાનસેન તુકારામનો તંબુરો છું,
કરૂં કામ હીટલરનું તમામ."

સેવક જરા ખીલ્યો.

"આફ્રીન છે મંચા તારાં પ્યારાં નામ ઉપર,
દીકરા ચઢતો ના ચાલતી ત્રામ ઉપર,
હીટલરનું કાટલું કાઢવામાં કરતો નહીં ક્યાસ,
એકને બદલે ભલે તું છોડજે ગોલી પચાસ."

સોલુએ મારૂં ધ્યાન ખેંચ્યું.

"ખરૂં છે દીકરા સોલુ, તારૂં કેહવું રૂપીએ સત્તરઆના ખરૂં છે. મુવું કોઇ જીવતાજીવત નહીં પુછતું, તો મરણ બાદ તો વરી કોણ પુછવાનું ઉતું? પેલા કહે તેમ સાંઇ ગીયા સાથે શરમ લેતા ગીયા! પણ આગલ કાંઇ જાઓછ? મારા બ્હેસ્તી ફરદુનજીનોજ દાખલો લેવની તો, એવણ જીવતા ઉતા, તારે બધા એવણુની ખુસામત કરના'તા, અને હવે કોઇ કારૂં કુતરૂંબી મારી આગલ ફટકેજ!" ફુઇએ બલાપો કીધો.

"કંઈ નહીં ફુઇજી તમો ફીકર ના કરો. તમારી તાબેદારી અને તમારા હુકમો બજા લાવવા હું કેવો જીવતો જાગતો બેઠેલો છુ. ત્યારે બીજાઓની ખુસામત કરવાની શું જરૂર છે? તમારૂં જીવતાં જીવત, યાતો કે મરણ બાદ

બધું બાજરોજગારનું કામ ચાહરમ, બમસી, છમસી, કેરસી, તેરસી, ફેરસી બજાવવાનું હું મારે હાથે જાતે કરશ તેની હું તમોને બેહસ્તી ફરદુનજી ફુવાના સોગંદ ખાઇને ખાત્રી આપું છું કે—

કસમ ખાઇને કેહુંછ કે બધું તમારૂં બાજરોજગારનું કામ હું કરશ,
ચાહરમ તમારાંનું બોટું ખાઈ, દારૂ પી બુજાવી તરસ,
ભણાવશ ચાશનીમાં ફ્રુટ ને મેવો સરસમાં સરસ,
સઘલું કામ પુરૂં કરશ, પછીજ ઘર તરફ પાછો ફરસ."

સેવક ખાત્રી આપતાં બોલ્યા.

"મુવો હેતનો કટકો બોલ્યો તે! જારે મુવા હું કંઇ હમણાં મરવાની નથી. હું તો તારી બોંહસપર જીવસ અને તારા પોરયાંના પોરયાંઓને રમારીને પછીજ જવશ," ફુઇએ આશા બતલાવી.

અહીં બધી ગાળાગાળી અને ફેંકોલોજી બાજુએ મુકી, હમારો હીટલરની સાથની મુલાકાતનો અંજામ શું આવશે તે માટે જાતજાતની અટકલો કરતા અને બીજી ત્રીજી વાતો કરતાં હમો બેઠાં.

પ્રકરણ સાતતતતમું.

હીટલરને બંગલે હમે બાટલીની મુલાકાત લેવા ગયા,
ચોવીસ કલાક નાંખ ભીજવવા ત્યાંજ પડી રહયા.
મુલાકાત દરમ્યાન ઠરઠર ઠરઠર ધ્રુજ્યા કીધા,
અને કાટલાં ઉડી જાય એ વિચારે બહુ બીધા.

હીટલર સાથ થયલી હમારી મુલાકાત.

આજનો દિવસ હમારો હીટલરને મુલાકાત આપવાનો હતો, જે દિવસે હમોએ જે કપડે ગોએરીંગને બંગલે મુલાકાત આપી હતી, તેજ કપડાં પેહરવા માંડયાં અને તૈયાર થઇ હીટલરને બંગલે જવા સારૂ ઘરની બહાર પડયાં, અને રસ્તામાં જતાં જતાં મેં ફુલીને ઘણો સમજાવ્યો કે, "જો ફુલી મારૂં

માનતો હોય તો હજુએ કંઇ બ્હાનાં કાઢી હીટલરને મલવા જવાનું અખાડા કર, કારણ કે મેં આજે ખરાબ સ્વપનો જોયોછ કે, આપરે કદીબી હીટલરને બંગલેથી પાછા જીવતા જાગતા ફરશુ નહીં. ભલે જોઇએ તો હસી કાહ્જે".

પણ ફલીઅંદો તો અફ્રાશીયાબની છાતી ભાડે લઇ ચાલતો હોય તેમ લાંબી લાંબી ફરલાંગે ચાલવાજ લાગ્યો, એટલે અમોને પણ સાથ આપવા શીવાય છુટકોજ નહીં હતો.

ચાલતાં ચાલતાં હમો ગોએરીંગને બંગલે આવી લાગયા અને રસ્તામાં મારાં બુટનું સોલ ફાટી જવાથી નવું સોલ મુકાવા એક મોચીની દુકાને ઉભા, અને તેણે વાતચીતમાં હમો કાંહ જતા હતાં તે માટે પુછપરછ કીધી અને જ્યારે હમોએ તેને જણાવ્યું કે હમો હીટલરને મલવા જતા હતા, ત્યારે તેણે આંખમાં પાણી લાવીને કહ્યું કે, એના એક ભાઇને પણ એજ મુજબ ઘરે મલવા બોલાવી ત્યાંને ત્યાંજ તેને ઠાર કરી નાખ્યો હતો, અને તેનું સબ વટીક પાછુ સ્વાધીન કરવામાં આવ્યું ન હતું, વીગેરે.

આ સાંભલતાંજ અમારી છાટીના પાત્યાં બેસી ગયાં. "માર્યા ઠાર! મરે કાંહને કાંહ આપરે મોતના ડાચામાં પડવા જઇએછ! ખુદાય સઉની શરમ આબરૂ રાખજે!" ફુઇએ દુવા માંગી.

ગોએરીંગને બંગલે આવી લાગતાં જોઇએછ તો તે તુમાખી અમલદાર અમારી વાટ જોતો ઉભો હતો અને અમોને જોતાં આવકાર આપી તુરતજ મોટરમાં બેસાડયાં, જ્યાંથી અમો સઘલાં હીટલરને બંગલે પુર ભપકામાં હંકારી ગયા!

આખે રસ્તે લોકોએ ગોએરીંગની મોટર ઓલખી પાડી હમોને રૂમાલો ઉડારી, તથા ખુશાલીના પોકારો કરી વધાવી લીધા, આવાં ડોસાંએબી પેલો પોતાનો મેલો તપકીરનો નીટથી ભરેલો રૂમાલ ઉડારી વલતો જવાબ આપ્યો, અને ગપ્પા સપ્પા મારતા અમો હીટલરની ચાનસેલરી આગલ આવી લાગયાં, કે તુરત બોડીગાર્ડોએ બ્યુગલો ફુંકી અમારી હાજરી જાહેર કીધી. આ ચાનસેલરી એક ઉંચી ટેકડી ઉપર આવેલી હતી, અને તેની આજુબાજુનો દેખાવ ઘણોજ રળયામણો લાગતો હતો. ગાર્ડોએ નાટઝી ફેશનમાં અમોને સલામી આપી, જેનો રીતસરનો જવાબ અમે સર્વે જણે આપ્યો, જે પછી અમોને એક કુશાદે મોટા ઓરડામાં બેસાડવામાં આવ્યાં, કે જેની આજુબાજુ,

હેર હીટલરની પેલી જાણીતી ટુકડી (s. s.) ના ગાર્ડો પાહરા ભરતા હતા, જે ઉપર નજર પડતાં ડોસાંએ શરૂ કીધું, "મરે આપરે જાણે ચોરો હોયે તેમ બંદુકો લઇ આપરી આજુબાજુ ઉભા સાના રહયાછ? મરે કેવું બાદશાહી મકાન છે જો! જાણે ઓય દેતીકે અહીજ ધામો નાખું. પણ બાવા એ મુવું પુલ્યું હીટલર પરણેલો છે કે કુંવારો?"

રૂડોલ્ફને પુછતાં ખબર પડી કે હીટલર કુંવારો હતો, અને ડોસાંને તે ખબર આપતાં પોતાનું દાસ્તાન આગલ ચલાવ્યુ, 'મરે, એ મુવા એકલ-પેટાને કોઇ પુછે? બઇરી બચ્ચાં વગર એનું કોણુ ખાનાર ઉતું? મને મલે તો એ મુવાને ચમટો અમરાવી સીખામણના બે બોલ કહી સંભલાવું."

"મંચા દીકરા મામલો ઘણો ગંભીર લાગેછ અને વાતબી દેખું વધી ગયલી લાગેછ. ડોસાંની દેખુતો હીટલરની સાથે ગોઠવાં બેસવાની ખાટી મીઠ્ઠી મરજી લાગેછ, અને જો તેમ થયું તો દીકરા, તુ તો બીલકુલ બાપલા વગરનો થઈ જવાનો!" ફ્લીએ મને ટાઇમસર ચેતાવ્યો.

"કીસકી તાકાત હય કે પુઇ કે સાથ નાતરૂં કરે,
કીસકી માને સુંઠ ખાઈ, કે પુઇને પરણી વહીતરૂં કરે.
મગર એહરેમાન હીટલર, હત તેરી અઇસી તઇસી,
સાંભલેચ કે ફ્લી દીકરા, હમરી હય બાત અઇસી"

સેવક છેડાઇને બોલ્યા.

"અરે પણુ તમો લોકો અમથા કાંય અંદર અંદર લરઇ કપઇ મરોછ? અહીં પરણેછ કોણુ અને નાતરૂં કરેછ કોણુ જે તેની વાત? અને તેબી આય ઉમરે, એક પરજાત દરવન હીટલર સાથે? તમારી અક્કલ ઉપર કાગરા — ખરેખર ખુદાયજીએ તમારામાં અક્કલ નહીં, પણ હાંસનું ઇડું મુકયુંછ" પુઇએ વચમાં સુરંગ ફોડી.

હમોને આય બધી ખતપત કરતાં જોઇ, ગોએરીંગે "What's up? what's wrong?" કરીને સવાલ કીવો.

"Nothing wrong, everything right sir. We were just admiring Adolf's ચાનસેલરી and nothing more Your Excellency," સેવકે ફેરવી ટાલ્યું.

થોડીક વારમાં હેર હીટલર પોતાના ખાસ બે અરીમધરીમ જેવા હજુરીયાઓ તથા ગેસ્ટાપો પોલીસના ચીફ હેર હીમલર સાથે અમો સામે આવી ઉભો અને નાટઝી રીત પ્રમાણે સલામી આપી, જે બાદ ગોએરીંગે અમારી ઓલખાણ હેર હીટલર સાથ કરાવી "These are the four આરયનસ alias Parsis, who have come down to do some novelty business in our country and had settled down here for the last six months. They are all intelligent and belong to well known Parsi families in Bombay and especially (પુઇ તરફ આંગલી કરી) this old lady, Madame અડગરા comes from a Royal family, being cousin of our dear good friend રેઝાહશાહ ઓફ Iran."

હીટલરે પુઇ આગલ જઈ વાંકો વલી એવણનો હાથ પોતાના હાથમાં લઈ આંખોમાં ખુબ તરીસે દાબી ધસાધસ રડી પડતાં અંગ્રેજી વાંચી બોલી નહીં જાણતો હોવાથી પોતાની જરમન ભાશામાં કંઇ બકી ગયો, "Freut mich sehr inhre Bekanntschaft zu machen."

હમો બધાં ડઘાઇને એક એકના મોહ તરફ જોવા લાગયાં. "મરે, એ મુવો એમ કાંય કરતો હોશે? મને જોઇને એમ આંખ પાણી કાંય કરતો હોશે? મારા ધરાનો લેતો મરે એમનો એમ!" પુઇએ ચોપરવા માંડી.

હીટલર પોતાની ભાશામાં શું બોલી ગીયો હતો, તેનો અંગ્રેજીમાં તરજુમો કરી, ગોએરીંગે કહયું કે, "હીટલર અમોને સવેને મલી ઘણો ખુશી થયો છે, અને ભવીશમાં પણ થસે. એણે પુઇનો હાથ આંખમાં દાબી શું કામ આંખપાણી કીધું હતું, તેના કારણમાં જણાવ્યું કે, પુઇજીને જોતાંને વાર હીટલરને એના એક પુઇ, કે જેવણ આલાંપુઇ જેવાં આબેહુબ લાગતાં હતાં, અને જેવણ થોડુંક ઉપર ગુજર પામ્યાં હતાં, તેવણ એકાએક યાદ આવવાથી એ દુસકે દુસકે રડતો હતો.

"અરે કયાજો બાવા કાયકુ ઇતના બધા રોટા! શું ગામમાં તારાંજ પુઇ મરી ગીયાંછ કે? અઇસા રોએગા તો કયા તુમેરા પુઇ પાછા જીવતા બન કર આએગાં! રોનેકા બદલે ભણી ગણી પુઇકુ યાદ કરો, અઇસા હમેરી સલાહ હય," પુઇએ હીટલરનો બરડો પસવારી થંડો પાડયો.

તેમ તેમ હીટલરે પુછની સાડી પકડી પોતાની આંસુઓથી ભરેલી આંખો લુંછવા માંડી, જે જોઇ ફરી બોલ્યો, "મંચા, પેલા રીતુરી 'હયુરર'ને જોયો કે? પુછની સારી આંખમાં દાબી દાબીને ડોસાંને કેવાં પસરાવેછ તે! દીકરા ખુબ સંભાલ રાખજે, નહીંતો એ કમબખત જોતજોતામાં ડોસાંને પીગલાવી નહીં નાંખે!"

પછી સેવક તરફ જોઇ હીટલરે સવાલ કીધો, "Who is that ugly looking fellow in ટેલકોટ એન્ડ ચીમની હેટ, ગોએરીંગ?"

"What say you! You call me ugly? You are sadly mistaken! તુમેરા મોટા ભુલ હય! Show me any fellow as handsome as me in our Parsi community, and of a high and respected family like mine! You look at your dirty ugly face in a mirror and then tell me. Look at your nose like a જંગબારી parrot, eyes like a thief and your mustache with a few hair pasted on your dirty mouth, like Charlie Chaplin. Look at your body like a buffalo and look at mine, just as a gaslight before કેરોસીનકા દીવા! What more can I tell you about myself? I have got everything required in a man, beauty, charm, grace, brains, sweet tongue, courage and what not? Every lady in my country (Bombay) call me 'સાબકા બચ્ચા' and if you no believe me, ask my aunty and these my good friends Col ફેરી, સોલુ, and જીવણજી. (બધાંઓએ સાથે ડોકાં ધુણાવ્યાં) This much for the present," સેવકે પોતાની વખાણમાં એ બોલ કહયા.

That's enough! that's enough" હીટલરે બાંગ પાડી.

એક પછી એક ફરી, સોલુ તથા જીવણુંની ઓલખાણ કરાવવામાં આવી. હીટલર એક કદાવર આંગનો ઝનુની દેખાવ તથા મોટાં ભવાં સાથનો વીકરાલ આસામી જણાતો હતો, અને એકાએક કંઇ પગ ઠોકતાંની સાથ આજુબાજુની દીવાલો પોતાની મેલે તુટી જતી હોય તેમ, તે તુટવા સાથ અંદરથી થેડાક સીપાઇઓ અમો તરફ બંદુક ટાંકતા ઉભા, જે દેખાવ જોતાંની સાથ સેવકથી બોલાઈ જવાયું, "ઓ દાદાર અહુરમઝદ, તું મારી મદદે આવ! અરે

અમારાબ્બી કાંહ ભોગ લાગા કે અહીં આવી પડયા! તુ મરેરે ફ્લા! મેં તુને પેહલેથી કહયું કે અત્રે આવવામાં જાનની સલામતી નથી, પણ તેં ઉલ્લુએ મારૂં બીલકુલ માન્યું નહીં. હવે ફેર તારૂ માથું ને કહાર રાતું!"

પણ જરા એમ તેમ નજર કરયે તેટલાં તો પેલા સીપાઈઓ પાછા કેડે ભુતમામાની કાની ગેપ થઈ ગીયા, અને હીટલરે નજદીકના સોફાઓ ઉપર બેસી જવાને ઇશારત કીધી. (કારણ કે હજુ સુધી હમો બંન્ને જણાં હીટલર સામે માંઆંય કંઇ ખાઆવાનું આપોઓરે માઆઆંય, તેમ માંગનારા પેઠે કાલાવાલા કરતા ઉભાજ હતા). એક સોફાપર હીટલર અને પુઇ કરીને બેઠાં, બીજા ઉપર ફ્લી, હું અને સોલો કરીને, ત્રીજા ઉપર ગોએરીંગ અને હીમલર કરીને ગોઠવાયા, અને જીવણો તો એની અસલ રીત પ્રમાણે જમીન ઉપર પલાંઠો વાળીને બેસી ગયો, અને ત્યાર પછી તુરત સર્વે માટે વ્હીસ્કી, સોડા, બ્રાંડી તથા બીર મંગાવ્યો, જેને અમોએ સારો જેવો ઇન્સાફ આપ્યો.

જીવણુંએ તો એના બાપનોજ માલ હોય તેમ, કરારને જીવસે ગજવામાંથી એક નાની બાટલી કાઢીને સુખે દુઃખે ચાલશે કરીને, થોડોક વીસ્કી ભરી લીધો, જે હીટલર, હીમલર અને ગોએરીંગે ડોલા ફાડીને જોયા કીધું, તેટલાં ફ્લીએ એની રીત પ્રમાણે સુફ્યાના ઇંગ્લીસમાં બકવાનું શરૂ કીધું—"લુક હીઅર મીસ્ટર હીટલર, વી હેવ બ્રોટ ફોર યુ પીપલ એ બીગ ટોપલા ઓફ ઇંડીયન આપુસ એઝ સ્વીટ એઝ સુગર, એન્ડ જયુસી જયુસી લાઇક ઓરેંજીસ. વન્સ યુ ઇટ, યુ વીલ લાઇક મચ મચ ટુ ઇટ. અરે ટેકરે ટેક! ડોન્ટ બી અશેમ ઓફ યોરસેલ્ફ, બાવો મારો!"

એમ કહી એણે તો હીમતથી કેરી કાપી તેની ચીરો હીટલરને જબરીથી હાથમાં આપી, જે લેવા પેહલાં હીટલરે જરા આનાકાની કીધી, અને પુઇનું કોહી આવવાથી બોલ્યાં, "અરે શું જો બાવા અમથા કાઇકુ મચકાતા છે? તેરા બાપ જન્મમે કોઇ દીવસેમેં! અઇસા કેરી તુમને ખાયા હય? ગુપચુપ ખાઇ જાવ, નહીંતો તેરા સો બાપ ખાનેકુ તૈયાર હય! તુમને બાપજન્મમાં કોણુ દીન અઇસા કેરી ચુસ્યા હય કયા!"—

ચુસ બેટા હીટલરીવા ચુસ આ કરડીયામાંની કેરી આપુસનાં ગોટલાં ચુસ કે જેથી તારી તરફેણમાં જલદી થઈ જાય, માસ્તર પેંટા ને જાપાન રૂસ."

ફલી તો ખુશખુશાલ સોફાની ઉપર પલાંઠો મારી ગોટલું ચુસ્વા મંડી ગયો અને સાથે સાથે જીવણોબી ભોંયપર પલાંઠો મારી કેરી ગોરવા મંડી ગયો, તેમ તેમ મારૂં તો પાકીને પલેથર થઈ ગયું, પણ સારૂં થયું કે એ હીટલરનો થતો સારા મુડમાં હોશે કે શું, કે તેણે મોટે મોટે ખરખર હસ્વા માંડયું, ત્યારેજ મને જરા રતી ધીરજ આવી.

"મરે એ ફુલ્યું ખરખર હસેજ કાંય? એને કોઇ દીવસ કોઇનેબી કેરી ગોરતાં જોયોછ કે નહી? રખેને એ મુવો તમો લોકને વાંદરા સમજીને હસ્યો હોય?" ફુઇ બોલ્યા.

"તમારાજ જીવને પુછોની કે વાંદરા જેવા કોણ લાગેછ, હમે કે એ?" ફલીએ સવાલ કીધો.

પછી વાતમાં ને વાતમાં હમોને હીટલરે સીગારેટ ઓફર કીધી, અને સોલુએ તેને ખુશી કરવા અમસ્થી એક હાથમાં ઉંચકી, કે ડોસાંએ તેનો ઝાડયો કાઢી નાંખ્યો "તું પેદાનો પડતો મરે એમનો એમ! જરથોસ્તી થઇને હાથમાં બીરી! ધર્મના દુબારતા મરો એમના એમ! અબધડી હાથમાંથી ફેંકી દે નહીંતો કુટુંબો કરી નાંખશ."

"જીજીજીજી, હાજીજીજી, સારૂંજીજીજી," સોલુએ ધ્રુજતે હાથે બીડી પાછી મુકી દીધી.

હીટલરે ઉઠી સીગારેટ મને ઓફર કીધી, અને સોલુની બુરી હાલત થયલી જોઈ, તે નહીં સ્વીકારતાં મહેરબાની સાથે મેં હીટલરને કહયું, "મીસ્ટર ફ્યુરર, વી આર true આર્યન્સ એન્ડ વી નેવર સ્મોક! તુમચી લઈ મહેરબાની ઝાલી!"

"ઓહ! વી લવ 'Aryans' એ લોટ!" હીટલરની વતી હીમલરે જવાબ આપ્યો.

ફુઇ જરા રતી બેહરાં હોવાથી મને સવાલ કીધો, "મંચા, એ આપરા દોસ્ત લવજી આરીયા માટે શું કહેતોતો?"

"કોણ પેલા આપરા હીરાજી બારીયાના કાકાસસરા લવજી આરયા? તેવણતો બીચારા કે દિવસના આરીયાં થઇ ગીયાછ! પણ ફુઇજી શું જો! તમો બરોબર સાંભલી નહીં સકતાં હોવ તો આવો બફાટ કરવાને બદલે ગુપચુપ આબરૂમાં ગગરી કાંય નહીં રેહતાં?" મેં એવણને જરા ખખરાવ્યાં.

પુઇ તો કશરને જીવસે પગ ચઢાવી પલાઠી મારીને સોફા ઉપર બેઠાં હતા, જે ઉપર અચપુચ નજર પડવાથી હીટલરે પુછ્યું, "What's wrong with Aunty's legs?"

"Nothing wrong sir! She has juice in her legs!" ફુલીએ જેટલું અંગ્રેજી આવડયું તેટલાનું ખુન કીધું.

"What juice? Orange or Lemon?" ગોએરીંગે અજાયબ થઇ સવાલ કીધો.

"Oh! oh! oh! You don't know what they call Elephantasis! Really, you people are the wonder of the world," સેવકે જવાબ આપ્યો.

"મંચા, એ મુવા ગોએરીંગ સાથે એ તું શું માંથાંદુખણ કરતો'તો!" પુઇએ સવાલ કીધો.

"અરે એતો તમારા પગ જોઇને વખાણ કરતો'તો કે, તમારા થાંભલા જેવા પગ એણે આય દુન્યામાં કોઇનાબી જોયા નથી," મેં ખુલાસો કીધો.

"કરો ભસ્તેગીઆઓ મશ્કેરી કરો! પણ કાંય મારા પગને શું છે! કંઇ નહીં મુવાઓ, તમોનેબી પગે રસ થશે, તારેજ પુઇની કદર કરસો. પેલા કહે તેમ આપસી તે લાપસી ને પરઇ તે કુસ્કી." ડોસાંએ કહુવા દીધી.

એવી એવી અરસપરસની વાત ચાલતી હતી, તેટલાં હીટલરે મને પુછ્યું, "Well મેજર મંચેરશાહ, what do you think about our Germany?"

"અરે વોટ ટુ સે સર! Country is goody goody, but the people are very miser and bady bady. The weather too is very climatic, sometimes cold and many times hot, very very perspiring. But nothing to touch our darling Bombay! But why don't you come to Bombay, Adolf and bring along our friends this Rudolf, Goering, રીબેનટ્રોપ, હીમલર etc. etc! There are many many places worth seeing, just like Dr. Temulji's સુવાવડખાના, Mental Hospital, ડુંગરીસ જેલ, ગાંધીજીસ આશ્રમ, Victoria Gardens, Parsi's Tower of Silence and so on, and so on." સેવકે હાંક્યું.

"What is 'Tower of Silence'?" હીટલરે અજાયબીમાં પુછ્યું.

"Oh! It's a very lovely place., full of flowers, beasts and animals. Very very quiet over there. No danger of robbers and thieves and ડોકરસ. Nice open air building, without any top or roof, only tenants being yourself and God. You have not to pay any rent, Municipal or Halalkhore Taxes, no Electric bills, no gas bills, બસ, everything ખુદાબક્ષ! Everything found! Once you get in, you can't get out" ફ્લીએ કેહ્યું.

"Well then it must be very nice and cool over there. I would like to stay there," ગોઅેરીંગે ઉમેર્યું.

"Constant 40° temperature, very beautiful spot. Lucky persons can only stay there. પણ બાવો મારો, તાંહ વેર જવાની શી જરૂર છે! તું કેહતો હોય તો અહીંજ તારો રસ્તો કરી નાંખ્યે," ફ્લીએ બકબક કીધી.

હીટલર અમારી રીતભાત તથા ચાલાકી ઉપર ઘણો ફીદા થઈ ગીયો, અને પોતાના મેહમાન તરીકે હમોને એકાદ બે દિવસ પોતાને ત્યાંજ રેહવાને ઘણા કાલાવાલા કીધા, અને અમોને આવા બાદશાહી મેહલમાં રેહવાનું માન તથા તક મલેલી જોતાં ફુઈ બોલ્યાં, "વારૂં હીટલર બાવા, તુંમ અમ લોકકુ ઇંટના બધા બોંહસ હોસ કરતા, તો મરૂં જરૂર એક દો દીન તુમારે હયાં રહી પડતા, તુમેરા ખુદા ભલા કરેગા! Very many thank you, મેની મેની થેંક યુ!" કરીને ફુઈ વાંકા વાંકા વલી ગયાં.

મેહલમાં દરેક જણને એક એક છુટ્ટો બેડ-રૂમ આપવામાં આવ્યો, અને હમોને જોઈતી દરેક ચીજ પુરી પાડવા તથા હમારી ઉપર દેખરેખ રાખવા એક એક સોજ્જામાંની પોટ્ટી રાખવામાં આવી, અને જીવણો કોઇ દિવસ પોચ્ચાં ગોદરાંવાલા બીછાનાં ઉપર સુતેલો નહીં હોવાથી, મગન મગન થઇ ગયો, "આ કેવું છરછ પોચ્ચું પોચ્ચું બાદછાઇ બીછાણું છે. મારી મંગલીને છારૂં જ્યારે મુંબાઇ જઇછું, તારે આવું એક બીછાનું જરૂર લેતા જછું, અહુવે!"

હીટલરનો બેડ-રૂમ, ફુઈના બેડ-રૂમની બરોબર નજદીકમાં હતો, અને કમબખત હીટલરને ઉંઘમાં ઘોરવાની તથા બકબક કરવાની ખરાબ આદત

હોશે, તેથી તે મોટે મોટે ગોરવા તથા બકબક કરવા લાગ્યો, જેથી ફુઇ અમારા ઓરડામાં આવી અમોને ઉંઘમાંથી ઉઠાડી કેહવા લાગ્યાં, "કોઇ મુવાને ધરતલો ચાલેછ કે કેમ! કયારનો કોઈ ભસ્તેગીઓ ગોરયા કરેછ, ને બકબકારો કર્યા કરેછ. નથી પોતે સુતો કે બીજાંને સુઇ દેવા મરતો. જાતો મરૂં ફલી, જઇને ખબર કાઢ, કે કોણુ ભસ્તેગીઓ મરવા સુતોછ! મરી જતો હોય તો બધી પંચાત મટી જાય."

અમો બપોરના ખાવાની ટેબલ ઉપર ગોઠવાયાં. ફુઇના એક હાથ ઉપર હીટલર બેઠો અને બીજા હાથ ઉપર ગોએરીંગ બેઠો, જેની બાજુમાં ફલીને બેસાડવામાં આવ્યો, અને હીટલરની બાજુમાં સેવક બેઠા અને મારી બાજુમાં રીબેનટ્રોપ, સોલુ, હીમલર અને જીવણું કરીને ગોઠવાયા. ફુઇ તો એવણુની રીત પ્રમાણે 'ખષનોથર અહુરહે મજદાઓ! ખષનોથર અહુરહે મજદાઓ! કરીને ટચાકડી ફોડીને મોટે મોટે કસ્તી કરતાં ભણવા મંડી ગયાં. હીટલર, હીમલર બધાઓ મોહડાં વકાસી જોવા લાગયાં, અને ડોસાં શું કરતાં હતાં, તેને સમજાવતાં, હીટલર બોલી ઉઠયો. "વેરી religious! Aunty very religious! Very ગુટ! ગુટ!

દારૂ પીરસવામાં આવ્યો, અને આજુબાજુનો શણગાર તથા સુનાના છરી કાંટા રકાબી વીગેરે ઉપર નજર પડતાં, ફુઈ બોલ્યાં, "દીકરા સોલુ, સુનાની રકાબી તથા છરી કાંટે ખાતાં આપરો જીવ સખે જવાનો જો! કોઈની નજર નહીં પડે, તેમ છરી કાંટા તથા બીજું કંઇ પણ ઉચકાય, તો ગુપચુપ ખીસામાં સેરવી દેજો. સુખે દુઃખે આપુને કામ આવશે!"

"જરૂર બાપના બોલે ઉંચકશું. તમે બેફીકર રેહજો," સોલુએ ફુઇને ધીરજ આપી.

પેહેલી વાણી ચીકન સુપની આવી, જેને હમો લોકોએ પુરતો ઇન્સાફ આપ્યો. પછી Gekochter Fisch (boiled fish) ની વાણી આવી, અને ત્રીજી વાણી Roast potatoની આવી, અને ગોસની ઉપર નજર પડતાં ફુઇની કમાન છટકી, "તમે ધર્મના દુબારતા મરો! અરદીબેસ્ત રોજના હમકારે તો કોઇ ગોસ ખવરાવે! તારે પેલો સુપ બી દેખુ ગોસનોજ હોશે! તમો લોકનું સર સંદાસમાં જાયરે તમારૂં ને મંચા, તેંબી આંધરાની કાની ખાયા કીધું? તેં મારૂં ધ્યાંન કાંય નહીં ખેંચ્યું? અબઘડી ગલાં ખેંચીને બધુ બાહર કાઢો. મુવા કેઠના અધર્મીઓ!"

ખાતાં ખાતાં હીટલરને અટરસ જતાં, ફુઇએ ખરડેલા હાથેજ 'નોરે મરૂં! ખુરી! ખુરી! બાવા!' કરીને મજબુત હાથે તેના બરડા ઉપર બે ચાર છાપટ મારતાં, હીટલર ગરગર ઓકવા મંડી ગીયો, જેમ કરતાં ફુઇની આખી સાડી બગાડી મુકતાં, ફુઇએ temper ખોઇ દીધો, "તું ઓકતો કરતો મરે! મુવાએ તો મારી સુન્ના મોહર જેવી સારીનો કચ્ચરગાન કાઢી નાંખ્યો. જ્યારથી રંડાઇ, તારથી એજ સારી પેહરતીતી. મુવા સડે નહીંતો એટલું ચગરી મર્યે નહીંને!"

"કંઇ નહીં ફુઇજી, તમો જરાબી ફીકર નાં કરો. તમો પાછાં રંડાસો, તારે તમોને હું નવી સારી અપાવસ." મેં ફુઇને ધીરજ આપી.

ફુઈ બેહરાં હોવાથી મને પાછુ પુછવા લાગ્યાં, "શું કહ્યું બાવા, શું બોલ્યો?"

એકાએક હીટલરનો ફીરો ચવરી આવવાથી ડોસાંને કંઇબી ગાવાને કાલાવાલા કરવા લાગયો, જેથી ફુઇ કપાલે હાથ દઈ, જાણે હીટલરનું રૂડન કરતાં હોય તેમ મોટે મોટે ભેંસાસુર અવાજે ગાવા માંડયું—

"સવરાતે સુરજ ઉઉઉગીયા,
દીકરા હવે તારા દહાડા ભરાઇ ચુકયા,
મોતના સંદેશા આવી પુગીયા,
આખી દુન્યાના લોક તારાં નામપર થુકીયાં,"

ગોએરીંગે તો whistle મારી once more, once more કરીને બુમો પાડી, અને હીમલરની તાલીઓપર તાલીઓ ફોડતાં બોલ્યો, "Excellent, very good tune and a lovely voice! What was that song called?"

"કપાલ તારા બાપનું! પેલા કહે તેમ સમજે તેનું મોત, ને નહીં સમજે તેની કમબખ્તી! Yes! Yes! Excellent! Superb! My Aunty has a very sweet voice and is well-known as Indian cuckoo! She can sing non-stop, for 24 hours, without any stop in a ઝેરી ટોન, I mean બેરીટોન. She sang that well-known પીસ બીથોવીઅનસ Sympathy in 'C' Major on a very, very high key," મેં ફુઇની તારીફ કીધી.

હસ્વા બોલવામાં ફ્લી, સોલુ તથા જીવણુંએ છરી કાંટા તથા ચમચા (સુનાના) જેબી આવયું તે ખીસામાં તથા બોટીમાં સેરવવા માંડ્યું, જેમાં પુઇએબી મદદ કીધી. છેલ્લી વાણી તરીકે પુડીંગ આવયું.

ખાણું બાદ હમો પાછા અસલ જગ્યા ઉપર બેમી ગપ્પા સપ્પા મારવા લાગયા અને વાતમાં હીટલરે હીન્દુસ્તાન માટે પુછપરછ કરવા માંડી કે, ગાંધીજી કેમ છે? ફલાનો કેમ છે, ચીલાનો કેમ છે? હીંન્દુસ્તાનને સ્વરાજ મલશે કે? ત્યાના લોકો કેવા? વીગેરે, અને પછી કાંઇ અસારત કરતાં, એના એક હજુરીયાએ બાજુની ટેબલનાં એક ખાંણુંમાંથી કંઇ મોટો જેવો એક નકશો કાઢી એના હાથમાં મુકયો, જે અમોને બતલાવતાં હીટલરે કંઇ સમજાવ્યું કે, એ થોડાક વખતમાં આખુ યુરોપ તથા હીંન્દુસ્તાન જીતી જવાનાં સ્વપના જોતો હતો, અને જેવું એના મોઢામાંથી હીંન્દુસ્તાનનું નામ નીકલ્યું કે, તુરત જીવણુંએ જમીન ઉપર ફસડાઇ પડી કપાલ કુટી રડારોડ કરી મુકી, "અરે પ્રભુ! આ શુ આફ્ટ! જો આ જરમન ફુલીયું આમ હીંન્દુસ્તાન ઉપર ચઢાઈ લઇ જાછે, તો મારી મંગલી અને નાના જીવણુંનું શુ થાછે? એ લોકો તો બાપલા વગરનાં થઇ જવાના, અહુવે? અને માઇએ ડોપચું રંગઈ જવાનુરે બાપા! અરે રામ! શ્રી રામ! મારી મદદે આવ!"

આવી રીતે જીવણુંને રડારોલ કરતો જોઇ રીબેનટ્રોપે મનેજ સવાલ કીધો. "મેજર માઇડીઅર, વેટ ઇઝ રોંગ વીથ ધેટ ફેલો? વાય ડઝ હી મેક સચ નોઇઝ એન્ડ........

"અરે વોટ ટુ સે યુ સર! નથીંગ રોંગ વીથ હીમ સર! હી ઈઝ ઇન ધી હેબીટ ઓફ ગેટીંગ ફીફરાં એવરી નાઉ એન્ડ ધેન. હરી અપ! મેરેકુ આપકી જુટી દેવ, આઇ વીલ મેક સમ જાદુ!" એમ કહી મેં એના પગમાંથી એના ખંધારી બુટ ખેંચી કાઢી, જીવણુંને સુંઘાડયું, અને એક છીંક ખાઇ, જીવણો પાછો ઉભો થયો.

હીટલર તો આ ચમતકારથી બધો ખુશ ખુશ થઇ ગયો, અને મને શાબાશી આપતાં બોલ્યો, "વેરી કલેવર ફેલો, હે! મેજર માઇડીઅર, હાઉ આઈ વીશ યુ વર બોર્ન ઇન જરમની!"

તેટલાં બાજુમાં જોવુંછ તો ફલી જમીન ઉપર પલાંઠો મારી બેસીને છાતી કુટતો બલાપો કરતો હતો. "હાય થુ! અરે ઓ મારી પીલી, મારાંબી

રોગ નીવારણ ઘરગતુ દવાઓ

SQUIBB'S AGUE SPECIFIC
સ્કુઈબ્સ એગ્યુ સ્પેસીફીક

મેલેરીયા, ઇનફલ્યુએંઝા અને સર્વે જાતના તાવનો આજ
૬૦ વર્ષોથી જાણીતો થયેલો ઉપાય.

LYNSOLA
લી ન સો લા

ઉધરસ, ખાંસી તથા શરદીનો કટ્ટો શત્રુ.

ANGEL'S BABY--BALM
એન્જલનું બેબી બામ

અવાર નવાર આ દવા બાળકોને પીવડાવવાથી તે નીરોગી
તથા તંદુરસ્ત રહે છે. એ બાળ અમૃત ખરો
માતાઓનો દોસ્ત છે.

HEIZEKON
હે જે કો ન

કોલેરા અને ડાએરીઆ ઉપર રામબાણ ઇલાજ.

માદન સન્સ એન્ડ કું.

કેમીસ્ટસ

ક્રાફર્ડ માર્કેટ તથા હ્યુજ રોડ,
મુંબઇ.

શું નસીબ કે, તું મને મળ્યા વગર એમ મરી જશે. આય કમબખ્ત ફ્યુરર તો બસ ખુન ઉપર ચઢયોછ. અરે હાખ થુ! મારી માય કરૂં, એવું હું જાણુતે તો તુંને મારી સાથેજ અહીં જરમની લઇ આવતે! હવે તો હું જીવતાં જીવત રંડાવશરે, મારી પીલઇરે, હાખ થુ! થુ! થુ!!!

મરઘાંની કાની જુહરી મરસ, તારા વગર ઓ પીલઇ,
યાદ કરસ ૧૦૦ વરસ, તારી નેકી ખુબી ભલઇ.
હવે મને કોણુ ખવરાવસે નાસ્તા ઉપર મલઇ,
તું તો બ્હેસ્તમાં નાતરૂં કરશે, પણુ હું જઇશ રંડઇ.

આ સાંભલતાંની સાથે પેલા દેવનામ દેવ હીટલરે મને સવાલ કીધો, "મેજર મંચેરશાહ, વોત ઇઝ યોર કઝીન ફોરી ંઇગ? વોટ ઇઝ ધેટ સોગોઇ એન્ડ મોલોઇ?"

"નથીંગ, માઇ ડીયર એડોલ્ફ, ડોન્ટ વરી! હી ઇઝ સમટાઇમઝ હીસતેરીક! વો જલ્દી થીક હો જાયગા. ગીવ મી સમ વીસ્કી સોડા," એમ બોલી હાથમાં થોડોક વીસ્કી સોડા લઇ જાણે એને પીવડાવતો હોવું, તેમ ફ્લી પાસે જઇને કાનમાં કહયું, "કમબખ્ત ફ્લી, તુંબી શું નાહાનીયતપણું કરેછ! કાલનો દુકાલ આજે પાડવા માંગેછ કે શું? એમ બાયલાની કાની ધ્રુજતો હોય તેમ દેખાવ શાનો કરી મરેછ! અરે તારો બાપ મરે તારો! ચાલ વેકી જા જોઉં! ઉઠીને દાદાર અહુરમઝદનું તથા શરોષ ઇઝદનું નામ લઇ આ થોડો વીસ્કી ગટાવી જા, કે તુંને હુસ્યારી આવે. હાખ થુ! બક અપ ફોરી!"

થોડાક બબ્બો લેતાંની સાથે ફોરી આમતેમ આંટા મારવા લાગ્યો. પછી હીટલરે અમોને પાસે બોલાવી કહયું, "લુક હીઅર માઇ friends! આઇ વોન્ટ ધેટ યુ ઓલ શુડ જોઇન અવર નાટઝી પાર્ટી, એન્ડ બીકમ જરમન subjects"

"I objects! ઓ ડોન્ટ બી સીલી, એડોલ્ફ, ઇટ ઇઝ નોટ એ childish ટોય! ઇટ ઇઝ એ કવેસચન ઓફ લાઇફ એન્ડ ડેઠ! અલવ મી તુ વાત કરતુસ ટુ માઇ બીલવેડ સગા ફોરી એન્ડ જીવણું. ગીવ અસ સમ ટાઇમ ટુ ટેક રજા ફ્રોમ અવર માયજી એન્ડ બાવાજી, એન્ડ આસ્ક અવર મીસીસીસ એન્ડ સગાવાહાલાંઝ." મેં એની પાસે માંગી લીધું.

એવામાં ફ્રોઈએ ચાલાકી વાપડી, જાણે પોતે કોણુ એક મોટો જોતીષ હોય તેમ હીટલરનો હાથ પોતાના મેલા અખતર હાથમાં લઇ, તે જોતાં મોટેથી બોલ્યો, "મારો બાવો કરૂં ફ્યુરર, આઇ કેન રીડ ફ્રોમ યોર હેન્ડ કે યોર stars at present આર નો ગુડ, એન્ડ તેથી ડોન્ટ વોર રે ડોન્ટ વોર! અધરવાઇઝ યુ એન્ડ જરમની બીલકુલ વોઝ નોટ થઇ જશે."

"યસ! યસ! એડોલ્ફ! કર્નલ ફ્રોરી ઇઝ ઓલ રાઇટ એન્ડ નો રોંગ! બીલકુલ ખરૂં છે. ત્રાઈ એન્ડ એવોઇડ ફાઇટીંગ" મેં હીટલરને બનાવ્યો. પણ મારા બનાવ્યાથી તે થોડોક કાંઇ બની જવાનો હતો, એટલે તેણે પાછી વાઘ જેવી બરાડ મારી.

"છટ! છટ! ડોન્ટ ટોક સચ રબીશ! આઇ ડોન્ટ વોન્ટ યોર advice. વાય don't you mind your own dirty business, યુ ડર્ટી બીઝીનસ!"

"ઓલ રાઇટ! જબી દેખા જાયગા," મેં જવાબ આપ્યો.

"વેલ ધેન વોટ ઇઝ યોર રીપલાઇ? આર યુ ગોઇંગ ટુ ફાઇટ ફોર જરમની ઓર નોટ?" પેલો હીટલર છેલ્લે પાટલે તરીચા પાવ આવતાં બરાડયો.

"નો! નેવર! વી વીલ ફોર એવર ફાઇટ ફોર બ્રીટન! લોંગ લીવ ધી બ્રીટીશ રૂલ!" મેંબી દેશાભીમાન બતાવતાં ઉમેરયું.

તેટલાંમાં હીટલરે જેમ પીલાહુસ ઉપર મવાલીઓ મોઢાંમાં આંગલાંઓ ખોસી "વીટ! વીટ!" કરીને વીહસલ મારે છે તેમ જોરમાં વ્હીસલ મારી, કે તુરત લગભગ ૧૦૦ સીપાઇઓ અમો તરફ બંદુકો ટાંકતાં ઉભા અને અમો તરફ બંદુક ફોડવાનો હુકમ આપે, તેટલાં ડોસાં વચમાં પુરાયાં, "ક્યા જો બાવા હીટલર, તુમ ઇટનાં સમજુ આદમી હોકર ઇટના ઉતાવલમે કાય કુ પડતા છે? જરા વિચાર કરનેકા તો ટાઇમ આપો? આપુન લોક એક દો દીનમે જરૂર જવાબ આપેગા. જરા ઇટના અમેરા અરજ સાંભલો ખુદા તુમેરા ભલા કરેગા!"

"લુક હીયર મેજર માઇડીઅર! ડોન્ટ બી ઓબસ્ટીનેટ otherwise યુ ઓલ વીલ બી કીલ્ડ આઉટ રાઇટ નાઉ એન્ડ નાઉ!" ગોએરીંગે મને વખતસર ચેતાવ્યો.

"નેવર માઇનડ! અમ પારસી લોક ડોન્ટ કેર ફાઇટીંગ એન્ડ ડાઇ ફોર અવર સેલવઝ. વી આર રેડી ટુ સેક્રીફાઇસ અવર કીંમતી લાઇફ ફોર અવર ઇજ્જત એન્ડ અવર બીલવેડ કન્ત્રી." મેં હીંમતથી કહ્યું.

સમજના નહીં અમ પારસી લોકકુ પોચી માટીકા,
જો દરકાર કરે તેરી અઇસી સુકકી દાટીકા.
પારસી બચ્ચે લોકકુ સતાનેમે લેતે હય મજાહ,
પણ માલમ છે તુને એની તને મલશે શું સજા?
તામે નહીં હોનેકું મેરે દોસ્તોને દીયા હય મેરેકુ રજા,
ફફડાવશું તારી ચાનસેલરીપર, હમારી પારસીઓની ધજા.

આવી અમારી દલેરી અને બહાદુરી જોઇ હેર રીબેનટ્રોપ, હીમલર તથા ગોએરીંગના બનપાંઉ જેવાં જીગરો પીગલી ગયાં, અને વચમાં પડી અમોને જાનથી મારી નહીં નાખવાને, અને વિચાર કરવાને ટાઇમ આપવાને હીટલરને સમજાવ્યો, અને તે મુજબ હમોને બે દિવસનો ટાઇમ આપવામાં આવ્યો. હીટલર તો અમોને મલ્યા કર્યા વગર રૂબાબમાં પીઠ ફેરવીને ત્યાંથી ચાલતોજ થયો, અને ગોએરીંગ, હીમલર તથા રીબેનટ્રોપને મલી ભેટી હમો પણ ત્યાંથી જવા નીકલ્યા. રીવાજ મુજબ કોઇ પણ આસામી ચાનસેલરીમાં આવતો કે જતો, તો તે વખતે Guards ઓ તે લોકના ખીસાં પાકીટ તપાસતા હતા. તે મુજબ ફૂલી, સોલુ તથા જીવણુંની જડતી લેતાં તે લોકના ખીસામાંથી હીટલરના નામ તથા મોનોગ્રામ સાથના છરી કાંટા નીકલતાની સાથ તે લોકને પકડવામાં આવ્યા, જે ઉપરથી ડોસાં બખાલ્યાં, "કાયકુ અમેરા ગરીબ બચ્ચે લોકકુ ઇટના સતાતા? ભુલમે ખીસાંમે છરી કાંટા રખ દીયા ઇસ્મે ઇટના કયા ગુનાહ કીયા? છોર દેવ એ લોકકુ! અયસા તો એકસો છરી કાંટા એ લોક પરસી ઓવારી નાંખ્યાં," એમ બોલી ફુઇએ પોતાની ઓટીમાં છુપાવેલા થોડા છરી કાંટા એ લોકના દીલ ઉપર છુટથી ફેંકયા.

ગરીબ બીચારા ફૂલી, સોલુ તથા જીવણો! તે લોકને હાથે બેડી નાંખી ત્યાંની એકાદ પોલીસ ચોકી ઉપર લઇ જઇ, તે લોક ઉપર ચોરીનો charge મુકી પોલીસ લોક-અપમાં રાખવામાં આવ્યા, અને ફુઇ, રૂડોલ્ફ અને હું કરીને ઘર તરફનો રસ્તો લીધો.

હમારે ઘરે પોહચતાની સાથે જોઉં છ તો મારે નામનો કંઇ કાગલ આવેલો, તે ખોલીને વાંચવા માંડયો કે તુરત ડોસાંએ શરૂ કીધું, "કેમ મંચા, કુંવર શું લખેછ? પેલા મારા ફુવનસાસુની માસીસાસુના કાકાસસરાની ફુઇની બેહનની દીકરીના દીકરા જમશેદજી ખરાસને સાર કંઇ લખેછ કે?"

"કોણ આપરા પેલા જમસેદજી ખરાસ? અરે એવણુતો બીચારા કે દિવસના થયાછ ખલાસ!" મેં ખુલાસો કીધો.

"મરે મને તો ખબર બી નહીં! એકાએક બીચારાને શું થયું હોસે? નહીં બીચારાને બઇરી બચ્ચાંનું સુખ, કે નહીં ધરબારનું સુખ. બીચારા હાડમાર હાડમાર થયાછ જો! છુટા બીચારા! પેહલે મહઇને ટાઇફાઇડ ફીવર આવીતી, પછી જલંદર થયું, પછી ભગંદર થયું, પછી અલસર થયું ને છેવતે કેનસર ઉપર નાંખ્યા, તો હવે પછી બાકી તે શું રહે?"

"વરી શું રહે? હાડકુ ને ચામરૂં! હવે એ તમારા નજદીકના સગા જમસેદજી ખરાસને મારો ગોલી, અને આપરા સોલુ, ફલુ અને જીવણુંને કેમ એ ચંડાલોના હાથમાંથી છોરવવા, તે માટે કંઇ તમારૂં ફલફુપ ભેજું કસી ઉપાય સુચવો, નહીંતો એ બીચારાઓ જેલમાં સબરી સબરી કોહી સરીને ખલાસ થઇ જસે," સેવકે પુઇનિ અરજ કીધી.

પુઇજી, રૂડોલ્ફ અને હું કરીને સાથે બેસી, અમારા ત્રણુ ગોઠીઆઓનો છુટકારો કેમ કરાવવો તે ઉપર વિચાર ચલાવવા મંડી ગયા. આખરે અમો એવા ઠરાવ ઉપર આવ્યા કે, હમારે હેર હીટલર ઉપર ફલી, સોલુ અને જીવણુને છોડી મુકવા સારૂ એક લેખીત અરજી કરવી, અને તે મુજબ હમોએ નીચે પ્રમાણે અરજી તૈયાર કીધી:—

Quite Personal, very private and most confidential.

To,

The world shaker, peace breaker & Berlin maker,

The ફ્યુરરર, હેર એડોલ્ફ હીટલર,

Your most exalted Excellency,

We, the undersigned unhappy, dejected, disheartened, molested, residents of હેમબર્ગ આવાંબઇ અડગરા alias the Princess of Persia and her brother's son મેજર મંચેરસાહ માઇડીઅર pray you on our bended knees to release urgently and immediately, our brothers and partners in life and death, કર્નલ ફ્રોરી (આખ ચુ) સોલુ સેન્ડો and હેર જીવણજી, who have been arrested for robbing and stealing your

socalled golden knives and forks from your ચાનસેલરી, the other day, and are kept in custody, withcut any rhyme or reason. It is not shameful ?

Firstly Adolf, let us draw your attention that in our Parsi history, not a single Parsi has been arrested for robbery, and if, કોઇ પારસી ચોરીઓ કરે, તો કદી ઇટના છોટા ચોરી નહીં કરેંગા, and if, at all they did it, it was only in joke ! We ean easily assure you, that they are innocent, just as you are and have not committed any theifery or robbery, but stolen only that cutlery of yours. As you know well, you can't be a robber easily. It requires a very strong and couragious heart, to do it. ઓ કુચ બચ્ચે ખાલેકા ખેલ નહીં હય, કયા સમજા ?

Moreover, on getting your knives tested, we were told quite frankly and openly કે સુના કે બદલે ઉસકી ઉપર ગોલ્ડ ગીલ્ટ અછછે તરેસે લગાયા હોતા. There you are, Mr. Hitler ! Why don't you use your common sense ? રૈઆલાક કા સગા કોન દીન ચોરી કરેગા ! Absurd ! Absolulety નહીં મનાયએબલ. Don't you think so ?

Of course, we clean forgot to tell you that both ફ્રાચી એન્ડ સોહુ are great magicians, and in showing their art of જગલરી, they must have pocketed your so-called superfine cutlery, and ઘેરફેર why you make so much ગરબરી ? Well then, you can't call it a sin ! Never ! Never ! And you give such justice to honest men ? But you know what is honesty ! It is the best Insurance policy ! (with a big પ્રીમીઅમ). May not be in your country.

Now we give you our final notice that, if our friends are not set free within 24 hours from now, we

will sever all our diplomatic and ડોમેસટીક connection with you and will do સતયાગ્રહ and go on fast, which will long last.

Before enclosing the letter with our tears, instead of gum, we earnestly and solemnly request you, to set our friends free, and thus save yourself from shame.

Thanking you once again and wishing you health, wealth and joy and next year a nice boy !

We remain,
Your humble friends in grief,
Princess આવાંબાઇ અડગારા
and
મેજર મંચેરશાહ માઇડીઅર
of Ballard Pier.

રૂડોલ્ફે તેનો જરમન ભાશામાં તરજુમો કીધો અને ફુરતાફુરત પોતાને હાથે પોહચતું કરવા તેની ચાનસેલરી તરફ જવા નીકલ્યો, અને હીટલર પોતાને બંગલે હોશે કે નહીં, તેની ખાત્રી કરવા સેવકે તેને ટેલીફોન કીધો. "હાઇ હીટલર ! હલેવ ! હલેવ ! હલેવ ! Is that Hitler's Bungalow ?"

"Yes ! Yes !" પેલા માણુસે જવાબ આપ્યો.

"Can I speak to Adolf Hitler ?" સેવકે પુછ્યું.

"What !"

" Oh ! Excuse me I say, can I speak to the ફ્યુરરરર હેર એડોલ્ફ હીટલરરરર ! "

"Yes ! But may I know who is speaking !"

"Of course. But, you funny fellow, don't you know me ! I'm મેજર માઇડીઅર, the nephew of my aunty dear, આવાંબાઇ the Princess of Persia, speaking personally."

"But, what is it that you want to talk to the ફ્યુરરર ?" પેલાએ સવાલ કીધો.

"Oh, you wretch, it is a very urgently important matter, which I want to discuss with him and him only. It is a qustion of life and death for both of us, so please, hurry and don't worry me." સેવકે જવાબ આપ્યો.

"All right then, wait a while."

પાંચ મીનીટ થઈ જવાથી હીટલરને નામની મેં સરસવતી ભણુવા માંડી, તેટલાં પેલો માણુસ બોલ્યો, "હાઈ હીટલર ! ફયુરરર ઇઝ વેરી વેરી busy... he is in the bath-room and so.......

"But what is he doing in the bath-room all this time?"

"Wait. I'll inquire."

"હા તારા બાપનું કપાલ ! બાથ-રૂમમાં છે, તેમાં તું શું inquiry કરી મરવાનો હતો ?" સેવક બબડયો,

"હાઇ હીટલર ! હલવ ! હલવ ! મેજર, ફયુરર is taking his bath in the bath-room, so please ring after 15 minutes or so."

" O. K. Boss ! But you know, I too am also a very importantly busy man. Please tell him to ring me after 15 minutes. My No. is 606. Give my love to Adolf, cheerio ! Old Boy !

લગભગ ૨૦ મીનીટ સુધી કંઇ ટેલીફોન નહી આવવાથી મેં લઇને પાછો રીંગ કીધો, જ્યારે મને કહેવામાં આવ્યું કે, હજુ હીટલર 'બાથ' લેવામાં રોકાયો હતો, અને જોઇએ તો મારે અર્ધા કલાક પછી પાછો કરી જોવો.

" મરે કોઇ એ મુવા એડોલ્ફને પુછે ? હજુ સુધી એ નાહયાજ કરેછ શું ? પેલો રાજા ગોપીચંદ તથા રાવનબી એની આગલ કુછ બીસાદમાં નથી ! તે દિવસે એ મારી પાસે ખાવા બેઠો'તો, ત્યારેજ ખાટ્ટી આંબોસી જેવો વાસ મારતો'તો. ખરેખર બાવા, ચોખ્ખઇ, સુગરઈમાંતો પારસીઓને કોઇ નહીં પુગે જો !" ફુઇએ પોતાનું મત આપ્યું.

રૂડોલ્ફ હમારૂં પેલું petition હીટલરને હાથોહાથ પુગાડી પાછો ઘરે ફર્યો, અને હમો ત્રણે જણા, ફુલી, સોલુ અને જીવણુંની ખબર લેવા police lock-up માં ગયા, અને તે લોકને થોડોક વખત મલવાની રજા લઇ, તે લોકને જે લોક-અપમાં પુર્યા હતા, ત્યાં જઇ પુગા. એક અંધારી ખોલીની અંદર એ ત્રણો જણુને પુરવામાં આવ્યા હતા. અને ત્રણો જણું, એકમેકના ખભાં ઉપર ડોકાં નાંખી એક ખુણામાં જમીન ઉપર બેઠા હતા, જે દેખાવ ખચ્ચીતજ દયા ઉપજાવનારો હતો. જેલ વોડંરે દરવાજો ખોલી અમોને અંદર લઇ પાછું બાહરથી દરવાજાને તાલું મારી દીધું. હમોને જોતાંની સાથ ફુલુ ફુઇને વલગી ધસાધસ રડી પડયો. "ફુઇજી માય કાંહને કાંહ તમારી સુને હમે ચોરી કીધી! હમોને શું ખબર કે આવી રીતે હમોને જેલમાં પુરી, હારમાર હારમાર કરશે. ચાર દિવસમાં તો હમારી ઉપર ચારસો આફતો પડી ચુકીછ! હમારી પાસે સખત મજુરી કરાવી, દિવસમાં ફકટ એકજ વખત ખાવાનું આપેછ, ને તેબી વરી માત્ર એક પાંઉની કાત્રી ને એક બાફેલો પપેટો! ફુઈ માય, તમોને પગે લાગુ, કાંઇબી હીસાબે ને જોખમે હમોને આય બંદીખાનામાંથી છોરવી એક પુનતુ કામ કરો, ઓ મારી ફુઇજી માયરે! હવે મરી ચાલ્યારે!"

સોલુએતો છાટી કુટી, રડારોડ કરી બધું ગોંધ્યારૂં કરી મુક્યું, પણ ડોસાંએ તેને જરા રતી થંડો પાડયો, "નોંરે મરૂં! એમ કોઈ રડે કે! તુંને રડતાં જોઇ મારાં બધાં કલેજાં કપાઇ જાયછ. પણ દીકરા, એમ કોઇ ચોરી કરે કે? કાલે ઉઠીને કોઇ તુંને કેહશે કે, આલાં ફુઇનું ખુન કર. તો શું તું મારૂં ખુન કરશે? ગોજો છોકરો! ચાલ કલેજાં, હવે જે થયું તે થયું. ફરી એવી ભુલ નાં કરતો. જરા ધીરજ રાખ. સઉ સારૂં થશે."

એ લોકે પોતાની દુઃખદ કહાણી હમોને કહી સંભલાવી, જે સાંભળતાં મારી આંખમાં બધાં પાણી આવી ગયાં અને જાણે મારા ઉપર શું આફત આવી પડી હોય તેમ, હુંબી મોટે મોટે રડવા મંડી ગીયો. જીવણોબી ફુઇને તેને છોડવવા માટે કગલી કગલીને કેહવા લાગ્યો—

"આઇ માજી આવાંબઇ આઇ,
પાયાં પડું માજી બાઇ.
અતાં સાંગું તરી કાઇ,
હેરાન જાલા માજી આઇ!"



પોલીસ lock-upનો દેખાવ.

ત્રણે જણને હમોએ ધીરજ આપી કે, હમોએ તે લોકને છોડાવવા સારૂ હીટલરને એક લેખીત અરજી પણ કીધી હતી, અને તેમાં જો હમો નહીં ફાવ્યાં, તો કોઇ પણ હીસાબે ને જોખમે કાંઈ પણ નવું લફરૂં જગાડી, યાતો કે ચોરી, લુટફાટ કરીનેબી હમો તે લોકની સાથે સાથે જેલમાં પુરાશું, અને મેં તો આગલ વધીને ખાત્રી આપી કે—

"કસમ છે મુજને મારા બ્હેસ્તી ફરદુનજી ફુવાના,
કસમ છે મુજને ભીખા બેહરામના કુવાના,
કસમ છે મુજને મારાં છાપરાં વગરનાં HOME ના
કસમ છે મુજને જાપાનીસ સ્વીસાઇડ બોમનાં."

જેમ તેમ સમજાવી પટાવી જરા ધીરજ રાખવાની એ લોકને સલાહ આપી અમો ત્યાંથી ચાલતા થયા, અને ઘરે પ્હોંચતાની સાથ હમોને ખબર મલી કે, હમારી દુકાનના ધણીને જગ્યા જોઇતી હોવાથી ખાલી કરી જવાને હમોને નોટીસ આપી હતી, જેથી ડોસાં બોલ્યાં. "ઓછી પીરા! મુવો કાલે કહેતો હોય તો આજે ખાલી કરી આપ્યે. શું ગામમાં બીજે કેથે આપુને જગાજ નથી મલવાની? ધીરજ રાખશું તો એના બાપ સોબી મલશે!"

ખાવા બેઠાં, પણ ખાવા કોણુને ગમે! મને તો બધું કવરૂં ઝેર જેવું લાગ્યું અને ફુઇજીએબી ઓલા સત્યાગ્રહીઓની માફક ફકત મોસંબીનો રસ પી, થોડાંક ખજુર ખાઇ અપવાસ કીધો, અને પછી મારી તરફ ફરી બોલ્યાં, "બલા જાનેરે! બીચારા મારાં બચ્ચાંઓ ઉપર જુલમ પરવાથી ખાધા પીધા વગર સોહરઈ સુકઇને કેવા હાડપીંજર જેવા થઇ ગીયાછ! જરા બીચારાઓએ હસ્વા બોલવામાં ભુલમાં છરી કાંટા ગજવામાં સેરવી દીધા, તેનું આવું ગંભીર પરીણામ? હીટલરનું બી ખુદા શું ભલું કરશે—

એ જુહવાકી હીટલર અલ્યા તારૂં તે શું ભલું થશે?
બુરાઇનો અંજામ, ઓરીયન્ટલ બામ માથે ઘસે.
કરી લે તારેથી થાય તેટલી નેકી ખુબી બુરાઇ,
આખરે ખાઈ મરશે, કોપરાંનાં દુધની કુલફી મલાઇ.

સહવારના સક્કારામોંહે કોઇએ જોરમાં બારણું થોકયાં, અને ખોલતાં અંદર સોલુ, ફલી ને જીવણું કરી ઘસી આવી, હમોને મજબુત વલગી પડી બધું ખુશાલીમાં આવી જઇ ગોધ્યારૂં કરી મુકયું. ચાર પાંચ દિવસમાં બીચારાઓનો અવતાર એવો તો છુટી પડેલો કે, તે જોતાં ખચ્ચીતજ કોઇનેબી

દયા આવ્યા વગર રહેજ નહી! ફ્લીએ કોટ તથા ખમીશ કાઢી ચાબુકના મજબુત ફટકાથી પડેલા સહરેતા પુઇને બતલાવ્યા, જે જોતાં પુઇ બબડયાં. "કોઇ ભુરાઓના હાથ ભાંગે! બીચારા મારા ગરીબ ગાય પોરયાને ચાબકનો માર મારી તેનાં બોટેબોટાં કારી નાંખ્યાંછ. કંઇ નહીં કલેજાં, આવતે ભવે મુવાઓ જરૂરજ જાનવરના અવતારમાં પેદા પડશે, ત્યારે તું એ લોકને ચાબકનો માર મારી એ લોક ઉપર વેર લેજે. ખુદા તે દાહરો કયારે આપશે ?"

"લેવશ! બાપના બોલે લેવશ! ને તેબી વરી પચતું પચતું વેર લેવશ. હેમલેતે જેમ તેના સગા કાકા ઉપર લીધેલું, તેવીજ રીતે રીબાવી રીબાવીને લેવશ. ખુદા ભલા કામમાં હંમેશ મદદ કરેછ!" ફ્લી ઉશકેરાતમાં બોલ્યો.

"આય બંદોબી તુને મદદ કરવા ખડે પગે ઉભોછ. જાણેછ કે—
વેર લેવું એતો એક મરદ બચ્ચાનું કામ છે,
પણ માલમ છે તુંને એતું શું દામ છે?
અરે યાર, એવાં કામ કરવાં, એતો મારે માટે બચ્ચે બાલેકા ખેલ છે. ભલાં કામમાં ઢીલ કેવી," સોલુએ હીંમત આપી.

ફ્લીને પુઇએ સેક કરી મલમ પાટા લગાડયા, અને સોલુને સેવકે મસાજ કરી થોડો ઘણો તાજો બનાવ્યો, જ્યારે જીવણુંએ તો પોતે પોતાના હાથેજ બધા ઉપાયો કીધા.

રૂડોલ્ફે ફ્લી, સોલુ તથા જીવણુંને, હીટલરે કાંઈ પણ સજા કીધા વગર માફી બક્ષી, તે માટે એક ઉપકાર પત્ર લખવાને હમોને અરજ કીધી, તેમજ પુઇએ હીટલરને હમારે બંગલે ખાણું ઉપર નોતરવાને હમોને સુચવ્યું, તે મુજબ હમોએ નીચલું પત્ર લખી હીટલરને ખાણું ઉપર નોતરયો:—

"જરમની."
1st May અધ્ધારસોને અધ્ધર.

Our dearest darling one and only Adolf,

Hope this letter will find you in the best of health, good spirit and mild temper.

We take this superb opportunity of thanking you, our well-wisher and a very good-hearted friend, in setting free our good friends and partners, કર્નલ ફ્રેઝી, સોલુ સેંન્ડો એન્ડ

હેર જીવણુજી, from the police lock-up, for which we are most highly indebted to your very most sporting, kind, impartial handsome and charming Excellency. May your soul rest in peace! Amen!

Your aunty, I mean our aunty, also thanks you a lot for your very kind generosity, and wishes that જલદીથી આપકા શાદી હો જાવે અને જોડ બચ્ચેકા જલદીથી બાપ હો જાવે! આમીન! આમીન! So, Adolf, hurry up and don't forget to invite us all, at your wedding !!!

Moreover, we shall all be pleased, if you and you alone, will come and dine with us to-morrow night at 9 p. m. sharp, I. G. T. (Indian Gandhi Time) where you will be nicely entertained with magic, music and other side-shows, by our good and jolly friends, Col. ફારી, હેર સોલુ એન્ડ જીવણ્ણાં. Don't miss this rare opportunity. Awaiting your reply,

Excuse trouble. We remain,

Yours most generously and faithfully,

Princess આવાંબાઇ ઓફ Persia
and company (in voluntary liquidation).

R. S. V. P.

Dinner-dress not necessary, but please have a clean shave and remove your 'Charlie Chaplin's' moustache! Excuse remarks!

રૂડોલ્ફ પોતાને હાથે આ કાગલ હીટલરને પોંહચાડી ઘરે આવી પુગ્યો, કે તુરત ટેલીફોન ઉપર ઘંટી વાગી, અને ફ્લીએ આવીને ખબર આપી કે, હીટલર આલાંફુઇ સાથે ટેલીફોન ઉપર વાત કરવા માંગતો હતો. ડોસાં નાહવા બેઠાં હતાં, તેથી મેં ટેલીફોન રીસીવ કીધો—

"હાઇ હીટલર! હેલેવ! હેલેવ! Can I speak to the Princess Avabai of Persia? હેલવ!" ટેલીફોન ઉપર વાત કરતા માણસે પુછ્યું.

"હાઇ હીટલર! હેલવ! હેલવ! May I know, who is speaking please?" મેં સવાલ કીધો.

"હેલ્લ! This is Von Papen speaking from Hitler's headquarters. The ફ્યુરર wishes to talk to the Princess આવાંબાઈ personally."

"Speak here please."

"હાઈ હીટલર! હેલ્લ! હેલ્લ! This is ફ્યુરર speaking."

"યસ! યસ! Speak in, speak out! હેલ્લ! Speak slowly, I am not deaf!"

"Where is your Princess Aunty? I like to speak to her."

"Sorry Adolf, she is busy!"

"Busy, doing what?" હીટલરે પુછ્યું.

"Busy in the Bath-room, seeing her uncle and aunty. So she can't come out. Well, any message? I'm મેજર મંચેરશાહ માઈડીઅર speaking."

"Look here મેજર મંચેરશાહ, tell aunty that I have received her letter and will with great pleasure, dine with her to-morrow night and ask her to prepare my favourite dish ધેનશેક for me, and we all have a very fine time.

"Yes! Yes! A very good time! અરે તુંને ગુડ ટાઈમ તો એવો આપશું, કે તું જીવસે તાંહવેર હમો લોકોને યાદ કરશે." સેવકે કહ્યું.

"Well then, ઓ રવાર મેજર માઈ ડીઅર!"

"ઓ રેઝરવોયર એડોલ્ફ! મોર when we meet to-morrow!" એમ બોલી મેં receiver મુકી દીધું.

"બચ્ચા હીટલર, હવે આખરે તું અમારા સપાટામાં આવશે ખરો! પેલા કહે તેમ "સો દાહડા સાસુના તો એક દાહડો વહુનો" તેમ હમારેબી દાહડો આયોજ ખરો! બચ્ચા, આ જાવ અમારા સપાટેમે" સોલુએ છુટકારાનો દમ ખેંચ્યો—

આવી જા મારી સામે બેટા એડોલ્ફ હીટલર,
તું ડીક્ટેટર હોય, બટલર, કે ટ્રામ કન્ડકટર,
મગર સેવક બી છે નામવર સોલુ સીકંદર.

SHANGRI-LA - A name in PHOTOGRAPHY



Shangri- -a

204.HORNBY ROAD BOMBAY. PHONE: 26697.

પ્રકરણ *No. 8.*

હીટલરે વલતી મુલાકાત હમારે બંગલે આપી,
કેરાંની છાલ પરથી પગ ફીસલી જતાં જમીન માંપી.
જડતી લેતાં, ખીસાંમાંથી નીકળ્યો એક નકસો,
તે લઇ છુઉ થતાં કહયું, ચાલો સાહેબજી, કાગલ પત્ર લખશો.

હીટલરની હમારે બંગલે વલતી મુલાકાત.

જેવાં ફુઇજી મોરીમાંથી બહાર આવ્યાં, કે તુરત મેં એવણુને જણાવી દીધું કે, 'ફયુરર' નો ટેલીફોન આવેલો હતો, અને તે આવતી કાલે આપણે ઘરે જમવા આવનાર હતો, ઇત્યાદી, ઇત્યાદી.

આ સાંભલતાની સાથ ફુઇએ તો બધી દોડધામ અને ગરબડ સરબડ કરી મુકી જીવણુંને આખું ઘેર સાફસુફ તથા ઝાડઝુડ કરવાનો હુકમ કીધો, તથા બીજે દિવસે ખાણાં ઉપર હીટલરનાં માનમાં પાતરાંની મછછી, તરેલાં કેરાં, ગરેબીનાં કતલેસ, પપેતામાં ગોસ, મરઘીનું બફાટ અને ધાનશાક કવાબ પકાવવાનો order આપ્યો અને પોતે પણ સાડીનો કચ્છો મારી જમીન ધોવા તથા સાફસુફ કરવા મંડી ગયાં, અને હમોને પણ તે પ્રમાણે કરવાનો હુકમ કીધો.

આ બધી મહોકાણુને લઇને હમારાથી દુકાન ઉપર પુરતું ધ્યાન અપાઇ શકાયું નહીં, પણ રૂડોલ્ફ તથા જીવણો, વારા ફરતી તે ઉપર ધ્યાન આપતાં હોવાને લીધે હમોને નીરાંત હતી.

જાણે કોણ ગવરનરનો સાલો આવવાનો હોય તેમ ફુઇએ તો સહવારનાં વહેલાં ઉઠી, બારણે તોરણ ચોક ચાંદણ કરાવ્યાં, અને પોતે બજારમાં જઇ બધી ખરીદી કીધી, અને જીવણુંએ બોય ચઢાવી રાંધવા કરવામાં સઘલી મદદ કીધી. ઘેરની ઉપર Swastika flag ચઢાવ્યો, જે જોતાં પસાર થતા લોકોએ હાઈ હીટલર! કરીને સલામી આપતાં, તે મકાનમાં આજે શું બનાવ બનનાર હતો, તે માટે પુછપરછ કીધી, અને જ્યારે તે લોકને કેહવામાં આવ્યું કે, ફયુરર રાત્રે તે મકાનમાં Princess of Persia સાથે ખાણું લેનાર હતો, ત્યારે બધાંઓએ "Oh માઇ! Oh માઇ!" કરીને અજાયબી બતલાવી, હાઇ હીટલર! હાઇ હીટલર! કરીને પાછી સલામી આપી.

હમારે બંગલે હીટલરની પધરામણીનાં માનમાં હમોએ તે દિવસે હમારી દુકાન પણ બંધ રાખી, તે ઉપર Swastika flag લટકાવી "God bless Hitler! Long live the ફ્યુરરરર!" કરીને પાત્યાંઓ લટકાવ્યાં.

જેમ જેમ હીટલરનો પધરામણીનો વખત નજદીક આવતો ગયો, તેમ તેમ લોકોનાં જબરદસ્ત ટોલાં હમારા મકાન આગલ એકઠાં થવા લાગ્યાં, અને હમો પાંચે જણુાએ તૈયાર થવા માંડયું. સેવકે તો હીટલરને બંગલે મુલાકાત આપતી વખતે જે dress પેહરયો હતો, તેજ પેહરયો. ફ્લીએ પણુ તેજ dress પેહરયો, જ્યારે સોલુએ સફેદ dinner dress અને માથે ચીનઇ ખોખું પેહરી, કમ્મર આસપાસ તલવાર લટકાવી, છાતી ઉપર બધા ચાંદો પેહડી લીધા. જીવણુંએ ધોત્યું, short coat, Swastika ચીન્હો સાથનો ટાઇ અને માથે ગાંધી કેપ, તેમજ ધુઇએબી બધાં રંગબેરંગી કપડાં પેહરી લીધાં.

લગભગ નવમાં દસ કમે હમો હીટલરની વાત જોતાં દરવાજા આગલ આવી ઉભા, કે લોકોએ હાઇ હીટલર! હાઈ હીટલર! કરીને બુમો પાડી, રૂમાલો ઉડારી, જાત જાતના અવાજો કરી મોહલ્લો ગજાવી મુકયો, કે તુરત હીટલરની મોટી રાજવંશી 'મરસીડીસ' મોટરગાડી, હમારા દરવાજા આગળ આવી ઉભી, અને હમોએ સાથે મલી હાઈ હીટલર! કરીને સલામી આપી, જેનો મોટરમાંથી ઉતરતાંની સાથ "હાઇ મેજર માઇડીઅર!" કરીને હીટલરે વલતી સલામી આપી, અને ધુઇને જોઇને કમ્મરમાંથી બધો વાંકો વાંકો થઇ ગીયો.

જેવો હીટલર દરવાજા આગલ આવી ઉભો, કે ડોસાંએ તેને અવરા હાથે ઓવારણાં લીધાં, "ઓ આવરે મરૂં! તું આવતો જતો મરે!" ને પછી તૈયાર રાખેલાં સાકર, નાલીયેર તથા ઈંડા ફેરી, આછુમીછું કીધા પછી તેને દાબીને બગલગીરી કીધી, જે જોતાં ફ્લીનું કોહી ગીયું, "જોયું કે મંચા દીકરા, ધુઇબી સાથે સાથે કેવાં ચેરાંગેલાં કારેછ તે! આય દેખાવ આપરેથી કેમ જોવાઇ સકાય!"

પછી અમોનેબી થંડા રાખવા હીટલરે એકએક પછી બગલગીરી કીધી અને તેને દાબીને કોટી કરતાં અને પીઠ પાછલ અંગોઠો ઉંચકતાં હું બોલ્યો, "કરી લે દીકરા, છેલ્લી કોટા કીસી કરી લે. તારા દાહડા હવે ભરાઇ ચુકાછ!"

હોલમાં એક સોફા ઉપર ધુઇ પોતાની બાજુમાં હીટલરને બેસાડી, તેની સાથે પેલાંચેડાં કાહવા લાગયાં, અને તેને પેટમાં આગલાં ભોકી ગીલી ધાલતા, "ગીલી! ગીલી! ગીલી! એડોલ્ફ, કયા જો બાવા, (તેની મુછ તાણુતાં) હજુ

સુધી તુંમને એ તુમારા ચાર્લી ચેપલીનકા મુછ નહીં ભોરાયા, અને મીંયા બાઇ કી માફક બાલ કાયકુ રાખતા છે?" એમ બોલતાં તેને બાલમાંથી પકડી ખુબ હીલવી નાંખ્યો.

આ બધો તમાશો જોતાં મારૂં પાકીને પલેહર થઇ જવાથી ડોસાંને કહ્યું, "અરે શું જો પુઇજીમાય, તમેબી કોઇ એક પરાયા માટીડા સાથે આટલી બધી છુટ લેવોછ? તમોને આય ઉમરે એ બધું શોભે કે?"

"જો મુવો ડાહયો કાગરો બોલ્યો તો! પણ મુવા, તું એટલો બધો અદેખો કાંય પરેછ? જેવાં તમો બધા મારાં બચ્ચાંઓ છેવ, તેવો એબી એક મારૂં બચ્ચુંજ કેહવાય. લે મુવા તારી ઓંહસપર કરૂંછ," એમ બોલી પુઇએ તો હીટલરને પેટમાં ગીલી નાંખ્યાજ કીધી.

"વાત બાહર નહીં જાય ફુલુ દીકરા, પણ મને તો લાગેછ કે દિવસે દિવસે પુઇનું પોચ્ચું પડતું જાયછ, નહીંતો એવણ આવી બચ્ચાંસહી વર્તણુંક કદીબી ચલાવે નહીં? તું શું ધારેછ દીકરા?" મેં ફુલુને પુછ્યું.

"મુવા ચારીખાવ ચારીયા! પોચ્ચું પડે તારી કોઇ માય માસીનું! જરા એ બીચારાને રીજવ્યો, તેમાં તારૂં શું લેવઇ લુંટઇ ગીયું! કોઇનીબી સાથે હસે બોલે કે નહી? દેખાતું નહીં હોય તો આંખે મરચાંના પાટા કાંય નહીં બાંધતો? મુવા કેઠેના નીંદાખોર!—

નિંદા હમારી જો કરે, દુશ્મન હમારા હોય,
બિન સાબુ વગર પાનીસે પાંઉ હમારા ધોય."

પુઇએ મારી ઝાટકણી કાઢી નાંખી.

સારૂં થયું કે હીટલર ત્યાં એકલોજ આવેલો હતો, નહીંતો આવો દેખાવ જોતાં ત્યાં કંઇ જરૂર લફરૂં જાગતે. હીટલર ને પુઇ તો એકકની સાથે, જાણે કંઇક વરસોનાં જુનાં દોસ્તો હોય, તેમ છુટથી વર્તવા લાગ્યાં, તેમ તેમ હમો લોકનું કાહીને સરી જતું, પણ કોઇનીબી તાકાત નહીં કે પુઇને એક બોલબી કહી શકે—

કોઇની તાકાત નહીં કે પુઇ સાંમે આંગલી ધરે,
ડોસાં તો બસ માંથાપર ધર્તી લઇને ફરે,
મકદુર નહીં કોઇની કે એવણુની સામે થાય,
બદલામાં બે ચાર ગાલો, ને ખુબ ખાસરાં ખાય.
હાયરે મંચા! કહાંથી તેં એવાં પુઇ સોધ્યાં,
કોણુ જાણે ક્યાં સંતાડી રાખ્યાં છે દોઢયાં.

પુઇના હુકમથી દારૂ પીરસવામાં આવ્યો, અને પેહલાં મચકઈ મચકઇને હીટલરે ના પાડી, કે તે કોઇ દિવસ દારૂ પીતો નથી, પણ જ્યારે પુઇએ સમસોગંદ ખાધા, ત્યારે તે જેમ તેમ કબુલ થયો અને પુઇએ તેને દારૂ આપવાને મને હુકમ કીધો.

હીટલરને સતાવવા માટે આવી સુંદર ટક મલેલી હોવાથી ફ્લી, સોલુ, ને હું કરીને બાજુમાં ભેગા થઇ, મસલત ચલાવી એવા ઠરાવ ઉપર આવ્યા કે તરો, જે પુઇ મુંબઇથી લાવ્યાં હતાં, તે એક ગ્લાસમાં રેડી, તેની અંદર એસંસ ઓફ રોઝનાં થોડાં ટીપાં નાખી, હીટલરને પીવડાવવો, અને તે મુંજબ મેં એક ગ્લાસમાં તૈયાર કરી, મારે હાથે જાતે હીટલરને આપ્યો, અને તેનો રંગ જોતાં તથા taste કરતાં બોલ્યો, "ગુટ! ઇટસ બીઅર!"

"Yes! Yes! It is very good Indian Beer ! You would બસ like to drink, drink and drink no more," મેં કહ્યું.

હીટલરને તે ઘણો માફક આવવાથી, જોતજોતામાં તો કમબખ્ત ચાર પાંચ ગ્લાસ ઓટાવી ગીયો, જેથી ડોસાંએ અચરત થતાં મને પુછ્યું, "ઓ માઈ! માઇ! માઇ! મરેરે! મુવો તો કોઇ જબરો છાકતો દેખુ! ને કેહજે હું તો કોઇ દિવસ દારૂ પીતોજ નથી! પણ બાવા, તમો લોકોએ એને એવું તે શું પાયું, જે ઘેરાનો ખાધો કયારનો બસ ધીચ્યાજ કરેછ?"

"કંઇ નહીંરે પુઇજી, જરા પેલા તમારા તરાની અંદર ગોલાબના સરબતનાં બે ચાર ટીપાં નાંખી, ડોહી કરીને આપ્યુંછ," મેં ખુલાસો કીધો.

"અરે પણ ગરંધ્યાઓ કોઇ તમોને પુછે? કોઇ બુરાની તલ્લી ઉપર સોજા આવતાં ઓકસે વામસે તો આપરે શું કરશું!"

"એમબ્યુલન્સમાં નાંખી કોઇ હસ્પીતાલમાં મોકલી આપશું. હમોને કંઇ એની જાતવાલાઓએ ઓછા હેરાન કીધાછ! કર ને જો, બધું આય દુન્યામાંજ છે, જેટલી ભલઇ થાય તેટલી કરી લેવ. પેલા કહે તેમ—

"આયા નગન, જાના નગન,
કીસકા મગન ઓર કીસકા છગન."

સોલુએ જરા ડોહલ્યું.

એડોલ્ફ્ને તે ઘણો પસંદ પડવે, રૂડોલ્ફ્ને પોતાની ભાશામાં કાન ઉપર પડીને કંઇ કહયું, જેનો ખુલાસો કરતાં રૂડોલ્ફ બોલ્યો, "ફ્યુરરને દારૂ ઘણો પસંદ પડયોછ, અને તે કેમ બનાવવામાં આવ્યોછ, તેનું એ priscription માંગેછ.

"માર્યા ઠાર! દીકરા ફુલુ, કંઈબી ઉડાઉ જવાબ આપવો પડશે, નહીંતો આપરા ગુલ્લા બાહાર પડી જવાના ખરા." તેથી મેં હીંમત કરીને કહ્યું, "Yes, Yes, Certainly! If not, so certainly not! કાયકુ નહીં દેંગા? એડોલ્ફ, you see, we don't remember the discription of the priscription by heart, but I promise to send it to you tomorrow with proper inscription by post. So why worry!"

હીટલર તો ગેલમાં આવી, ગાવા અને હવામાં હાથો ઉડારી, બકબક કરવા મંડી ગયો, અને જેવો એણે બીજો થોડો માંગ્યો, કે ફુલીએ એક ગ્લાસની અંદર ત્રણ ચાર પેગ જેટલો ગામઠી માવરૂં નાંખી, તેને આપતાં બોલ્યો, "Look here Adolf, this is our Indian whisky much more better than the Scotch whisky. Drink as much you like, don't be ashamed, my dear fellow—

"પીવાય તેટલો પી, છે તારા બાપનો માલ,
દીકરા મારા, કોણે જોઇ છે આવતી કાલ!
કુવાબ વીના ધાનસાખ ખાવામાં નથી કાંઈ માલ,
એનાથી બહેતર છે, ઘઉંની રોટલી, કાંદા ને મસુરની દાલ."

સોલુએ ઉમેર્યું.

ફ્યુરર તો ઉભો થતાં, લપેરાપર લપેરા ખાવા લાગ્યો અને ચક્કર આવતાં જઇને પુઇના ખોળા ઉપર પડયો, "મુવા છાકટા, સદે નહીં તો કાંય એટલો બધો પી મરેછ? મુવા પારાએ તો મારો ખોરો ભાંગી નાંખ્યો જો! હવે ગુપચુપ ઉભો થઈ, બાજુ બેસી જા, નહીંતો તારી લેવરી લેવરી કરશ, સમજ્યો કે ભસ્તેગીઆ?" એમ કહી, પુઇએ તેની બેક-સાઇડ ઉપર એક મજબુત ચમટો અમરાવ્યો!

"ઓહ માઇ લોડ! ઓઇ માઇ ગોટ!" કરીને ઉઠવા જતાં પાછા ચક્કર આવવાથી હીટલર જમીન ઉપર વાયેજાન પડયો, કે સેવકે પુછ્યું, "Well Adolf, how do you feel? Can you see my two fingers or seeing circles, semi-circles or stars? Don't worry, આપ જલ્દી ઓલ રાઇટ હો જાયગા!"

ફુલી, સોલુ તથા જીવણો કરીને હીટલર આગલ જઇ તેની સારવાર કરવા મંડી ગયા, અને 'જય રામ! શ્રી રામ! રામ બોલો હીટલર રામ!' કરીને

તેને ઉંચકીને, ફુઇ જ્યાં સોફા ઉપર બેઠાં હતાં, ત્યાં તેને બેસાડયો, અને એકાએક તેનો ફીડો ચવરી આવતાં, માથાના બાલ પીખી નાખવા મંડી ગયો અને ઉઠી ઉભો થઇને ડોસાંને બસ તેની સાથે ડાન્સ કરવાને કાલાવાલા કરવા મંડી ગયો, તેમ તેમ ડોસાં ગભરાવા લાગ્યાં, "મરે એ મુવા મેટને કોઇ પુછે? આંય ઉમરે તો કંઇ મારાથી નચાય? એકતો મારા પગે રસ થયલો, અને આંખે જાંબુરના ઠરયા જેટલા મોટા મોટીયા થયલા, તે કંઈ મારાથી સસરાય વસરાય કે! મરે મંચા, એ નાતરેગીઆને જરાતો કંઇ સમજાવ? આગલ રહીને કાંય મારા વરસ વેચાવેછ?"

રૂડોલ્ફે એડોલ્ફને ઘણો સમજાવ્યો, પણ તે 'હા' નો 'ના' થયો નહીં, અને પછી રૂડોલ્ફે હમોને કહી સંભલાવ્યું કે, ફ્યુરર એક ઘણોજ ખરાબ જાતનો ઉજ્જતી અને જીદ્દી આસામી હતો, અને મરતાંબી તે ફુઇજી સાથે ડાન્સ કરયા વગર રેહશે નહીં, અને તેની સલાહ માની ફુઇએ, જો ડાન્સ નહીં થઇ શકતો હોય તોબી, કોઇબી હીસાબે અને જોખમે, ફસરઇ યાતો કે ઘસરઇનેબી, હીટલરને ખુશી કરવા થોડો વખતબી કરવો, નહીંતો કે ઘણુંજ ગંભીર પરીણામ આવશે વીગેરે, વીગેરે.

નછુટકે લાઇલાજ બની, પોતાની મરજીની વીરૂધ જઇ, ડોસાં આખરે કબુલ થયાં, અને હીટલરતો હીંમતથી પોતાનો એક હાથ તેવણુની કમર આસપાસ મુકતાં, ડોસાંને ગીલી લાગતાં, બાજુએ હડસેલી દીધો. "હત મુવા બેશર્મ! તુમેરેકુ હમેરા જઇસા રાજવંશી બાઇકા આંગ સાથ છુટ લેનેકુ શરમ નહીં આતા! દેખુંતો મુવા તુંમ ગીલી નાંખને કા ઉતા, તેથીજ મારી સાથે નાચ કરવા માંગતાતા! એકદમ બાજુ થઈ જાવ, નહીંતો તુમેરા થોભરા રંગ દાલેગા, મુવા ઇંજારડા પીંજારડા!"

હીટલર ચીકાર પીવાને સબબે પાધરો સુધ્ધીમાં નહીં હોવાથી ગુપચુપ ઉભો, અને મેં ધીરે રહીને ફુઇને કહી સંભલાવ્યું, "ફુઇજી માય, ખુદા ખાતર તમોને ગમે કે નહીં ગમે, તોબી હમોને તેમજ ફ્યુરરને ખુશી કરવા એની સાથે જરૂર ડાન્સ કરો, નહીંતો........

"તો! તો! તો! જો મુવો લાયકીનું બોરીયું બોલ્યો તે! હારે, હા! તમો લોકને ખુશી કરવા મારી મર્યાદાનો ભંગ કરી, હુ એની સાથે નાચું ને મારા વરસ વેચું, એમજ કેની? મને શું મારી આબરૂ વાહલી નથી? નહીં, મરતાંબી હું એની સાથે નાચસ નહીં." ડોસાં અરી બેઠાં.

પછી ઘણી સમજાવત પટાવટ તથા સમ સોગંદો લીધા, ખાધા, પછી ડોસાંએ હીટલર સાથે ડાન્સ કરવાનું શરૂ કીધું. હીટલરતો ગેલમાં આવી ફુઇને ગોલ ગોલ ફેરવી કરી, ચકરી ઉપર ચકરી લેતો, તેમ તેમ ફુઈ ફસરાવા લાગ્યાં, જે જોતાં હું બોલ્યો—

"ફુઇ, ઓ મારા ફુઇ,
હવે કરો જરા થુઇ!
નહીંતો જશો જમીન ઉપર સુઇ"

"મરેરે હવે હું કહાં મુઇ." ફુઇએ ઉમેર્યું.

ડાન્સ કરતાં કરતાં એકાએક હીટલરનો પગ પોતાનાજ પગમાં ભેરવાઇ જતાં આંટી ખાઇ જમીન ઉપર ચત્તોપાટ પડયો, અને સાથે સાથે ફુઇને પણ ફેંકી દીધાં. "અરે તમે નાચતા ને નચાવતાં મરે એમનાં એમ! મુવા છોકટાએ તો મને ચીભરાંની કાની જમીન ઉપર ફેંકી દીધી! તારો દોજખમાં ઠાર થાયરે તારો! ઓ મારી માયરે! ઓ મારા ફરદુનજીરે! મારા તો હાડકાં પાસરાં બધાંનો ખુરદો થઇ ગયોછ જો!"

જરા ચંપા ચંપી કરી, ઘણી માહ મુસીબતે ફુઇ તથા એડોલ્ફને જમીન ઉપરથી ઉંચકી સોફા ઉપર બેસાડયાં, તેટલાં ડીનર બેલ થયો અને હમો સર્વ એક મોટી ગોલ તેબલ ઉપર ગોઠવાયાં. હીટલરના જમણા હાથ ઉપર ફુઇ તથા સોલુ સેન્ડો ને રૂડોલ્ફ તથા ડાબા હાથ ઉપર ફલી તથા તેની પાસે હું કરીને ગોઠવાયાં, અને જીવણો ખાણું પીરસવામાં તથા તે ઉપર દેખરેખ રાખવામાં રોકાયો. પેહલી વાણી તરીકે સુપને બદલે કાહવો પીરસવામાં આવ્યો, અને હીટલરને તે ઘણો પસંદ પડવે લાગલો રકાબી ઉંચકીને ફુરરર, ફુરરર કરીને પીવા મંડી ગીયો અને તે શું હતું તે માટે ફલીને પુછ્યું.

"Oh! It is કાહવા, our Indian soup," કરીને ફલીએ કહયું.

"Oh! Very ગુટ વેરી ગુટ!" કરીને ફલીની રકાબી ઉંચકીને તેબી પી ગયો, અને ફુઇ ગભરાયાં કે રખેને એવણની રકાબીમાંથી પી જાય કરીને, એવણુ રકાબી ઉંચકીને ગટગટ કરીને બધું ઓટાવી ગીયાં. પછી દારૂ serve કરવામાં આવ્યો, અને જોત જોતામાં તો હીટલરે રમની અર્ધી બાટલીની પાયદસ્તબી ફેરવી નાંખી, જેથી ફુઇએ ફલીને કહ્યું. "ફલી દીકરા, ફયુરરની નજર નહીં પડે તેમ બાટલી સેરવી દે, નહીંતો એ મુવો છાકટો બાટલી સપાટામાં ખલાસ કરી નાંખશે."

પછી બીજી વાણી તરીકે પાતરાંની મછછી આવી, જે હીટલરે આખી ને માખી કાંટા તથા પાતરાં સાથે મોંઢામાં મુકી દીધી, જે જોતાં ફુઈ બોલ્યાં, "મરે એ કોઈ આદમી છે કે જાનવર ? મુવો તો બકરાંની કાની આખી ને માખી કાંટા સાથે મછછી બચ્ચર બચ્ચર ચાવી ગીયો ! કોણ જાણે મુવાને ગલામાં કાંટા કેમ નહીં ખુંચ્યા ?"

હજુ તો ડોસાં કંઇ આગલ બોલે, તેટલાં હીટલરે તો ગરેગર ઓકવા માંડયું અને અર્ધો બેસુધ્ધ જેવો થઇ ગયો અને હમોએ સમયસુચકતા વાપડી એને દમ બાંધીને પાણી પાયું, કે જેથી બધો પેટમાંનો કચરો એણે ઓકીને કાઢયો, જેની અંદરથી એક પાંચ કેરેટનો હીરો તથા ચાર નાનાં મોટીઓ નીકલ્યાં, જે લેવા હમો લોકોએ તુટા તુટ કીધી અને વધુ વોમીટ કરતાં, બીજાં મોટી હોરા નીકલે, તેની આશામાં હમોએ તેને બીજો દારૂ તથા પાણી પાયું, પણ હમારી મકસદમાં હમો નીશફળ નીવડયા.

આ ચમતકારની બાબદમાં રૂડોલ્ફે ખુલાસો કીધો કે, હીટલરને એક ખરાબ જાતની આદત હતી કે, જ્યારે એ ઘણો excite થતો, ત્યારે હમેશ મોતી હીરા ગળી જતો. "ખરેખર ફૂલી, આય ફ્યુરર તો એક દુન્યાની અજાયબીજ છેજો ! મારો બાવો કરૂં, તું કોઇ દિવસ એવી આસનાઇ ના કરતો, નહીંતો સીધ્ધો બ્હેસ્તમાં પુગી જશે. એ કમબખતતો કોણ જાણે કંઈ પાક કે ખાક ખાઇને હોરા મોટી ગરતો હોશે !"

ત્રીજી વાણી તરીકે ગરેબીના કટલેસ આવ્યા, જે ખાવાની આગલ, એડોલ્ફે વળી પાછો થોડો રમ લીધો અને કતલેસ પસંદ પડવે પુછયું કે, એ કોણે પકાવ્યા હતા ? અને જ્યારે એને કેહવામાં આવ્યું કે, તે હમારા જીવણુંએ પકાવ્યા હતા, ત્યારે એણે જીવણુંને પોતાને ત્યાં નોકરીએ રાખવાની sporting offer કીધી, જે સાંભલતાં જીવણો બબડયો, "અરે નારે મંચી છેટ, તમો મને કાપીને કટકા કરો, તોએ પણ એ ફુલ્યાને તાંહ હું નોકરીએ નહીં રહું. એ છછરીનાનો ભરોછો છુ ? કાલે ઉઠીને મને ભુંજીને બકરાની કાણી ચાવી જાય, તેની ગેરંટી છું ? હું તો મછાનકાંઠે જવાહ તાંહવેર તમારીજ નોકરી કરા, અહુવે !"

હીટલરનાં ભેજામાં કોણ જાણે એકાએક શું પવન ભરાઈ આવ્યો, તે એકાએક ફૂલી, જે એની પાસે ખાવા બેઠો હતો, તેને ફુઇ સમજી તેનો હાથ પોતાના heart ઉપર મુકી, તેને બચાબચ કીસીઓ લેતાં બોલ્યો, "Oh ! My Princess ! My sweet little Princess ! I love you with

all my heart and soul ! I will be yours and you will be mine. But darling, will you marry me ? Say yes, or no, then only I'll let you go !"

ફૂલી તો બીચારો ગભરાતમાં પડયો અને હવે શું કરવું, તે એને કાંઇ સમજ પડયું નહીં, "મંચા, એ ચંડાલને એકાએક શું થઇ આવ્યું? મને ફીકર લાગેછ કે, પીધેલાની જુમમાં રખે મારા હોઠ કરડી ખાય, યાતો કે ધીરે રહીને એકાદ પેટ પાંસરામાં મુકી દે! એ પીધેલાઓનો ભરોસો શું?"

"કંઇ નહીં દીકરા જરા ધીરજ પકડ અને આસ્તે રહીને કંઇબી બાહણું કાઢી અહીંથી તીરી જા," મેં એને ઉપાય સુચવ્યો.

"Yes ! Yes ! My sweet Adolf ! I will......but not to-day......just excuse me. I just go to the bath-room," એમ બોલતાં ત્યાંથી છટકી ગયો.

હવે પુછની વારી આવી. જેમ ફૂલીને હેરાન કરતાં પ્યારનો ઉભરો ખાલી કીધો, તેજ મુજબ પુછની સાથે હીટલરે કીધું અને તેવણુને બચાબચ ચુમીઓ લેવા મંડી ગીયો.

"ઓ માયરે હવે કેમ કરશ! રખેને એ મુવો પ્યારનો ઉભરો ખાલી કરતાં, મને બાચકું ફાચકું ભરે! કાંહને કાંહ એ મુવાને ઘેર બેઠાં ખાવા બોલાવ્યો! મુવો તો મારો પીછો છોડતોજ નથી—

છોડ મારો પીછો છોડ, કાંય તું મને હેરાંન કરેછ,
ઘેલાચેરાં કાઢી, કાંય તું તારાં વરસ વેચેછ.
ડાહયો ડેરો થઇ, નીચી મુંડીએ તું જમ,
ગમ ભુલાવવા પી, તું થોડો થોડો રમ."

"સોલુ, રખે ભુલેચુકે ડોસાં એને 'હા' બા કહી દેય તો આપરે બધાં રવરી જાહશું અને બધી દોલતનો માલેક બીજોજ થઇ જશે." મેં ધાસ્તી બતલાવી.

"અરે રવડી સાના જતાં'તા! એમ કેહ કે તારા જલ્દીથી નવા પુવાજી આવશે, જેવણુને વાંસદા લઇ જઇને આપરે તેવણુની નવજોત કરશું. કંઇ બધાનાંજ નસીબમાં બે ત્રણુ પુવા જોવાનું મલેછ?" સોલુએ દુઃખ ઉપર ઘામ દીધો.

"સોલુ! સોલુ! ખુદા ખાતર કંઇબી કરીને એ ફ્યુરરનું ધ્યાન બીજી બાજુ ખેંચ! આવો બીભીસ્ત દેખાવ મારાથી નહીં જોવાતો! બસ, એવું થાયછ કે એ ચંડાલનું ખુન કરૂં!," મેં ઉશ્કેરાતમાં કહ્યું.

"ના excite થા મારો બાવો કરૂં, ના એસકાઇટ થા! ઉભો રહે, હું એનો રસ્તો કરૂંછ" એમ બોલી સોલુએ હીટલર તરફ ફરી કહ્યું. "Oh! માઇ! માઇ! માઇ! Look! Look! Adolf look! There are big big mosquitos and cockroaches in your plate!"

જેમ નાલ્લાં બચ્ચાંઓ કસારાં ને કસારીઓ જોઇ ગભરાઇને ચીચયારીઓ પાડે છે, તેમ હીટલર ચીચવારીઓ પાડી પુઇને વલગી પડયો, "Oh! My lovely Princess, help me! For God's sake, help me!"

"મરેરે! મરેરે! આટલી નાલ્લી કસારી જોઇને મુવો બીહી મરેછ, તે લડાઇના મેદાનમાં તે શું ટોપ ફેરી મરવાનો ઉતો! બીચારાને હાડમાર થતાં જોઇ મારો જીવ રંજીદા થઇ બધો બરી બરી જાયછ." પુઇએ હીટલરની દયા ખાધી.

"ફીસ લીયે રંજીદા હોતી હય એ મારી વાહલી પુઇજી,
ધીરજ રાખો કે જલ્દીથી આવશે નવા પુવાજી.
બનસો ચંદરોજમાં, તમો રાજતાજ વગરનાં રાણી,
હાથ ઉઠાવજો આ વાત પરથી, મારૂં જરા માની."

મેં પુઇને કહી સંભલાવ્યું.

"અરે પણ તમો લોકો કાંય અફાડજીકમાં પડોછ? એ બીચારાની દયા કોણ ખાય! એની કોણ માય માસી જીવતી છે જે તેની વાત!"

"હા, તે હુંબી માય માસી વગરનો છેંઉ તે મારીજ દયા કાંય નહીં ખાતાં! એ કમબખ્ત શું તમારૂં ભલું કરવાનો ઉતો! પેલા કહે તેમ દયાની માયને ડાકણ ખાય, તેવો બધો અહીં હીસાબ છે." મેં મારો ઉભરો ખાલી કીધો.

એવામાં જીવણો બીજી વાણી લઇ આવ્યો, જે પપેટામાં ગોસ્ત અને ધાનશાખની હતી અને હીટલરે તો પેટ દબાવી દબાવીને તે ખાધી. "મરેરે! એ મુવાનુંબી કોણ જાણે પેટ છે કે પખાલ! ને એ જેરવતોબી કેમ હોશે! મને લાગેછ કે અહીં કંઇ મુવું રેશનીંગ બેસનીંગ કંઇ બરેલું નહીં હોશે! મુવો તો નકરો જાણે બાજખાઉ બકરો! ખા મુવા, જેટલું ખવાય તેટલું પેટ પાટા બાંધીનેબી ખાજે!" પુઇએ તાણો મારયો.

હીટલર દેખું ૮ દિવસનો ભુખો લાગતો'તો અને હમોએ જોયું કે, બીજું ખાયાજ કરશે, તો એ કમબખ્ત પોતાની તબીયત બગાડશે, તેથી જીવણુંને હમોએ હુકમ કીધો કે, હવે પછીથી બીજી કાંઇ પણ વાણી પીરસવી નહીં, અને ખાણું ખતમ થયલું જાહેર કરી, હમો ત્યાંથી ઉઠી, પાછાં Hall માં જઇ બેઠાં અને ગપ્પા સપ્પા મારવા મંડી ગયાં.

વાતચીતમાં હીટલરને યાદ આવવાથી હમોને પુછયું કે, પછી હમો તેના તરફથી લડશું કે નહીં? તે સપરચંદને કંઇબી જવાબ આપવો જોઇએ એમ માની ફુઈ બોલ્યાં, "દેખો બાવા ફ્યુરર, હમ લોકને હમેરા સગાંવાહલાંકુ ઓ બાબદસર કયાટ ગામમે લીખા હય, એનો હમ લોકને હજુ કુચબી જવાબ મલ્યો નથી, પણ એક દો દીનમેં તુંમકુ જરૂર જવાબ જણાવેગા. સમજ ગયાકે બાવા?"

રૂડોલ્ફે જરમન ભાશામાં તરજુમો કરી એડોલ્ફને જણાવ્યું, અને તે કંઇબી વધું બોલે તે અગાઉ સેવકે ભેજું વાપડી ફ્યુરરને કહ્યું, "Look here Adolf, you know, my cousin ફેરી is a very clever fellow, and he knows magic, જગલરી and મેસમરીઝમ very well, *i.e.* he is master of that (art) and I hope you would like to admire his art."

એમ બોલી મેં ફલીને અસારત કીધી, કે દીકરા, કંઇ એકાદ બે હાથ ચાલાકીના ખેલ કરી બતલાવી, એને મેસમરાઇઝ કરી સુવાડી દે, કે આપરે જરા એના ખીસાં પાકીટ હલકાં કરી નાંખ્યે.

ફલી, સોલુ તથા ફુઇને આ મારો પ્લાન ઘણો ગમ્યો, અને ફલીએ જાદુનો ખેલ શરૂ કીધો. હીટલરનું નાક તથા કાન પકડી, અંદરથી રૂપીઆ કાઢયા, અને એના ખીસાંમાંથી ઘડીયાલ ગેપ કરીને તે એનાં હાથમાં મુકયું, અને વીંટી આગલાં ઉપરથી નદારદ કરી નાંખી. હીટલર તો આ ચમતકારથી ઘણો અંજાઇ ગયો, અને ફલીને બરડા ઉપર શાબાશી આપતાં મજબુત છાપટો મારવા લાગ્યો, તેમ તેમ, ફલી લોહી ઓકવા મંડી ગયો.

પછી હીટલર સાથે નાસો ગોસો રમ્યાં. તેને આંખે પાટા બાંધ્યા અને એકએક પછી એકએક ધબ્બો મારી, તેની ખુબ ખબર લીધી. હીટલર તો પીધેલાની જુમમાં, ખુબ રસ લઈ, અમારી સાથે રમતમાં ભેલાયો.

"મરે મંચા, એ ફુલ્યાને પેલું મુવું સુંજો 'મરસરાઇઝ, મરસરાઇઝ' કરીને જલ્દીથી સુવારી દે, કે આપણે એનો રસ્તો કરી નાંખ્યે," ફુઇ બોલ્યાં,

"અરે મરસરાઇઝ નહીં, મેસમરાઈઝ, મેસમરાઇઝ બોલો," મેં પુઇની ભુલ સુધારી, અને પછી હીટલર તરફ ફરી બોલ્યો, "Look here, Adolf! Now cousin Fali will perform a wonderful trick! He will make you sit on a chair and in no time will make you sleep soundly. I bet, you will like it."

"Very nice, very ગુટ! I'm ready," કહીને હીટલર એક ખુરશી ઉપર બેઠો, અને ફલીએ બોંય ચઢાવી, મનમાં કંઇ ભણુતર ભણી, તેને જોતજોતામાં મેસમરાઇઝ કરી, ભર ઉંઘમાં નાંખ્યો, અને જરા પણ વખત ન ગુમાવતાં, હમો લોકોએ તેના ખીસાં પાકીટ તપાસવા માંડતાં, કોટના અંદરના ખીસાંમાંથી હમોને એક નકસો મલ્યો, કે જે નકસો, એણે હમોને પોતાને ઘરે બતલાવ્યો હતો, અને તે ખોલીને તપાસતાં માલમ પડયું કે, હીટલરે એકએક પછી એકએક દેશો, જેવાં કે પોલેંડ, ઝેકોસ્લવાકીયા, હોલેંડ ડેનમાર્ક, Balkan States, France, Africa, Australia, England, America, વીગેરે સામે લડાઈ જાહેર કરી, તેઓ સર્વેને જીતી, પોતાના તાબામાં રાખવાની ખુલ્લી બાજી રાખી હતી.

આ અગત્યના નકશાનું હમારે શું કરવું, તે ઉપર અમે વિચાર કરવા લાગ્યા, તેટલાં ફલીએ સુચવ્યું કે, એ નકશો હમારે ગુપચુપ જઇને British Embassy, કે જે ખુદ બરલીનમાં હતી, ત્યાં જઇ, તે લોકને આપવો, અને તેમ કરવામાંજ હમારી સર્વેની સલામતી સચવાયલી હતી. તે મુજબ હમોએ રૂડોલ્ફને તે પ્લાન આપી તે હાવો British Embassy માં પોંહચાડવાને કહયું, અને રૂડોલ્ફે તે મુજબ સંભાલથી તે ખીસામાં મુકી British Embassy તરફનો રસ્તો લીધો.

હમારી મતલબ પાર પડેલી જોઇ હીટલરને પાછો ફલીએ તેની અસલ સુધ્ધીમાં કંઈ ભણુતર કરી મુકી લાવી મુકયો, જે માટે એડોલ્ફે ફલીને મુબારકબાદી ઉપર મુબારકબાદી આપી, અને વધુ વખત ન ગુમાવતાં, એડોલ્ફને ત્યાંથી જેમ બને તેમ જલ્દી ખરતી આપવા માટે, હમો અફરાતફરીમાં પડયાં. તેટલાં પુઇએ સમયસુચકતા વાપડી, કાંસકુસ કરવાની શરૂ કીધી, અને બગાસાં ઉપર બમાસાં ખાવા મંડી ગયાં. "બાવા એડોલ્ફ, અમકુ બોટ બોટ બગાસાં આતાં હય, અને હમ લોક બોટ બોટ ઠાક ગયાં હય, માટે મેહરબાની કર કર, તુમ તુમેરા ઘરકા રસ્તા લેવ બાવા. તુમેરી ઉપરથી બધી મરી મરી જાંઉ!"

ફ્લી, મેં, સોલુ તથા જીત્ણુંએ્મી સાથે સાથે મોટેથી (જાણે ભેંસ બરાડ મારે તેમ) બગાસાં ખાવા માંડયાં, તેટલાં સારૂં થયું કે, રૂડોલ્ફ આવી લાગ્યો, જેણે એડોલ્ફને જરમન ભાશામાં સમજાવ્યું કે, પુઈ થાકી ગયલાં હોવાથી સુવા જવા માંગતાં હતાં, અને તેથી તેણે પણ ઘરે જવું.

કમબખત એડોલ્ફે તો જતાં જવા નહીં માંગ્યું. પણ પુઇએ ટીલંગ કરી "ગુડ નાઇટ! થેંક્યું! ગુડ નાઇટ, થેંક્યું!" બોલી ત્યાંથી ખરતી લીધી, અને ફ્યુરરે પણ હમો સર્વેને મલી ભેટી 'ગુડ નાઇટ' કહી, ત્યાંથી પાણીચું લીધું, ત્યારેજ હમોએ છુટકારાનો દમ ખેંચ્યો 'સઉ સારૂં જેનું સેવટ સારૂં!'

હમારા મોટાં નસીબ કે હીટલરે જવા પેહલાં પોતાના ખીસાં પાકીટ નહીં જોયાં, યાતો તપાસ્યાં નહીં, નહીંતો કે કાલનો દુકાળ આજે પડી જતે. એતો પુઇએ ગયે ભવ કંઇ સારાં સારાં કામો કીધાં હોશે, ત્યારે કેનીતો!

રૂડોલ્ફે કેવી રીતે British Embassy ઉપર પેલો map પોહોંચાડયો હતો, તે અમોને કહી સંભલાવ્યું, કે ફ્લી બોલી ઉઠયો, "બધી વાત તો બાજુ રહી, પણ પેલો હીટલર આપુને પોતાના દેશ તરફથી લડવા માટે ચાલુ પુછપરછ કરેછ, તેથી તથા પેલો map ચોરાવાની ખબર પડતાં, આપરી શી હાલત થશે, તેનો કંઇ ખ્યાલ કીધોછ કે!"

તુર્ત હમોએ મારાં aunty dear નાં પ્રમુખસ્થાન હેઠલ એક urgent meeting ભરી એવા અનુમાન ઉપર આવ્યાં કે, મરતાંબી હમોએ હીટલર તરફથી લડવું નહીં, અને તેમ કરતાં ભલે હમારૂં મોત આવે, તો પણ હમારે ડરવું નહીં—

મોતથી કદી ડરતો નથી એક સુરો પારસી બચ્ચો,
ઉઠાવશે સદા દેશ, તથા દીન માટે, દાલનો કચ્છો.
(રેસનાં) મયદાને જંગમાં જીપલાવવા જરાએ નહીં ડરસે,
વિન, પ્લેસ કરી, ભોંય થઇ, પીઠાં તરફ કદમ ધરસે.

પ્રકરણ ૯મું.

જે દિવસે હીટલરે અમારા ઘરની રાંધણી ઓટલાની ઝડતી લીધી,
તે દિવસથી માનજો કે, એણે પોતાની પડતી દીઠી.
ખુદરત સામે થવાનો કોઇબી ઇનસાનનો નથી ચારો,
સમજ, ઓ જુહવાકી હીટલર, તારો બરગસતે બેઠોછ દહારો.

ખોવાયલા મેપની શોધમાં હીટલરે લેવાડેલી અમારાં ઘરની ઝડતી. ખોડયો ડુંગર, ને કાઢયો ઉંદર (તેબી વરી મરકીનો.)

બીજે દિવસે સહવારના જોઇએછ તો, હેર હીમલર, ગેસ્ટાપો પોલીસના લગભગ ત્રણ દજન માણુસોને લઇને અમારા ઘર આગલ આવી પ્હોચ્યાં, અને જોરમાં બાહરથી બારણું ઠોકયાં, અને બારણું ખોલતાં વખત લાગવાથી, જાણે એના બાપનું ઘેર હોય તેમ, બારણું તોડીને લાગલો બે ત્રણુ દજન પોલીસના આદમીઓને લઇને ઘેરમાં દાખલ થયો, જે જોતાં હું બબડયો, "ઓ ખુદરત તારાબી અજબ ખેલ છે! એક પ્રીનસેસ જેવી બાઇ માણુસના ઘરમાં સહવારના પોહરે પોલીસનાં ભોંસ્યા! ને તેબી વરી અસપંદાદ મહીનાના શેહરીયાર રોજે! તોબાહ! અફ્સોસ! દશ હજાર અફ્સોસ!" એમ બોલતાં મેં બાજુમાં ઉભેલા ફ્લીના મોઢાં ઉપર તરાતર તમાચા મારયા.

"મસમરે મંસમંચા, મુસમવા ચામાચીઓ, પેસમલા નકસાની સોધમાં અસમહીંઆ આસમવેલા લાગેછ. મુવાઓ સારે સપરમે દાસમરે કાંહથી આસમપરો ઘસમરો લેવા આસમવી મુવાછ! જસમરાબી આસમપરે પોચ્યું બતલાવવું નહીં જોઇએ, નહીંતો ભસ્તેગીઆઓ આપરા ઉપરવારા થસે જો!" ફ્રુઇએ પસ્તુ ભાશામાં મને કહયું.

હીમલરના હુકમથી પેલા ભોંસ્યાઓએ અમારા ઘરની ઝડતી લેતાં મેં હીમલરને કહયું, "એ Mr. with whose permission you have entered our house? This is not your father's house, do you understand, you big fat fool?"

એકાએક પેલા સીપાઇઓએ અમારા આંગ ઉપર ધસી આવી, હમારા મોઢામાં દુચા મારી (ફ્રુઇ સીવાય), હમારા હાથ પગો મજબુત બાંધ્યા, અને ઘરની જડતી લેવા માંડી, જેથી ફ્રુઇ બોલ્યાં, "હા મુવાઓ હમારા હાથપગ બાંધી, ઘરની જેટલી જડતી લેવાય તેટલી લેવ. આખરે છોલેલાં બોર મલશે, છોલેલાં બોર! ચોરને પોટલે ધુરની ધુર!"

ઘરની જડતી લેતાં બધું ફ્રરનીચર તરે ઉપર કરી નાખ્યું, બધી કબાટો ભાંગી તોડી, અંદરથી બધો અવેજ બ્હાર ફેંકી દીધો, મેલાં કપડાનું પીંજરૂ તપાસ્યું, બબરચીખાનામાં ધુસ્યા, Bath-room નીબી તપાસ લીધી, પણ આખરે પરીણાંમ શું? કોઈ ચીઝ નહીં! મોટો જેવો બાફેલો પપેટો!—


PLANNING
YOUR NEW
HOME?
60 Designs for
your new home

"દીલમાં અમારાં મેલ નથી, અંતઃકરણ અમારાં સાફ છે,
નીર્દોષનુ દીલ દુખાવવું, એ મોટું ચીંભડાં જેવું પાપ છે.
લોકોનાં ઘર લુંટી લેવા, એ શું તમારો ધર્મ છે?
દેશ ખાતર લડી, બલી મરવું, એ શુકરવારીયા ચણા ગરમ છે."

સેવકનું કયાંની લોહી ઉશકેરાઇ આવ્યું.

જેટલું લુટાયું તેટલું લુંટી ખીસા ભરવાનું હીમલર તથા તેના ગોઠયાઓએ શરૂ કીધું, જે જોતાં હમો લોકનું કયાંની લોહી ઉશકેરાઇ આવ્યું, પણ મોંઢે ડુચો તથા હાથ પગ બાંધેલા હોવાથી અમોએ લાચાર થઈ જહાંના તાંહજ ઉભા રહી, બધો તમાસો જોયા કીધો, જે દરમ્યાન ફુઇએબી જેટલી દેવાય તેટલી ગાલોથી તે લોકને ધોઇ નાખ્યા.

એકાદ દીવાલ ઉપર લટકેલા નકશા ઉપર નજર પડતાં, નાલ્લાં બચ્ચાંની માફક બે પગે કુદાકુદ કરતાં હીમલર બોલ્યો, "I got it! I caught it!"

"I caught it! હા તારા બાપનું કપાલ! મારો બાવો કરૂં, તું તો મનમાંજ અદરા ને મનમાંજ પરણ્યા કર, સમજ્યોની!" મોંઢે ડુચો મારેલો હોવાથી સેવકે મનમાંજ બડબડ કર્યા કીધી.

હીમલર તથા તેના ગોઠયાઓની ખુશાલી થોડાજ વખતની હતી, કારણકે તે map તપાસીને જોતાં માલમ પડયું કે, તે હીટલરનો ખોવાયલો map નહીં હતો, પણ હીંન્દુસ્તાનનો નકશો હતો, જેથી નાસીપાસ થઇ, લાલચોળ બની તેણે તે નકશો જમીન ઉપર ફેંકી, પગે પગે છુંદી પાછો પોતાના ખીસામાં સેરવી દીધો, અને પોતાની ભાશામાં કંઈ ખરાબ જાતની ચોપરી અને પછી હમો સર્વે જણને રૂડોલ્ફ સુધ્ધાંને માણુસો પાસે ધક્કા મરાવી, નીચે ઉભી રાખેલી એક મોટી મોટરવાનમા બેસાડી, જાણે હમો કોઇ મોટા ઉઠાવગીરો, યાતો કે ગુનેહગારો હોઇએ, તેમ આજુબાજુ હથયારબંધ પોલીસનો પાહરો રાખી, હીટલરની ચાનસેલરી તરફનો રસ્તો પકડયો.

હીટલરની ચાનસેલરીમાંબી હમોને બાંધેલે હાથે પગેજ લઇ જવામાં આવ્યા, કે જ્યાં એક ઓરડામાં હીટલર પોતાની કમ્મરની પાછલ બે હાથ જોડી, એક મેડ માણુસની માફક બકબક કરતો તથા હવામાં હાથ ઉડારતો, આમથી તેમ લટાર મારતો હતો, અને જેવા હમોને તેની આગળ હાજર કીધા, કે તુર્ત હમારા બાંધેલા હાથપગો છુટ્ટા કરવામાં આવ્યા, તથા મોઢાંમાંથી ડુચા પણ કાઢવામાં આવતાની સાથ હમોએ હાઇ હીટલર! કરીને તે મુજીને સલામી

આપી, કે તેણે હમોને સવાલ કીધો, "You young scoundrels and rogues, you know why I have called you here ?"

"No Sir ! We know nothing about anything Sir ! We are no rogues or thieves, Adolf ! ચોર તું ને તારો બાપ !" સેવકે ખુલાસો કીધો.

"Now listen, you rogues and rascals of the first water, you......" ગોએરીંગે ડોહવ્યું.

"I object, Your Excellency હેર ફ્યુરર, to the second and bad language used by Goering and if he utters that sweet and honey language again, we will take him to the High Court and get him sentenced for life. It is contempt of the court, you know." ફૂલીએ ભપકી કીધી.

"Shut up you fools !" ગોએરીંગે બરાડ મારી.

"ચુપ રાવ યુ જરમન ખુલ ! કરશું જલ્દીથી તારો ડબ્બો ગુલ !" સોલુએ ઉમેર્યું,

"You all of you are charged of robbing our ફ્યુરર of his private map, last night, at your place after inviting him to dinner ! Say, are you all guilty or not !" ગોએરીંગે સવાલ કીધો.

"Not guilty ! Not guilty !" મેં જવાબ આપ્યો.

"Right then ! If you will return the map immediately, I will by all means, મેજર માઇ ડીઅર, make you my successor and right-hand man, failing which, you all will be hanged !" હીટલર હમારા આંગ ઉપર ધસી જતાં બોલ્યો.

"અરે વારે ! હમેરા ગરીબ બચ્ચાંઓપર ઇટના બધા ભપકી અને હાટી કાયકુ કરતા છે ? અને તુમેરા નકસા લે કર, હમ લોક કયા કરેગાં ! કયા અચાર ભરેગા ! મંચા, એ મુવો કાતર્યું ગેપ કાહરનો 'મેપ' 'મેપ' કર્યા કરેછ, તે એને પેલો આપરો હીંન્દુસ્તાનનો મેપ જોંસની, કે જરા હપટ પડે ?" ફૂઇએ ધીરજ ખોહી દીધી.

એવામાં હીમલરે ખીસાંમાંથી, પેલો અમારો તફરાવેલો હીંન્દુસ્તાનનો નકશો કાઢી, હીટલરના હાથમાં મુકયો, કે તેણે પાછી બરાડ મારવા માંડી, "Oh ! Not this ! I want my own map !"

"દેખો બાવા એડોલ્ફ, મેહરબાની કર કર, અઇસા ઘેલા હાથીકા માફક બુમબરાડા મત મારો, મેરા બાવાજીકા સોગંદ ખા કર કેહતા છે કે, હમ લોકને લુચ્ચાઇ કીયા, પણ ચોરી તો નહીંજ કીયા. તુમેરા નકસા મંગતા, તો છાપેમેં ઇનામ જાહેર કરો, પીછી દેખો તુમકુ કઇસા નકસા મીલ જાતા! કાયકુ હમ ગરીબ લોકકુ સતાતા? ખુદા તારૂં કયા ભલુ કરેગા મરૂં!" ફુઇએ હીટલરનો બરડો પસવાડી, કાલાવાલા કીધા.

રૂડોલ્ફે પોતાની ભાશામાં તરજુમો કરી ફુઇ શું કેહતાંતાં, તે હીટલરને કહ્યું અને તે કમબખતને કંઇ ભેજામાં આવવાથી હમોને છોડી દેવાનો હુકમ કીધો, અને તેને મલી ભેટી હમો સીધ્ધા ઘર તરફ નીકલ્યાં.

ઘરે પોંહચતાની સાથ જોઉંછ તો British Embassy તરફથી એક કાસદ પેગામ લઇ આવ્યોતો કે, Ambassador સાહેબ કંઇ અગત્યના કામસર સેવકને રૂબરૂ 'Embassy' માં મલવા માંગતો હતો. આ ખબર સાંભળતાની સાથ સેવકના પેટમાં ફાળ પડી, કે રખે વરી કંઇ સનાનનાં સમાચાર હોય, પણ હીમ્મત છોડી, ધાસ્તી પકડી, Embassy તરફ રૂડોલ્ફને લઇને સેવકે ચાલતી પકડી, અને ત્યાં પહોંચતાની સાથ, Ambassador Mr. So and so એ મને સારો આવકાર આપ્યો, અને કેવી રીતે મેં પેલો નકશો મેલવ્યો હતો, તે માટે પુછપરછ કીધી, અને મારી આવી બહાદુરી માટે બરડો ઠોકી શાબાશી આપી અને England નો Prime Minister Mr. Winston Churchill મારી સાથે ટેલીફોન ઉપર વાત કરવા માંગતો હતો, એમ મને કહી સંભલાવ્યું.

આ ખબર સાંભલતાંજ સેવક મનમાં મલકાવા લાગ્યા કે, England નો Prime Minister જેવોબી સેવક સાથે વાત કરવા માંગે, એ કંઇ ઓછી મગરૂરીભર્યું કાર્ય કહેવાય!

Mr. Churchill સાથે ટેલીફોન જોડવામાં આવ્યો અને સેવકે નીચે મુજબ તેની સાથે ટેલીફોન ઉપર વાતચીત કીધી.

"હલ્વ! હલ્વ! This is Mr. વીનસ્ટન Churchill speaking! હલ્વ! Good evening, Major Mydear!" ચરચીલ બોલ્યો.

"હલ્લ ! યસ ! ગુડ evening Mr. Prime Minister, this is Major Mydear speaking, personally and privately." સેવકે જવાબ આપ્યો.

"My hearty congratulations, my boy, in getting that very useful map from that Herr Hitler. But how did you manage to get it ?"

"With the risk of my un-assured life Sir ! But I'm sure, it will help you a lot in future, and as a faithful subject of the British Empire and that too a Parsi, it is my duty to serve my dear King and the country loyally. Long live the British Empire and God save the King along with thy noble self. Amen !"

"Thank you, old boy, for your good wishes and in reward for your loyal service, I assure you, that whilst you return home, you will be invested with V.C., B.C., M.C.C., G.G.M.C., or whatever C.C.C. available at that time."

"Oh ! thank you, Mr. Prime Minister, but I think either Khan બાહદુર or ખાન સાહેબ will walk with me, O. K."

"Eh ! What did you say ?"

"I said very simple and short and want very little butterfication, like ખાનસાહેબ એન્ડ ખાનબાહદુર. Do you follow ?"

"O. K. My boy ! As I have some urgent meeting to attend, I will disconnect for the present. Give my lov to your Aunty. Au revoir !"

"Yes ! Yes ! I too, have to attend a very big funeral. Till then, Au revoir." એમ કહી મેં ટેલીફોન મુકી દીધે

પેલા એમબેસેડરનો ઉપકાર માની, તેને મલી ભેટી, કાંઇ પણ કા હોય તો જણાવવાને તેને કહી મુંકી, હું પાછો ઘરે ફરયો, અને પેલ એમબેસેડરને ઘરે શું બનાવ બન્યો હતો, તે ફુઇને કહી સંભલાવ્યો, કે ડાર

તો બધાં ખુશ ખુશ થઇ, મારા ઉપરથી બધાં ઓવરઈ પોવરઇ ગયાં. ' ઓ તારાપરથી બધી મરી જાંઉરે, મારા રાજવંશી દીકરા! તેં વડા પ્રધાન સાથે છેક વેગ્રાત વેર વાત કીધી ને તેબી વરી ટેલીફોન ઉપર! જીવતો રેહજે મરૂં ને ઘણું ઘણું સુખ જોજે અને ખાનસાહેબનો બીલ્લો છાટીએ લટકાવી, મોહલ્લે મોહલ્લે ફરજે, તથાસ્તુ! તથાસ્તુ!"

"છી પુ! આખ થુ! એવું શું બોલોછ પુઇ! એમ કહો કે સરના બેરામજી કે સરના જમશેદજી જેવો માનચાંદ પામજે, ખાનસાહેબને ખાન-બાહદુર શું બરયુંછ," સેવકે ડફાંસ મારી.

પ્રકરણ ૧૦મું.

હીટલરે પોલેન્ડ સામે જાહેર કીધેલી લડાઇ.

એવામાં એકાએક પોતાના અગાઉથી ગોઠવાયલા પ્લાન મુજબ, પેલા ભેજાંફાટેલ એડોલ્ફ હીટલરે, પાહોમ Poland ઉપર ધસી જઇ, તેની સામે લડાઇ જાહેર કીધી, અને આખા જરમનીમાં ૨૦ થી ૪૦ વરસના દરેક આસામીને (મરદ) પોતાના નામો નાટઝી પાર્ટીના વડા મથક ઉપર register ફરજ્યાત કરવાનો ઢંઢેરો બ્હાર પાડયો અને સાથે સાથે દરેક દેશી કે પરદેશીને ફરજ્યાત training લઈ, લશ્કરમાં જોડાવાનું ફરમાન પણ બાહર પાડયું. આ મોતના સમાચાર સાંભલતાં ફ્લી બરબડયો, "મંચા દીકરા, આવી બન્યું, અંતેબી આપરૂં આવી બન્યું! હવે આપરી પેલી દુકાનનું શું થશે, અને ધંધો આપરે કેમ કરી શકશું?"

હમો બ્રીટીશ subject હોવાથી હમારે ફરજ્યાત લડાઇ ઉપર જવું, યાતો "Concentration Camp" માં પુરાવું, એવાં હીટલર તરફથી થયલાં ફરમાનને આધારે હમારે શું કરવું તે માટે ઉંડા વિચારમાં પડયાં, અને મત લેતાં હું તથા સોલુ લશ્કરમાં જોડાવા તૈયાર થયા. ફ્લી તથા જીવણો હરામખોર તથા આલસુ હોવાથી, હરામનું ખાવા "Concentration Camp" માં જવા તૈયાર થયા, અને પુઇજી neutral રહ્યાં, અને તે મુજબ સોલુ અને હું કરીને લશ્કરમાં જોડાયા, ફ્લુને અને જીવણાંને 'Concentration Camp' માં

પુરયા, અને ફુઇ તરફ હીટલરની લાગણી હોવાથી, એ બીચારૂં મુગું જાનવર શું નુકસાન કરી શકશે, એમ ધારી તેવણુને છુટા રાખવામાં આવ્યાં અને ડોસાંએ તો ઘરેજ એકલાં ગગરી રેહવામાં દુરસ્ત ધાર્યું.

England એબી તુર્ત જરમની સામે war ડીકલેર કીધી, અને ત્રણ દિવસમાં તો હીટલર આખું Poland હાઉ કરી ગયો, અને તેનું નામ બદલીને પાયધુની રાખ્યું, અને ધમધોકાર આગલ વધતોજ ગયો.

બે મહીનાનું ટ્રેનીંગ લઈ સોલુ તથા સેવક શીખી કેળવાઇને કંદ થઇ ગયા, અને જરમન મીલીટરી રીતે goose-steps માં ચાલતાં ચાલતાં જેવા હમો ફુઇને ઘરે મલવા ગયા, કે ડોસાં ગભરાઇને બોલ્યાં, "મરે દીકરા, એ તમો લોકોને એકાએક શું થયું? એમ પગે લકવો થયો હોય, અથવા તો અરી ગયા હોય, તેમ શું ચાલોછો! હું તો બધી ગભરઇ ગભરઈ જાંઉછો! હા, ખરા, પણ આપરા બીચારા ફલી તથા જીવણો કેમ હોશે, ને શું કરતા હોશે? રખેને બીચારાઓને ખલાસ કરી નાંખ્યા હોય! એ મુવા કસઇઓનો ભરોસો શું!"

"હારે ફુઇજી માય, એ "Concentration Camp" એટલે એમજ સમજો કે નરૂં દોજખખાનું. ત્યાં કંઇ એસઆરામ લેવાનું નથી, પણ અંદર પુરેલા આદમીઓ પાસે ખાઇઓ ખોદાવે, પથરાઓ ફોડાવે, રસ્તાઓ ખોદાવે, તથા બીજા ઘણા માહભારત કામ કરાવેછ, અને જો કોઈ પણ આદમી તેમ કરવા ના પાડે તો તેને ચાબક ચાબકે મારી તેના ચામરાં ઉતારી કાઢે, નહીંતો કે ત્યાંનો ત્યાંજ તેને ઠાર કરી નાંખે." મેં ફુઇને સમજાવ્યું.

"મરે બલા જાણેરે! બીચારાં મારાં બચ્ચાંઓ કેવાં હાડમાર થતાં હોશે જો? પણ એ મુવા કસઇઓને કોઇ પુછે? ખરેખર માય, એ લોકો આદમીઓ નથી, પણ એ મુવા જરમનો જાનવરો છે, જાનવરો!! શું એ લોકને ખુદાનોબી ડર નહીં હોશે? એવા ઘાટકી આદમીઓના રાજમાં જીવેલા કરતા મુવેલાજ સારાં!" ફુઇએ પોતાનો અભીપ્રાય દરશાવ્યો.

ચેકોસ્લવાકીયા, હોલેંન્ડ, ડેનમાર્ક, (જેનું પછીથી એ લોકે દમણ નામ પાડયું) થોડા દિવસમાંજ જરમનો હાઉ કરી ગયા, અને સાથે હમારી ક્યુરોસની દુકાન પણ માલ મતા સાથે હાઉ કરી નાંખી, અને ફલી તથા જીવણાંએ મારી માંગી લસ્કરમાં જોડાવાની ખાત્રી આપવાથી, તે લોકને છુટા કરતાંની સાથ તેઓ ઘરે આવી પ્હોંચ્યાં અને એ લોક ઉપર કેવી કેવી જાતના જુલ્મો પાડયા હતા, તે કહી સંભલાવ્યું.

સેવકે pilot તરીકેનું 'બી' લેસન લેવા માંડયુ અને ઉંચે હવામાંથી પેરેશુટ સાથે જમીન ઉપર કેમ કુદકો મારવો તે દેખાડવા, એક દિવસ જ્યારે હમો તેની practice કરતા હતા, ત્યાં પુઇને લઇ ગયો અને તે દેખાવ જોતાં પુઈ અર્ધાં બેશુધ થઇ ગયાં, "મરેરે! મરેરે! કાંહ જાઉં! એ નાતરેગીઓ મંચો શું કેહવા માંગેછ? હરવાયો એમ ઉંચે હવામાંથી ખુલ્લી છત્રી સાથે કુદકા મારેછ, તે જમીન ઉપર પડતાં કોઇ ભુરાંના હાડકાં પાંસરાં ભાંગીને ચુરેચુરા થઇ જશે, તેનું એને ભાન છે કે? એ મુવાઓતો નાલ્લેથી કુદકા ભુસ્કા મારીનેજ મોટા થયલા, તે એ લોકને કંઇ વાગે બાગે નહીં, પણ સાથે સાથે મંચો કાંય પોતાના વરસ વેચેછ? ફ્લી બાવા, તું તો કંઇ એને સમજાવ!"

તેટલાંજ સેવકે પુઇ આગલ આવી એવણુની ખાત્રી કીધી કે, સેવકને જરાપણ ઇજા થઇ હતી નહીં, તેથી પુઇ બોલ્યાં, "મરે કેવું અજબ જેવું. આટલી ઉંચાઇએથી પડતા છતાં, એક હાડકુંબી ભાંગુ નહી. લાવની મરૂં ઘેરે જઇનિ છત્રી સાથે, હુંબી બારીએથી નખાવી દેઉં, ને જોઉંકે મનેબી લાગેછ કે નહી?"

મેં જોયું કે રખે પુઇ ઘરે જઇ એવી આસનાઇ કરે, તેથી એવણુને સમજાવીને કહ્યું, "પુઇમાંય, એતો સઉનાં કામ સઉજ કરે. એમાંબી એક જાતનો હુન્નર છે! તમે કંઇ એવું કરતાં નાં, નહીતો હાંડકાં પાસરાં ભાંગી જશે જો!"

ફ્લી તથા જીવણોબી કમપલસરી ટ્રેનીંગ લઇ તૈયાર થઇ ઉભા અને તે લોકને સોલુ સાથે front ઉપર મોકલવામાં આવ્યા, જ્યારે સેવકને હીટલરના Body-guard તરીકે ત્યાંજ રાખવામાં આવ્યો. નોર્વે, સ્વીડન, ફ્રાંન્સ, બેલજીયમ બી બધાં સપાટાબંધ હીટલરના કબજામાં આવી લાગ્યાં અને અમેરીકાએબી જરમની તથા જાપાન સામે લડાઇ જાહેર કીધી.

ફ્લી, સોલુ તથા જીવણુંએ મીલીટ્રરી ટ્રેનીંગ લઇ શીખી કેલવઇને કંદ થયલા હોવાથી, તે લોકને front ઉપર લડવા મોકલી આપવામાં આવ્યા અને આવી રીતે તે લોકની મરજી વીરૂધ, તે લોકનો લટકો ફટકો કરી નાંખવામાં આવ્યો, અને હમો લોકથી છુટાં પડતાં તે લોકે બોર બોર જેવાં આંસુઓ પાડયાં, "ઓ પુઇજી માંય! એમ માયા લગારી તમારેથી છુટાં પડતાં મારા કલેજાં કપાઈ તથા આતરડાં છુટાં છુટાં થઈ જાયછ, પણ હમો લોકો જીવતા

પાછા ફરશું કે! ને ફુઇજી, પીલઇને લખજો કે, તારો એક પુરો ફલી, તુટેલા જીગરે પેલા ચંડાલોના હાથે જંગના મેદાનમાં કપાવા ગયોછ, અને તેટલાં જો તુંને કંઇ Chance મલે તો જરૂર પાછી પરણી બેસજે. હાયરે ફુઇજી! હાય! હાય!—

જો જીવશું તો મલશું તમારે ઘરબાર,
નહીંતો કે મલશું ખુદાને દરબાર."

ફલીએ બલાપો કીધો.

આખરે ફલી, સોલુ તથા જીવણુંને front ઉપર લડવા મોકલવામાં આવ્યા, અને ઇટલીએબી હરામનો લુમકો ખાવા, જરમની સાથે જોડાઇ, ઇંગલંડ, અમેરીકા સામે લડાઇ જાહેર કીધી, કે ફુઇએ પોતાનું સુફયાણું ભાસણ ચલાવ્યું, "મરે એ મુવાઓને કોઇ પુછે? એમ જરા જરામાં એકમેક લડઇ કપઇ કાંય મરતાં હોશે, અને એ મુવા ગોરાઓ લરી મરે, તેમાં આપરા બીચારા ગરીબ પોરયાઓ ફલી, સોલુને કાંય કપઇ મરવા મોકલ્યા? જાણે આપરા પારસીઓ ઓછા માંહે માંહે લડી મરેછ? હોસે બા, એમાં આપરે નાદાનો શું સમજ્યે?" ને એમ પુછું મંચા, એ ભરતેગીઆ ઇટલીના મુસાને એવું શું સુજ પડયું કે, તે હીટલર તરફથી લડવા નીકળ્યો! એ બેઉ ઉસા મુસાનું કોણ જાણે ખુદા શું ભલું કરશે! એતો પેલા કહે તેમ, જે કરશે તે ભરસે! તેમાં આપુને શું?"

જેમ દીવસો જતા ગયા તેમ તેમ હીટલર બધા દેશો જીતતો ગયો, મુસોલીનીબી લગભગ આખું આફ્રીકા જીતવાની અણી ઉપર આવી ગયો. જરમનીમાં વસ્તા સઘલા લોકોને Air-Raidની વખતે કેમ shelterમાં ભરાઇ જવું, ગેસ-માસ્ક કેમ વાપડવો, તથા બીજા જરૂરી ઉપાયો કેમ લેવા તે માટે સંપુર્ણ તાલીમ આપવામાં આવી હતી, અને તે મુજબ લોકો વર્તતા હતાં, અને ખુદ હવે બર્લીન ઉપર R. A. F. નાં Bombers ઓએ ચાલુ આવી હુમલા કરવાનું શરૂ કીધું, અને વારે ઘડીયે ફુઇને Air-Raid shelter માં જવું પડવાથી બબડવા લાગયાં, 'મરેરે મુવા જરમન લોકોબી અજબ જાતનાં આદમીઓ છે. એકબાજુથી દુશમનો બોમ્બનો વરસાદ વરસાવે છે, ને બીજી બાજુથી મુવાં લોકો shelter ની અંદર ભરઇ, નાચી કુદી ગાઇ વજાડી પોતાનો વખત ગુજારે છે! બરયારે એ લોકના સકાર! મુવાંઓતો કોઈ જબરાં નફટો છે જો!"

યુગોસ્લાવીઆ, રૂમાનીઆ, બલગેરીઆબી થોડા વખતમાં સફ્ફાચટ થઈ ગયાં, અને હવે ઇંગલંડની વારી આવેલી દીસતી હતી. જરમન હવાઇ કાફ્લાએ ચાલુ England ઉપર attack લઇ જઇ, તેના કડકા બુકલા કરી નાંખ્યા, તેજ મુજબ R. A. F.ના વીમાનોબી ચાલુ જરમની ઉપર, જબરદસ્ત નુકસાન પહોંચાડીને પાછાં ફરતાં. એવો નાસોગોસો ચાલુ ખેલાયાજ કરતો, અને એક વખત તો હુમલામાં સપડાતાં, હમારાં મકાનનેબી પુશ્કલ નુકસાન પ્હોંચ્યું, અને કોઇબી ચીજ ઘરમાંથી સલામત રહી હોય, તો ફુઇજીનો તરાનો બાટલો! જેથી ફુઇ મગરૂરી લઇ બોલ્યાં; "જોયું કે દીકરા, જ્યાં ખુદરતનો હાથ હોય, ત્યાં કોઈ મુજી સેતાનબી કંઇ કરી શકતો નથી! તેથી હું તુને રોજે રોજ કેહુંછ કે, ગેહે ગેહે ભણો, ખુદાને યાદ કરો, તો પણ તમો નાહાનો સમજો ત્યારે કેની? વેકતો જોઉ, અબઘડી આય બાટલીમાંથી થોડો તરો લઇ કસ્તી પાયજા કરી, ખુદાને યાદ કરવા મંડી જાતો જોઉ!"

ખરૂં કહુંછું કે જેટલો હું દુઃશમનનાં બોમ્બમારાથી નથી બીહતો, તેટલોજ ફુઇજીના ચાલુ ધડાકાથી બીહતો આવયો છું અને હજુબી બીહું છું. એવણુ એક સોપરાનો voice માં એવી તો બરાડ મારે કે, જાણે આખો મોહલ્લો ગાજી રહે, રસ્તાનાં કુતરાંઓ ભોંસવા મંડી જાય, માલામાં ઈંડા મુકતાં પક્ષીઓ ધ્રુજવા મંડી જાય અને ઘરના નોકરો 'મટારી એરી જાલી' કરીને ગભરાટમાં ઘરમાંથી નાહસ્વા લાગે, આય એમ છે!

જેમ જેમ જરમની જીતતું ગયું. તેમ તેમ લોકોમાંબી ઉત્સાહ વધતો ગયો અને રસ્તે સીડીએબી લોકો બસ લડાઇ સીવાય બીજી કોઇ વાતજ નહીં કરતાં. વખતના વહેવા સાથે હીટલર મારી સાથે ઘણો પલોટાઈ ગયો અને કોઇ કોઇ વખતતો મને બધી લડાઇની ખાનગી વાતો પણ કેહતો, જે, મેં એને બીલકુલ ખાનગી રાખવાનું વચન પણ આપેલું, તે છતાં હું ગુપચુપ રૂડોલ્ફની મારફતે બ્રીટીશ Embassy ને પુગાડતો, જેમ કરતાં ખચ્ચીતજ હું વીશ્વાસનો ભંગ કરતો હતો. ખરેખર પેલા કહે તેમ, 'પારસી તને ફરી જતાં વાર શી!' તે મારી બાબદમાં બીલકુલ ખરૂં પડયું.

હમારૂં ઘર હવાઈ હુમલાથી તારાજ થયલું હોવાથી, રૂડોલ્ફનાં કોઇ સગાં, કે જે લોકો નજદીકમાં રહેતાં હતાં, ત્યાં ફુઇએ ઉતારો લીધો, અને અવારનવાર હું ત્યાં જઇને ફુઇને મલતો. ફ્લી, સોલુ તથા જીવણો, બધા લડાઇના મેદાનમાં ઘાયલ થયલા હોવાથી, ત્યાં આવી પ્હોંચ્યા. ફ્લીનો આખ્ખો

જમણો હાથ was not થઈ ગયલો, સોલુનો ડાબો પગ કપાઇ ગયલો, તેમજ જીવણુાને માથે ગોલી લાગવાથી પાટા બાંધેલા હતા, જે દેખાવ જોતાં ફુઇ બોલ્યાં, " ફલી બાવા, તારા જમણા હાથને શું થયું ? કોણુ મુવો ભસ્તેગીઓ ચોરી ગીયો ! મરે બલા જાણેરે કોઇ ભુંરાને કેવું દુ:ખ થતું હોશે જો ! "

" શું કરશું ફુઇજી ! જેવાં મારાં ફુટેલાં તુટેલાં નસીબ ! કોઇ કમબખતે સીધ્ધી હાથમાં ગોલી મારી તે સાંધામાંથી હાથ ઉડીને ૧૦૦ વાર જેટલો દુર પડયો. હવે હું એક હાથે, મોઢું હાથ કેમ ધોવસ, ને દાઢીબી કેમ બોરસ ! " ફલી બોલ્યો.

"કંઇ નહીં મરૂં, ફીકર ના કર, તારી પીલઇ કેવી છે ! એ મુંઇ ચોટલા બરી આખા દાહડા સાલ્લો પેહરીને બ્હાર ભટકતી'તી, તે હવે ઠોકરઇને ઘેરમાં ગગરસે. પણ એ ભસ્તેગીઆ હીટલરનેબી કોઇ પુછે કરે ? બીચારા મારા ગરીબ ગાય બચ્ચાંઓને હાથ પગ વગરના કરી મુકયા, તેમાં એનો શું શુકરવાર વલવાનો છે ? એને કેહ કે કંઇ નહીં મુવા, જીવીને જોજે" ફુઇએ હીટલરને કદુવા દીધી.

સોલુબી પોતાના ભાંગેલા પગ માટે ફુઇ આગલ બળાપો કરવા લાગયો. કે ફુઇએ ઉપરથી તેને કહી સંભલાવ્યું, "એતો બાવા, તમે છતી બૈરીએ પારકાની બૈરીઓને સીનેમામાં લઇ જતા'તા તથા " C. C. I. "મા જઇ ડાન્સ કરતા'તા, તેનું આય પરીણુામ ! હવે કપાલે હાથ દઇ ફુઈ મરી ગઇ અને સાસુ રંડાઇ તેમ બરાપો કરવામાં શું ફાયદો છે ? હવે ગુપચુપ મુંગા ગગરી રહો, નહીં તો આબરૂમાં મોઢું જેવું ગાબરૂં પડશે, સમજ્યા કે ? "

હીટલરનુંબી ખુદા શું ભલું કરશે ! ફલી તથા સોલુ જો કે અપંગ બન્યા હતા, તોબી એ લોકને ફરજ્યાત કારખાનામાં કામ ઉપર જવું પડતું'તુ, જે ત્યાંનાં લોકો ઉપર હીટલર તરફથી કેવું ધાટકીપણું ગુજારવામાં આવતું હતુ, તેનો ખુલ્લો પુરાવો સાબીત કરી આપતું હતું. ચાલુ જરમની ઉપર થતા બોમ્બમારાથી લોકો કંટાલવા લાગતાં હતાં, અને ફુઇ તો રોજ સુતાં, ઉઠતાં હીટલરને નામની ચાલુ પતેત ભણુતાં હતાં, અને દુવા માંગતાં કે, ખુદાય ક્યારે છુટકો કરશે.

વરી કંઇ હીટલરના ભેજામાં પવન ભરાઇ આવવાથી એકાએક Russia સામે લડાઇ જાહેર કીધી, અને સારી દુન્યાને અજાયબીથી ગરકાવ કરી

મુકી, અને હવે એ હદ કરી રહયો છે, એમ કેટલાક જરમન લસ્કરી મોટા અમલદારોનું મત હતું. લડાઇના ધડકધુજારા તથા મુસ્કેલીઓથી હમો એટલા તો બેજાર થઇ ગયા હતા કે, જ્યારે હમો સર્વે સાથે મલતા, ત્યારે હંમેશ કેવી રીતે જર્મનીમાથી નાહસી છુટવું, તે માટે કાંઇ પણ ઉપાય શોધી કાઢવા માટે, ધર્તીને આસમાન એક કરી મુકતા.

તેવામાં એક દિવસે, R. A. F. Bombers ઓએ જરમની ઉપર, જબરદસ્ત હુમલો કીધો, અને જાનમાલને પણ પુશકલ નુકસાન પુગાડયું, અને જગે જગથી anti-aircraft guns ઓના આવતા મારાને લઇને R. A. F. ના fighters ઓ તેમજ Bombers ઓનેબી ઘણું નુકસાન પુગ્યું, તેમાંના એક fighter ને સીધ્ધી anti-aircraft gun લાગતાં, તે હવામાંજ સલગી ઉઠતાં, તેના pilot એ, પેરેસુટની મદદથી કુદકો માર્યો, અને લાગલો તે મકાન, કે જ્યાં હમોએ ઉતારો લીધો હતો, તેના છાપડાં ઉપર આવી પડયો, અને સખ્ખત રીતે ઘાયલ થયો, જેને હમો લોકો ઘેરમાં લાવી, સારવાર કરી નીચે લઇ જઇ, ભોંયરામાં રાખ્યો, કારણકે જો જરમનોને એ બાબદસર ખબર પડે તો, તે બીચારાને તુર્ત કેદી તરીકે પકડી લઇ કેદમાં પુરે, તેથી તેને હમોએ કપડાં સુધ્ધાં બદલાવી નાંખી, જરમન pilot નો uniform પહેરાવયો અને જ્યારે તે પુર શુધ્ધીમાં આવયો, ત્યારે કાંહથી આવ્યો હતો, તથા બીજા દેશોને જરમન લોકોએ કેવી રીતે તારાજ કીધાં હતાં, તે વીગતવારે હમોને કહી સંભલાવ્યું, જે સાંભલતાં ખચ્ચીતજ હમારા છાતીનાં પાટયાં બેસી ગયાં, અને હીટલર તથા તેના ગોઠયાઓ કેવા કમજાત તથા ધાટકીઓ હતા, તેનો હમોને ખ્યાલ આવવા લાગયો, અને હમારોબી કેવો અંજામ આવશે, તે માટે ફીકર પડી.

એડોલ્ફ હીટલરની ચાનસેલરીનો chart મને સોંપવામાં આવયો, અને તેની દરેક છુપી હીલચાલની સઘલી બાતમીથી હું ચાલુ માહીતગાર રહેતો, તેમજ તે ખબર હું British તથા અમેરીકન spies ઓને આપતો. જેવો પેલો R. A. F. નો બ્રીટીશ pilot ફરતો હરતો થયો, ત્યારે હમોએ તેને કોઇબી હીસાબે ને જોખમે, હમોને જરમનીમાંથી નહસાડી લઇ જવાનાં કામમાં મદદ કરવા કહયું, ત્યારે તેણે હમોને એક ઉપાય સુચવ્યો કે, હમારે કંઇબી કરીને એકાદ એરોપ્લેન કેઠેથીબી કબજે કરવું, અને તેણે પોતે તે pilot કરીને હમોને પાછા હમારે દેશ લઇ જવાને કબુલાત આપી, જે કામ ખચ્ચીતજ impossible and ભારે જોખમભર્યું હતું, અને તે પણ સફલ ઉતારવા માટે રૂડોલ્ફે બીડું ઝડપયું.

હમારા ઘેરની નજદીકમાંજ એક એરોડ્રોમ હતું, કે જ્યાં રૂડોલ્ફનો એક સગો Ground Engineer તરીકે કામ કરતો હતો. તેને રૂડોલ્ફે હાથમાં લીધો, અને એક દિવસ જ્યારે તે એરોડ્રોમના સર્વે pilot ઓ પોતાના વિમાનો લઇ England ઉપર હુમલો કરવાને બહાર પડયા, ત્યારે તે તકનો લાભ લઇ ત્યાં રહેલા એકાદ પલેનમાં નાહસી જવાનો અમોએ આગલથી પલાન રચ્યા મુજબ, તે રાતના હમો એકએક પછી એકએક ઘેરમાંથી સટકી જઇ, તે એરોડ્રોમ ઉપર ભેગા થયાં, અને રાતના અંધારાનો લાભ લઇ, ત્યાં ઉભાં રહેલાં વીમાનમાં બેસી ગયા, અને પેલા R. A. F. ના ઓફીસરે તે pilot કીધું, અને હમારી નાહસભાગની કાંઇ પણ ખબર નહીં પડે કરીને હમોએ જબરીથી રૂડોલ્ફનેબી અમારી સાથે બેસાડી દીધો, અને એવી રીતે હમોએ જરમનીમાંથી છટકી જવાની શરૂઆત કીધી.

હીટલરની ચાનસેલરીમાંથી સેવક ગેપ થયલા હોવાથી, તેમજ પ્રુઇજી સોલુ, ફલી, તથા રૂડોલ્ફ પણ ત્યાંથી અલોપ થઇ ગયલા હોવાથી આખાં જરમનીમાં અમારે માટે જબરી શોધખોલ થવા લાગી, તેમજ wirelessથી અમારી ધરપકડ કરવા માટે messages ઓ પણ છોડવામાં આવ્યા, પણ અમારો પત્તો કયા ચુલામાંથી લાગે ! તેટલાં તો હમો Atlantic Ocean ઉપરથી હવામાં પસાર થવા લાંગ્યા, અને ત્યાંથી પસાર થતાં એક British Convoyએ, હમારા વીમાનને જરમન વીમાન સમજી, તોપ મારો શરૂ કીધો, અને એક ગોલો સીધ્ધો અમારા વીમાનને લાગતાં, તે હવામાં સલગી ઉઠયું, અને પેરેશુટની મદદથી પ્રુઇને કેડપર મારી, અમે નીચે દરયામાં હોમાવ્યું, તેજ મુજબ પેરેશુટની મદદથી પેલા ઓફીસરે, એક બગલમાં ફલીને, તેમજ બીજી બગલમાં સોલીને મારી, નીચે કુદકો માર્યો, અને બીચારા રૂડોલ્ફને ફાલે એકબી પેરેશુટ નહીં આવવાથી, તેણે એમનો એમ સીધ્ધો દરીયામાં કુદકો મારતાં, ત્યાંનો ત્યાંજ ડુબી મુવો.

તુર્તજ હમારી મદદે life boatsઓ મોકલવામાં આવી અને હમો સર્વ જણને ઉંચકી ઉપાડી, બોટમાં બેસાડવામાં આવ્યા, અને તે લોકને અજાયબી વચ્ચે માલમ પડયું કે, હમો જરમનો નહીં હતાં, પણ ખુદ બ્રીટીશ subjects ઓ હતા, અને એકાદ Battle-ship ઉપર લઇ જઇ અમારી ઘણી સારવાર કરવામાં આવી, અને હમો શા કારણુસર જરમની ગયા હતા, તથા ત્યાંથી કેવી રીતે નાહસી છુટાં, તે બધું જાણી કરી હમારી આવી બહાદુરી તથા બાકટ સાહસ (ને તેબી આવા કઢંગા સંજોગો વચ્ચે થયલા હોવાથી) માટે

હમોને ઘણી શાબાશી આપી અને હમો હીંન્દુસ્તાન તરફ રવાના થતા હોવાથી, તે તરફ જતી એકાદ બોટમાં હમોને transfer કરવામાં આવ્યા, અને છુટા પડતી વખતે, પેલા R. A. F. ના pilotનો આભાર માનતાં ફુઇ બોલ્યાં, "થેંક્યું બાવા, તુમારા બોટ બોટ થેંકસ માનતા! લડાઈ પછી જરૂર હમારા ઘરકુ આકર હમ લોકકુ જરૂર મીલના, હમ લોક બોટ બોટ ખુશી હોએગા!" અને પછી હમો તરફ ફરી કંઇ બબડયાં, "જોવરે છોકરાઓ, રોજ રાતનાં તંનદરોસ્તી ભણતી વખતે બેહસ્તી રૂડોલ્ફ તથા આય ઓફીસર John નું નામ જરૂર લેજો. ખરૂં પુછતાં તો એ બેઉ જણે આપરી જીંદગી બચાવીછ. ખુદા એ લોકનાં રૂહને અમ્મર શાંતી બક્ષો! આમીન! આમીન!

દરીયો દોહવતાં દોહવતાં ફુઇએ બી અસલ રીત પ્રમાણે ડોહવ્યાજ કીધું. "ખરેખર મંચા, આપરો બીચારો ફુલ્યું એડોલ્ફ શું કરતો હોશે? આપરા વગર તો બીચારો સુકઈ ગીયો હોશે અને આપરી સોધમાં ને સોધમાં ઘેલો દીવાનો થઇ ગીયો હોશે! ગરીબ બીચારો લુચ્ચો ચોર! ને એ મુવો મારા ઉપર કેવો લટ્ટુજી થઇ ગયો તો! મુવો તો મનમાં મલીદા ખાતો'તો કે, હું એની સાથે પ્યારમાં પડી, પરણી જવસ! અને મેંબી કેવો રીબાવ્યો અને કેવો બનાવ્યો! એનું નામ તે ભેજું!" ને પછી મારા તરફ ફરી બોલ્યાં, "મંચા, હવે ફરીથી મારી આગલ જરમનીનું નામ ના દેતો! અરે જરમની તો શું, પણ હું પુના કે થાણાંબી મરતાં નથી જવાની! બસ ડુંગરવાડી સીવાય હું ઘેરમાંથી કેઠેબી સસરવાની નથી. અને બીચારો આપરો રૂડોલ્ફ! બીચારો માંછલાઓને હાથે ખવઇ કરઈ ને ખલાસબી થઈ ગીયો હોશે! બ્હેસ્તરે મારાને!"

એમ કરતાં કરતાં હમો કરાંચી આવી પુગ્યાં, અને ત્યાંથી હમોને એક transport વીમાનમાં મુંબઇ તરફ રવાના કરવામાં આવ્યા, અને જોતજોતામાં હમો મુંબઇનાં જુહુ એરોડ્રોમ, કે જ્યાંથી હમો ઉપડયાં હતાં, ત્યાં આખરે આવી પુગયાં, અને મોટરગાડીઓ કરી સરસામાન સાથે હમારા ઘર તરફનો રસ્તો લીધો.

હમારી આવી રીતે ઘેર નહીં ધારેલી અચબુચ પધરામણી થયલી હોવાથી, મારી કુંવર તો હમોને જોતાંની સાથ લગભગ હરખમાં ઘેલી દીવાની થઇ ગઇ. "કેમરે મંચેરશાહ, કહયા પુછયા વગર કોણુની રજાથી પાછા, જીવતા આયા? તમો જીમરૂને ઘણે વખતે જીવતા જાગતા પાછા મલવાથી મને બસ ઘણું હેત છુટેજ, બસ ઘણું હેત છુટેજ!" એમ બોલતાં excitementમાં મને એક બાચકું ભરી દીધું, અને ફુઇને ભેટતાં હરખના આંસુઓ પાડયાં.

સારે નસીબે ફૂલીની બૈરી પીલઈબી ત્યાંજ હતી, અને ફૂલી ઉપર નજર પડતાં બોલી, "કેમરે ફરામરોઝ, એ તમારા જમણા હાથને કાંહ મુકી આયા! હંમેશની તમારી બુરી આદત પ્રમાણે વરી કોઈ પોટ્ટીની પુઠે દોડયા હોશો? અને સોરાબજી બા, તમારા પગને શું થયું? એ લુલા લંગડાની ઈસ્પીટાલ કાંહથી અહીં આવી?"

"અરે એતો બીચારાઓ લડાઈના મેદાનમાં ધાયલ થયા! દુવા માંગ કે એટલાબી જીવતા પાછા ફર્યા," ફુઇએ તાપસી પુરી.

"એ લોકો લડાઈના મેદાનમાં જાય! ફુઇજી માય તમો હસાવોછ શું? એક ફટાકડો ફુટતાં તથા એક કસારી જોઇને એ લોકો ગભરાય, તે લડાઈના મેદાનમાં તે શું જઇ મરતાતા?" પીલઇએ ડોહવ્યું.

હમારી પધરામણીની ખબર છાપાઓમાં આવતાં બધાંએ હમોને મલવા તથા મુબારકબાદી આપવા, ઘરે આવી કંટાલો આપવા લાગ્યાં. કુંવર જો મુંગી રહે તો એના બાપના સમ! એની રીત પ્રમાણે ચલાવ્યું. "કેમ મંચેરશાંહ, હવે તમારો જીવ ધરાયો કે? પેલા કહે તેમ 'વારેલા નહીં વરે, પણ હારેલા વરે.' તેમ હવે તમે ઠેકાણે આવ્યા કે? તમે હવે વેપાર ધંધા કીધા. મારૂં માનોતો આબરૂ ઇજ્જતમાં જેમના તેમ અને જહાં છેઓ તાંહ ગગરી રેહવ, સમજ્યા કે!"

"હારે માંય તારૂં કેહવું બીલકુલ ખરૂં છે. મુઇ મરે હું! કાંહને કાંહ એ નાદાન દુકતાઓની સુજે ચાલી, મારા સુખી જીવને સંતાપમાં નાંખ્યો. હવે મરતાંબી હું કેઠેબી સસરવાની નથી," ફુઇએ કુંવરના બોલવાને ટેકો આપ્યો.

ચર્ચીલે મને ટેલીફોન ઉપર આપેલા કોલ મુજબ, શેહનશાહની વરસગાંથને દિવસે, હમારા ઉપર ખેતાબોની નવાજેશ કરત્રામા આવી. સેવકને ખાનબાહદુર બનાવવામાં આવ્યા. ફૂલીને ખાનસાહેબ, સોલુને G. G. M. C. જીવણુંને રાવસાહેબ અને ફુઇને કયસરે હીંદનો પેહલા વર્ગનો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો, જે જોઇ મલકાતાં સેવક બોલ્યા, "જોયું! હાડમાર થયા તો થયા, પણ છેવટે ખેતાબો તો મલ્યા! પેલા કહે તેમ ગયા તવડી ને આયા રવડી!

તમામ સુદ્ધ બંદા બેસુદ્ધ.

...THE END...

હીટલર સાથે મુલાકાત!



લખનાર :- મીનુ હૉ. નરીમાન